અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : 22 ઓગસ્ટ 2026 શનિવાર | વર્ષ : 18 | તંત્રી: પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. 2.00
વિક્રમ સંવત 2082, શ્રાવણ સુદ -10 | અંક : 53 | અમદાવાદ | પાના : 8

» ઓફિસ : 315, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - 380015. » ટેલિફોન : 079-26765733 » E-Mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com » RNI Reg. No. GUJGUJ/2009/28886



3 
મેડિકલ તપાસ બાદ ઈમરાન ખાનને ફરી અડિયાલા જેલ મોકલાયા, સારવાર અને કોર્ટના આદેશને લઈને પાકિસ્તાનમાં....

4 
ચોમાસું સત્ર નિષ્ફળ : હોબાળા, વિરોધ વચ્ચે લોકશાહીના લીરેલીરા ઉડે છે!

6 
'હિન્દુ-મુસ્લિમ માનસિકતામાંથી બહાર નીકળો': વંદે માતરમ્ પર શર્મિલા ટાગોરના નિવેદન પર....

7 
ઈન્ડિગો વેબસાઈટ અઠવાડિયામાં બીજી વખત ઠપ, ટિકિટ બુકિંગ અટક્યું: લોકો વેબ ચેક-ઈન કરી શકતા નથી, એપ....


# દિલ્હીમાં સ્વાઈન ફ્લૂના 1,777 કેસ, નડ્ડાએ બેઠક બોલાવી

## ઘણા ડોકટરો પણ ઝપેટમાં, MPમાં મહિલાનું મોત, સ્વાઈન ફ્લૂથી આ સિઝનનું પહેલું મોત

**નવી દિલ્હી, તા.21**

દિલ્હીમાં બદલાતા હવામાન વચ્ચે H1N1 એટલે કે સ્વાઈન ફ્લૂના કેસો ઝડપથી વધી રહ્યા છે. આ સાથે જ અન્ય શ્વસન સંક્રમણના દર્દીઓ પણ હોસ્પિટલોમાં પહોંચી રહ્યા છે. ઘણા ડોકટરો અને દિલ્હીની એક સરકારી હોસ્પિટલના વડા પણ H1N1 પોઝિટિવ હોવાનું જાણવા મળ્યું છે.

દિલ્હી સરકારે જણાવ્યું છે કે H1N1ના કુલ 1,777 કેસ સામે આવ્યા છે, જ્યારે બુધવારે જ 114 નવા કેસ નોંધાયા છે.



મધ્ય પ્રદેશના ઈન્દોરમાં સ્વાઈન ફ્લૂથી એક વૃદ્ધ મહિલાનું મોત થયું છે. મેડિકલ રિપોર્ટમાં સ્વાઈન ફ્લૂ સંક્રમણની પુષ્ટિ થઈ છે. મહિલાને કોઈ બીજી બીમારી નહોતી. મૃતકની ઓળખ સરોજ નાગર (60) તરીકે થઈ છે.

સ્વાસ્થ્ય વિભાગ મુજબ, તપાસ રિપોર્ટમાં સંક્રમણની પુષ્ટિ થઈ છે. તેને મધ્ય પ્રદેશમાં સ્વાઈન ફ્લૂથી આ સિઝનનું પહેલું મોત ગણાવવામાં આવી રહ્યું છે.

દિલ્હીમાં H1N1 (સ્વાઈન ફ્લૂ) ના વધતા કેસો વચ્ચે કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રી જેપી નડ્ડા શુક્રવારે રાજધાનીની સ્થિતિની સમીક્ષા કરશે. બેઠકમાં દિલ્હીના સ્વાસ્થ્ય મંત્રી, કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલય અને દિલ્હી સરકારના ઉચ્ચ અધિકારીઓ સામેલ થશે.

તેમાં H1N1ની વર્તમાન સ્થિતિ, હોસ્પિટલોની તૈયારી, તપાસ અને સારવારની સુવિધાઓ સાથે બીમારીને રોકવા માટે લેવામાં આવી રહેલા પગલાંની સમીક્ષા કરવામાં આવશે.

મિઝોરમના મામિત જિલ્લામાં 5 લોકોની ધરપકડ કરવામાં આવી છે. આ લોકો આસામથી આફ્રિકન સ્વાઈન ફ્લૂથી સંક્રમિત 45 ડુક્કર લાવ્યા હતા. ડુક્કરોને આઈઝોલ લઈ જવામાં આવી રહ્યા હતા. આરોપીઓ મિઝોરમ-આસામ બોર્ડર પર ચેકિંગમાંથી નીકળી ગયા હતા, બાદમાં તેમને જામુઆંગ ગામમાં પકડવામાં આવ્યા.

સ્વાઈન ફ્લૂને સામાન્ય રીતે H1N1 ફ્લૂ કહેવામાં આવે છે. તે ઈન્ફ્લુએન્ઝા-A વાયરસનો એક પ્રકાર છે. તે મુખ્યત્વે શ્વાસનળીને અસર કરે છે. 2009માં H1N1 વિશ્વભરમાં ખૂબ ફેલાયો હતો. ત્યારબાદ H1N1 મનુષ્યોમાં ફેલાતા મોસમી ફ્લૂના વાયરસનો ભાગ બની ગયો.

H1N1 સંક્રમિત વ્યક્તિના ખાંસવાથી, છીંકવાથી કે વાત કરવાથી નીકળતી શ્વાસના ટીપાં દ્વારા ફેલાઈ શકે છે. સંક્રમિત વ્યક્તિની ખૂબ નજીક રહેવાથી અને દૂષિત સપાટીને સ્પર્શીને આંખ, નાક કે મોંને સ્પર્શ કરવાથી પણ સંક્રમણનું જોખમ રહે છે.

એટલે કે માત્ર ભૂંડના સંપર્કમાં આવવાથી જ સ્વાઈન ફ્લૂ થાય છે એવું નથી. આજે મનુષ્યોમાં ફેલાતો H1N1 મુખ્યત્વે એક વ્યક્તિથી બીજી વ્યક્તિમાં ફેલાય છે.

H1N1 ના લક્ષણો ડેન્ગ્યુ, કોવિડ અને અન્ય વાયરલ ચેપ જેવા હોઈ શકે છે. તેથી, માત્ર લક્ષણો જોઈને એ નક્કી કરી શકાતું નથી કે દર્દીને H1N1 જ છે. જરૂર પડ્યે ડોક્ટર તપાસ કરાવવાની સલાહ આપી શકે છે.

ના. તાવ, ઉધરસ અને શરીરનો દુખાવો થવાનો અર્થ H1N1 હોવો જરૂરી નથી. ડેન્ગ્યુ, કોવિડ અને અન્ય વાયરલ ચેપમાં પણ આવા લક્ષણો હોઈ શકે છે. તેથી, તપાસ કર્યા વિના અથવા ડોક્ટરની સલાહ વિના જાતે જ H1N1 માની લેવું યોગ્ય નથી.

# તમિલનાડુમાં DMK ધારાસભ્યોનો સરકારી કાર લેવાનો ઈનકાર

## ઉદયનિધિએ કહ્યું- સરકાર દેવામાં છે, પહેલા સંપત્તિની તપાસ થાય

**ચેન્નઈ, તા.21**

તમિલનાડુની રાજનીતિમાં હવે ધારાસભ્યોને સરકારી કાર આપવાની યોજના મુદ્દે નવો વિવાદ ઊભો થયો છે. મુખ્યમંત્રી સી. જોસેફ વિજયની સરકારે રાજ્યના તમામ ધારાસભ્યોને નવી સરકારી કાર, ડ્રાઈવર અને અન્ય સુવિધાઓ આપવાની જાહેરાત કર્યા બાદ વિરોધ પક્ષ DMKએ આ ઓફર સ્વીકારવાનો ઈનકાર કર્યો છે. વિધાનસભામાં વિરોધ પક્ષના નેતા ઉદયનિધિ સ્ટાલિને જાહેરાત કરી છે કે DMKના તમામ 59 ધારાસભ્યો સરકાર તરફથી આપવામાં આવનારી કાર સ્વીકારશે નહીં.

ઉદયનિધિ સ્ટાલિને શુક્રવારે વિધાનસભામાં સરકારની આ યોજનાનો વિરોધ કરતાં કહ્યું કે જ્યારે સરકાર પોતે રાજ્યની આર્થિક સ્થિતિ અને દેવાના ભાર અંગે વાત કરી રહી છે, ત્યારે ધારાસભ્યોને નવી સરકારી કાર આપવી યોગ્ય નથી. તેમણે કહ્યું કે મુખ્યમંત્રી વિજય સરકારમાં આર્થિક મુશ્કેલીઓ હોવાની વાત કરી ચૂક્યા છે, તેથી DMKના તમામ 59 ધારાસભ્યો આ ઓફરથી દૂર રહેશે.

સરકાર દ્વારા 19 ઓગસ્ટે જાહેર કરવામાં આવેલી યોજના મુજબ રાજ્યના તમામ ધારાસભ્યોને નવી સરકારી કાર ઉપલબ્ધ કરાવવામાં આવશે. આ ઉપરાંત



કારના ઈંધણ, ડ્રાઈવર અને મેન્ટેનન્સ જેવા ખર્ચ માટે દર મહિને 75 હજારની વ્યવસ્થા કરવામાં આવશે. સરકારનો દાવો છે કે ધારાસભ્યોને પોતાના મતવિસ્તારમાં વારંવાર પ્રવાસ કરવો પડે છે અને લોકોની સમસ્યાઓ સુધી ઝડપથી પહોંચવા માટે આ સુવિધા જરૂરી છે.

આ યોજના અંગે વિધાનસભામાં ચર્ચા દરમિયાન ઉદયનિધિ સ્ટાલિને સરકારને સૂચન કર્યું કે તમામ ધારાસભ્યોને એકસરખી રીતે કાર આપવાને બદલે પહેલાં તેમની વાસ્તવિક જરૂરિયાત અને આર્થિક સ્થિતિ તપાસવી જોઈએ. તેમના મતે જે ધારાસભ્યો પાસે પહેલેથી જ કાર છે અને જેઓ આર્થિક રીતે સક્ષમ છે તેમને સરકારી ખર્ચે નવી કાર આપવાની જરૂર નથી.

ઉદયનિધિ સ્ટાલિને સરકારને એવી પણ અપીલ કરી કે ધારાસભ્યોના ચૂંટણી એફિડેવિટની તપાસ કરવામાં આવે અને તેમની પાસે પહેલેથી કેટલી મિલકત અને વાહનો છે તેની માહિતી મેળવવામાં આવે. ત્યારબાદ માત્ર એવા ધારાસભ્યોને સરકારી વાહનની સુવિધા આપવામાં આવે જેમને ખરેખર તેની જરૂર હોય. આ રીતે સરકારી નાણાંનો બિનજરૂરી ખર્ચ ટાળી શકાય અને આર્થિક રીતે નબળા ધારાસભ્યોને પ્રાથમિકતા આપી શકાય.

ઉદયનિધિએ સરકારની નીતિ પર સવાલ ઉઠાવતા એ પણ યાદ અપાવ્યું કે TVK સરકાર અગાઉ મફત વસ્તુઓ આપવાની નીતિની ટીકા કરતી રહી છે. તેમના મતે જો સરકાર મફત સુવિધાઓની વિરુદ્ધ છે અને રાજ્યના દેવા અંગે ચિંતા વ્યક્ત કરે છે, તો પછી તમામ 234 ધારાસભ્યોને સરકારી કાર આપવાનો નિર્ણય કેવી રીતે યોગ્ય ગણાય. સરકાર તરફથી આ નિર્ણયનો બચાવ પણ કરવામાં આવ્યો છે. TVKના મંત્રી આધવ અર્જુનાએ વિધાનસભામાં કહ્યું કે મુખ્યમંત્રી તમામ ધારાસભ્યોને સમાન નજરે જુએ છે. તેમના મતે કોઈ એક પક્ષ અથવા કેટલાક ધારાસભ્યોને અલગ રાખીને સુવિધા આપવી યોગ્ય નથી. તેમણે દલીલ કરી કે નાના પક્ષો અને કેટલાક અન્ય પક્ષોના ધારાસભ્યો આર્થિક રીતે નબળા હોઈ શકે છે અને તેમની પાસે પોતાનું ઘર કે કાર પણ ન હોય.

# તહેવારો પહેલાં ખાંડના ભાવમાં ઉછાળો, ₹70 કિલો સુધી પહોંચ્યા ભાવ, કેન્દ્ર સરકાર એક્શન મોડમાં

**નવી દિલ્હી, તા.21**

તહેવારોની સીઝન શરૂ થવા પહેલાં દેશમાં ખાંડના વધતા ભાવને લઈને ચિંતા વધી છે. રિટેલ બજારમાં ખાંડનો ભાવ કેટલાક વિસ્તારોમાં 70 પ્રતિ કિલો સુધી પહોંચી ગયો છે. તહેવારો દરમિયાન મીઠાઈ, બેકરી ઉત્પાદનો અને અન્ય ખાદ્ય વસ્તુઓમાં ખાંડની માંગ વધતી હોવાથી આગામી દિવસોમાં ભાવ પર વધુ દબાણ રહેવાની શક્યતા છે. આ સ્થિતિને ધ્યાનમાં રાખીને કેન્દ્રની નરેન્દ્ર મોદી સરકાર ખાંડના ભાવને નિયંત્રણમાં રાખવા માટે એક્શન મોડમાં આવી છે અને છેલ્લા કેટલાક દિવસોમાં સરકાર તરફથી અનેક મહત્વપૂર્ણ નિર્ણયો લેવામાં આવ્યા છે.

ખાંડના વધતા ભાવને લઈને રાજકીય ચર્ચા પણ તેજ બની છે. વિપક્ષી રાજકીય પક્ષોનો દાવો છે કે દેશમાં ઈથેનોલનું ઉત્પાદન વધારવા માટે શેરડીનો વધુ ઉપયોગ થવાથી ખાંડના ઉત્પાદન પર અસર પડી છે અને તેના કારણે બજારમાં ખાંડના ભાવ વધ્યા છે. જોકે, કેન્દ્ર સરકારે આ દાવાને નકારી કાઢ્યો છે. સરકારનું કહેવું છે કે હાલની ખાંડની મોંઘવારી માટે ઈથેનોલ ઉત્પાદનને જવાબદાર ગણવું યોગ્ય



નથી.

સરકાર તરફથી જાહેર કરવામાં આવેલા અધિકૃત નિવેદનમાં જણાવવામાં આવ્યું છે કે ઈથેનોલ માટે વપરાતી ખાંડનો હિસ્સો છેલ્લા કેટલાક વર્ષોમાં વાસ્તવમાં ઘટ્યો છે. 2022-23માં ઈથેનોલ ઉત્પાદન માટે ખાંડનો આશરે 12 ટકા હિસ્સો વપરાતો હતો, જ્યારે 2025-26માં આ હિસ્સો ઘટીને લગભગ 9 ટકા રહ્યો છે. સરકારના જણાવ્યા અનુસાર આ આંકડા દર્શાવે છે કે ઈથેનોલ ઉત્પાદન માટે ખાંડનો વધતો ઉપયોગ હાલના ભાવ વધારા પાછળનું મુખ્ય કારણ નથી.

સરકારે એ પણ જણાવ્યું છે કે દેશમાં ઉત્પાદિત થનારા ઈથેનોલમાં હવે અનાજનો હિસ્સો ઘણો વધી ગયો છે. હાલ દેશમાં બનતા ઈથેનોલનો લગભગ ત્રણ ચતુર્થાંશ એટલે કે આશરે 75 ટકા હિસ્સો અનાજમાંથી તૈયાર થાય છે, જેમાં મકાઈનો મહત્વપૂર્ણ હિસ્સો છે. એટલે કે ઈથેનોલ ઉત્પાદન માટે શેરડી અને ખાંડ પર અગાઉ જેટલું નિર્ભર રહેવું પડતું હતું તે પ્રમાણમાં ઘટાડો થયો છે.

કેન્દ્ર સરકારનું કહેવું છે કે ઈથેનોલ નીતિએ દેશના શેરડી અને ખાંડ ઉદ્યોગને આર્થિક રીતે મજબૂત બનાવવામાં મહત્વની ભૂમિકા ભજવી છે. ઈથેનોલના વેચાણથી ખાંડ મિલોને વધારાની આવક મળી છે અને શેરડીના ખેડૂતોને સમયસર ચૂકવણી કરવામાં પણ મદદ મળી છે. સરકારના જણાવ્યા અનુસાર 20 ઓગસ્ટ 2026 સુધીમાં 2025-26ની શેરડીની સિઝન માટે ખેડૂતોને ચૂકવવાના બાકી નાણાંમાંથી લગભગ 97 ટકા રકમ ચૂકવી દેવામાં આવી છે.

સરકારે ખાંડ ઉદ્યોગને આપવામાં આવેલી જૂની સબસિડીનો પણ ઉલ્લેખ કર્યો છે. 2014થી 2021 વચ્ચે કેન્દ્ર સરકારે ખાંડ ઉદ્યોગને આશરે 14,600 કરોડની સબસિડી આપી હતી. જોકે, સરકારના જણાવ્યા અનુસાર 2021-22 પછી ખાંડ ઉદ્યોગને આવી કોઈ સબસિડી આપવાની જરૂર પડી નથી. સરકારનું કહેવું છે કે ઈથેનોલ નીતિ અને અન્ય સુધારાઓને કારણે ખાંડ મિલોની આર્થિક સ્થિતિમાં સુધારો થયો છે.

# જંતર-મંતર પ્રદર્શન બાદ વિદ્યાર્થી સાહિલની ફરિયાદ પર FIR, રાહુલ ગાંધીના ધરણા પછી દિલ્હી પોલીસની કાર્યવાહી

**નવી દિલ્હી, તા.21**

દિલ્હીના જંતર-મંતર પર પ્રદર્શન દરમિયાન ઘાયલ થયેલા વિદ્યાર્થી સાહિલની ફરિયાદ પર આખરે દિલ્હી પોલીસે FIR નોંધાવી છે. જોકે, આ કેસમાં આરોપી તરીકે કોઈ ચોક્કસ વ્યક્તિનું નામ આપવામાં આવ્યું નથી અને FIR અજાણ્યા વ્યક્તિઓ વિરુદ્ધ નોંધવામાં આવી છે. સાહિલનો આરોપ છે કે 20 જુલાઈના રોજ સંસદ માર્ચ દરમિયાન થયેલા પ્રદર્શન દરમિયાન પેલેટ ગનના છરા વાગવાથી તેની આંખની રોશની જતી રહી છે. આ મામલે લાંબા સમયથી ફરિયાદ નોંધાવવાની માગ કરવામાં આવી રહી હતી અને શુક્રવારે કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી પોતે દિલ્હી પોલીસની કાર્યવાહી સામે ધરણા પર બેઠા હતા. રાહુલ ગાંધી શુક્રવારે બપોરે લગભગ 12:30 વાગ્યાથી દિલ્હીના સંસદ માર્ગ પોલીસ સ્ટેશનની બહાર ધરણા પર બેઠા હતા. તેમની મુખ્ય માંગ હતી કે જ્યાં સુધી પેલેટ ગનથી ઘાયલ થયેલા વિદ્યાર્થી સાહિલની ફરિયાદ પર FIR નોંધવામાં નહીં આવે ત્યાં સુધી તેઓ ત્યાંથી નહીં હટે. રાહુલ



ગાંધીની સાથે કોંગ્રેસ મહાસચિવ પ્રિયંકા ગાંધી, અધીર રંજન ચૌધરી, સલમાન ખુર્શીદ અને જયરામ રમેશ સહિત અન્ય કોંગ્રેસી નેતાઓ પણ હાજર રહ્યા હતા.

ધરણા દરમિયાન રાહુલ ગાંધીએ સાહિલના શરીરમાંથી નીકળેલા હોવાનું જણાવાતા છરા મીડિયા સમક્ષ બતાવ્યા હતા. તેમણે સવાલ ઉઠાવ્યો હતો કે જો પોલીસ દ્વારા પેલેટ ગનનો ઉપયોગ કરવામાં આવ્યો નથી તો સાહિલને લાગેલા છરા ક્યાંથી આવ્યા. રાહુલ ગાંધીએ આરોપ લગાવ્યો હતો કે પોલીસકર્મીઓ FIR નોંધવા માંગતા હતા, પરંતુ તેમને ઉપરથી ફરિયાદ નોંધવાની મંજૂરી આપવામાં આવી રહી નહોતી.

રાહુલ ગાંધીએ કહ્યું હતું કે સાહિલના શરીરમાંથી મળેલા છરા પેલેટ ગનના ઉપયોગના પુરાવા છે. તેમનો સવાલ હતો કે જો પોલીસે ગોળીબાર કર્યો નથી તો પછી આ પેલેટ કોને ચલાવ્યા. તેમણે આરોપ લગાવ્યો હતો કે પોલીસને ફરિયાદ નોંધવાથી રોકવા માટે ઉપરથી સૂચનાઓ આપવામાં આવી રહી હતી.

સાહિલ 20 જુલાઈના રોજ સંસદ માર્ચ દરમિયાન પ્રદર્શન કરી રહ્યો હતો ત્યારે ઘાયલ થયો હતો. ત્યારબાદ રાહુલ ગાંધીએ આ મુદ્દો ઉઠાવ્યો હતો અને દિલ્હી પોલીસ પાસે સમગ્ર ઘટનાની તપાસ તથા FIR નોંધવાની માંગ કરી હતી. રાહુલ ગાંધીનો આરોપ છે કે પ્રદર્શન દરમિયાન સાહિલને પેલેટ ગનથી ઈજા થઈ હતી અને તેના કારણે તેની આંખની રોશની પર ગંભીર અસર થઈ છે.

આ મામલે 14 ઓગસ્ટે સાહિલ તરફથી દિલ્હી પોલીસને લેખિત ફરિયાદ આપવામાં આવી હતી. જોકે, ફરિયાદ આપ્યા બાદ ફરિયાદની નકલ ન મળ્યાનો આરોપ કરવામાં આવ્યો હતો. ત્યારબાદ 17 ઓગસ્ટે ઈમેઈલ અને ફોન દ્વારા પણ પોલીસને ફરિયાદ પર કાર્યવાહી કરવાની માંગ કરવામાં આવી હતી. તેમ છતાં ફરિયાદ પર તરત FIR નોંધાઈ ન હોવાને કારણે કોંગ્રેસે આ મુદ્દો વધુ ઉગ્ર બનાવ્યો હતો.

દિલ્હી પોલીસના સૂત્રોના જણાવ્યા અનુસાર, ફરિયાદ પીડિત પક્ષ તરફથી જ આપવામાં આવી હતી. 20 જુલાઈના રોજ સંસદ માર્ચ અને તે દિવસની ઘટનાઓને લઈને નોંધાયેલા અન્ય તમામ કેસોની તપાસ પહેલેથી જ દિલ્હી પોલીસની ક્રાઈમ બ્રાન્ચ દ્વારા કરવામાં આવી રહી છે. પોલીસ દ્વારા ફરિયાદકર્તાને જાણ કરવામાં આવી હતી કે તેમની ફરિયાદ પણ ક્રાઈમ બ્રાન્ચને મોકલવામાં આવશે. નવી દિલ્હીના DCP સચિન શર્મા પણ આ સમગ્ર મામલે રાહુલ ગાંધીના સંપર્કમાં હોવાનું પોલીસ સૂત્રોએ જણાવ્યું છે.

આખરે દિલ્હી પોલીસે સાહિલની માતા તરફથી આપવામાં આવેલી ફરિયાદના આધારે FIR નોંધી છે. FIRમાં અજાણ્યા આરોપીઓ સામે ભારતીય ન્યાય સંહિતા એટલે કે BNSની કલમ 118 અને 125 હેઠળ કેસ નોંધવામાં આવ્યો છે. હવે તપાસ દરમિયાન પોલીસે ઘટનાસ્થળે શું થયું હતું, સાહિલને કઈ પરિસ્થિતિમાં ઈજા થઈ હતી અને પેલેટ ગન અથવા અન્ય કોઈ હથિયારનો ઉપયોગ થયો હતો કે નહીં તે અંગે પુરાવા એકત્ર કરવા પડશે. BNSની કલમ 118 જાણી જોઈને ખતરનાક હથિયાર અથવા ખતરનાક સાધનનો ઉપયોગ કરીને કોઈ વ્યક્તિને ઈજા પહોંચાડવાના મામલામાં લાગુ પડે છે. જ્યારે કલમ 125 એવા બેદરકારીભર્યા અથવા ઉતાવળિયા કૃત્યો સાથે સંબંધિત છે.




# ગુજરાત યુનિ.માં બે પૂર્વ કુલપતિઓએ ગાર્ડન-તળાવ ગાયબ કર્યું

## બોટનિકલ ગાર્ડન પર બુલડોઝર ફેરવ્યું, ડોમ બનાવવા 24 કરોડનો ધૂમાડો, કોંગ્રેસના કઠવાડીયાનો આક્ષેપ

**અમદાવાદ, તા.21**

ગુજરાત યુનિવર્સિટીના બે પૂર્વ કુલપતિ હિમાંશુ પંડ્યા અને નીરજા ગુપ્તાએ કેમ્પસમાં આવેલું બોટનિકલ ગાર્ડન અને તળાવ ગાયબ કર્યું હોવાનો કોંગ્રેસ દ્વારા આક્ષેપ કરવામાં આવ્યો છે. 1960થી ડેવલોપ કરાયેલા ગાર્ડન પર બુલડોઝર ફેરવી દેવામાં આવ્યું હતું. જેના પર બંને કુલપતિઓએ ડોમ બનાવવા 24 કરોડનો ધૂમાડો કર્યો હોવાનો દાવો કર્યો છે. આ ઉપરાંત સલાહ-સૂચનો આપવા એજન્સીઓને 1.92 કરોડ ચૂકવ્યા હતા.

વર્ષ 2021માં પૂર્વ કુલપતિ હિમાંશુ પંડ્યાએ 9.55 કરોડનું ટેન્ડર અપાયું હતું. જેમાં અર્બોરેટમ (વનસ્પતિ ઉદ્યાન)ના બાંધકામનું કામ કરવા માટે 18 મહિનાનો સમય આપવામાં આવ્યો હતો. નીરજા ગુપ્તાએ અર્બોરેટમના ઈન્ટિરિયર ડેવલોપમેન્ટ સાથે આરોગ્ય વન, નક્ષત્ર વન અને રાશિ વન વિકસાવવા માટે અલગથી ટેન્ડર બહાર પાડી 15 કરોડમાં કોન્ટ્રાક્ટ આપ્યો હતો. જેના માટે 6 મહિનાનો સમય આપવામાં આવ્યો હતો. જોકે, બંને કુલપતિનો કાર્યકાળ પૂર્ણ થઈ ગયા છતાં પાંચ વર્ષમાં હજુ સુધી ડોમનું કામ પૂર્ણ થયું નથી.



કોંગ્રેસના પ્રવક્તા ડો. પાર્થિવરાજસિંહ કઠવાડીયાએ જણાવ્યું હતું કે, બોટની ડિપાર્ટમેન્ટની પાછળ આવેલા બોટનિકલ ગાર્ડન પર બુલડોઝર ફેરવી દેવામાં આવ્યું હતું. જેમાં હિમાંશુ પંડ્યાના કાર્યકાળમાં એર્બોરેટમના નામે પ્રથમ 9 કરોડનો કોન્ટ્રાક્ટ મંજૂર કરાયો હતો. જેમાં તૂટેલા ફૂટેલા બે ડોમ બનાવવામાં આવ્યા હતા. જેપી ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને ઓક્ટર્સ નામની એજન્સીને 1.92 કરોડ માત્ર સલાહ-સૂચન આપવા પાણીમાં નાખી દીધા હતા.

મહિલા કુલપતિ નીરજા ગુપ્તાના કાર્યકાળમાં 15 કરોડનો કોન્ટ્રાક્ટ મંજૂર કરવામાં આવ્યો હતો. બોટનિકલ ગાર્ડનમાં 150થી વધારે પ્લાન્ટ અને સ્પીસીસ હતી. જ્યાં વિદ્યાર્થીઓ રિસર્ચ કરતા હતા, ત્યાં આ ગાર્ડન પર કોના આદેશથી બુલડોઝર ફેરવી દેવામાં આવ્યું હતું? આ ઉપરાંત પૂર્વ કુલપતિઓ વિદ્યાર્થીઓના કરોડો રૂપિયા ખાઈ ગયા હોવાનો પણ આક્ષેપ કરવામાં આવ્યો હતો.

વિદ્યાર્થીઓના કરોડો રૂપિયા મળતિયાઓને આપી દેવાયા છે. એક કુલપતિ આવ્યા તેમણે પોતાના મળતિયાઓને કોન્ટ્રાક્ટ આપ્યો. ત્યારબાદ બીજા કુલપતિ આવ્યા તેમણે જૂના કોન્ટ્રાક્ટ પૂર્ણ કરી પોતાના નવા મળતિયાઓને ગોઠવી દીધા હતા.

પાર્થિવરાજસિંહ કઠવાડીયાએ કુદરતી તળાવ પણ ગાયબ કર્યું હોવાના દાવા સાથે જણાવ્યું હતું કે, અહીં રાષ્ટ્રીય પક્ષી મોરનો બ્રિડિંગ ઝોન હતો. તેને પણ બરબાદ કરી દેવાયો છે. માત્ર વિદ્યાર્થીઓને જ નહીં પરંતુ બાયોડાઈવર્સિટીને પણ નુકસાન પહોંચાડ્યું છે. યુનિવર્સિટીમાં કુદરતી લેક હતો તે પણ ગાયબ છે.

વર્ષ 2021માં જ્યારે ડોમ બનાવવાની શરૂઆત કરી ત્યારે અહીં પ્લાન્ટ અને સ્પીસીસને સીધું નુકસાન પહોંચ્યું ન હતું. ડોમ બનાવ્યા બાદ નક્ષત્ર વનના નામે બુલડોઝર ફેરવી દેવાયું હતું. આ મુદ્દે બોટની વિભાગના હેડ કે કોઈ પ્રોફેસરને પૂછવામાં આવ્યું નહીં તે પણ મોટો સવાલ છે. આ મુદ્દો ભ્રષ્ટાચારની સાથે વિદ્યાર્થીઓ સાથેના ચેડાનો પણ છે.

બોટની વિભાગના હેડ હિતેશ સોલંકીએ જણાવ્યું હતું કે, ગાર્ડનનું ડેવલપમેન્ટ 2021ની આસપાસ શરૂ થયું છે. તળાવોનો નાશ થયો નથી પણ ડેવલપમેન્ટ પ્લાન મુજબ તેનું રિસ્ટ્રક્ચરિંગ થઈ રહ્યું છે. આખે આખું ડેવલપમેન્ટ યુનિવર્સિટી દ્વારા થઈ રહ્યું છે. યુનિવર્સિટી દ્વારા 3 ડોમમાં નક્ષત્ર વન કોન્સેપ્ટ આધારિત ગાર્ડન ડેવલપ થઈ રહ્યું છે.

દરેક વિદ્યાર્થીના રિસર્ચના વિષયો અલગ હોય છે. કોઈ લેબમાં બાયોકેમેસ્ટ્રી કે ફિઝિયોલોજીનું કામ કરે છે. અમારા વિભાગમાં બાયોકેમેસ્ટ્રીમાં શોધાયેલા કમ્પોનન્ટ્સ કેન્સર, લીવર કે કિડની સંબંધિત બીમારીઓમાં કેટલા અસરકારક છે તે અંગે મોલીક્યુલર ડોકિંગ સુધીનું કામ પણ વિદ્યાર્થીઓ કરી રહ્યા છે. આમ વિદ્યાર્થીઓનું રિસર્ટ કાર્ય માત્ર બોટનિકલ ગાર્ડનને કારણે જ સફળ થયું હોય તેવું નથી.

# બેહરામપુરામાં પેટ ડોગ અને કેટ સ્મશાનગૃહ શરૂ: સૌપ્રથમ વખત AMCનો CNCD વિભાગ મૃત્યુનું પ્રમાણપત્ર આપશે

**અમદાવાદ, તા.21**

શહેરમાં મ્યુનિસિપલ કોર્પોરેશનના CNCD વિભાગ દ્વારા પેટ ડોગ અને કેટ સ્મશાનગૃહ શરૂ કરવામાં આવ્યું છે. માનવીની જેમ ડોગ અને કેટના પણ મૃત્યુનું પ્રમાણપત્ર આપવાનો અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા નિર્ણય લેવામાં આવ્યો છે. બેહરામપુરા વિસ્તારમાં કોર્પોરેશનના પેટ અને કેટ ડોગ સ્મશાન ગૃહમાં જે લોકો અંતિમવિધિ કરાવશે એમને પ્રમાણપત્ર આપવામાં આવશે. સ્મશાન ગૃહમાં અત્યાર સુધીમાં 319 પેટ પેરેન્ટસ દ્વારા 395 ડોગ અને 14 કેટ મળી કુલ 379ની અંતિમવિધિ કરવામાં આવી છે.



CNCD વિભાગના વડા નરેશ રાજપૂતે જણાવ્યું હતું કે, હવેથી મનુષ્યની જેમ પેટ અને કેટ માટે અંતિમવિધિ બાદ પ્રમાણપત્ર આપવામાં આવશે. થલતેજ વિસ્તારના પેટ ડોગ પેરેન્ટસનો કિસ્સો પણ ધ્યાનમાં આવ્યો કે, જેમાં પાર્થ અમીન દ્વારા તેઓના પરિવારના વહાલસોયા સદસ્ય એવા “રોટવિલર” બ્રિડના “ટાઈગર” નામના પાલતુ શ્વાનને સીએનજી બેઝડ પેટ ડોગ ક્રેમેટોરિયમ ખાતે ખુબજ સન્માનપૂર્વક અને લાગણીભીની વિદાય આપી હતી. જેના અસ્થિકુંભને હરિદ્વાર ખાતે વિધિવિધાનથી વિસર્જીત કરી ઘરના સદસ્યની શાંતિ માટે પ્રાર્થના કરી હતી. પ્લેન મારફતે તેઓને અસ્થિ સાથે જવાનુ હોવાથી એરપોર્ટ ખાતે સિક્યુરિટી ચેકિંગ દરમ્યાન શ્વાનની અસ્થિઓ સાથે પ્રવાસ કરતી વખતે કોઈ કાનુની કે સુરક્ષા સંબંધિત બાબતે કોઈ મુશ્કેલી ન પડે તે માટે વિભાગ દ્વારા અધિકૃત સહી અને સિક્કા સાથેનું અંતિમવિધિ પ્રમાણપત્ર (ક્રેમેટ સર્ટિફિકેટ) પણ તૈયાર કરી આપવામાં આવ્યું હતું. જેથી પ્રવાસ માટે તેઓને વિશેષ સહયોગ મળ્યો તે બદલ વિભાગનો આભાર વ્યકત કર્યો હતો.

પેટ અને કેટ માટેના સ્મશાન ગૃહમાં કોઈપણ પ્રકારનો ચાર્જ લેવામાં આવતો નથી પરંતુ જે લોકો અંતિમ વિધિ માટે આવે છે તેઓ દાન કરે છે ત્યારે અત્યાર સુધીમાં 4.98 લાખ રૂપિયાનું દાન સ્મશાન ગૃહમાં મળ્યું છે. શહેરના સેટેલાઈટ, શાહીબાગ, નારોલ, કાંકરીયા, જોધપુર, ત્રાગડ, સનાથલ, ઓઢવ, પાલડી, ચાંદલોડીયા, કુબેરનગર ઉપરાંત ગુજરાત રાજયના પાટનગર ગાંધીનગર તથા રાજકોટ, બાવળા, ભાવનગર, સુરત, સુરેન્દ્રનગર, મહેસાણા, સાણંદ અને ખાસ રાજય બહારથી રાજસ્થાનના ઉદયપુરના પેટ ઓનર્સે પણ આ સેવાનો લાભ મેળવ્યો અને CNCD વિભાગના જીવસેવા/જીવદયાના કાર્યની પ્રશંસા કરી તથા પેટઓનર્સને પોતાના પાલતુ પેટ (ડોગ /કેટ)નું રજીસ્ટ્રેશન કરાવવા અને આ સેવાનો લાભ લેવા અપીલ કરી હતી.

# 'એકવાર કાયદેસર દત્તક ગ્રહણ થયા પછી રદ કરી શકાતું નથી': દત્તક લેવાયેલા બાળકના રેકોર્ડમાંથી સગા પિતાનું નામ પુનઃસ્થાપિત કરવાની અરજી ફગાવતી કોર્ટ

**અમદાવાદ, તા.21**

સિટી સિવિલ કોર્ટે 19 વર્ષના યુવકના સત્તાવાર રેકોર્ડમાં તેના બાયોલોજિકલ પિતાનું નામ ફરી નોંધવાની માતાની અરજી ફગાવી દીધી છે. કોર્ટે સ્પષ્ટ ચુકાદો આપ્યો છે કે, એકવાર કાયદેસર રીતે થયેલું દત્તક ગ્રહણ રદ કરી શકાતું નથી, પછી ભલે બાળક, માતા અને દત્તક લેનાર પિતા તમામ તેના માટે સહમત હોય.




વર્ષ 2015માં પ્રથમ પતિના મૃત્યુ બાદ મહિલાએ બીજા લગ્ન કર્યા હતા. વર્ષ 2022માં બીજા પતિએ બાળકને દત્તક લેવાનો કાયદેસરનો દસ્તાવેજ તૈયાર કરી નોંધણી કરાવી હતી. ત્યારબાદ સિવિલ કોર્ટના આદેશથી યુવકના તમામ સત્તાવાર દસ્તાવેજોમાં તેના જૈવિક પિતાના નામની જગ્યાએ દત્તક પિતાનું નામ ઉમેરવામાં આવ્યું હતું.

દત્તક લીધાના આઠ મહિનામાં સાવકા ભાઈ સાથેના અસમાન વ્યવહાર અને દત્તક પિતાના વર્તનને કારણે યુવકમાં ભાવનાત્મક તણાવ ઊભો થયો હતો. આથી, બાળકના કલ્યાણ અને ભવિષ્યની ચિંતા દર્શાવીને માતાએ દત્તક પિતાનું નામ દૂર કરી જૈવિક પિતાનું નામ પુનઃસ્થાપિત કરવા કોર્ટમાં અરજી કરી હતી. આ અરજી માટે દત્તક પિતાએ પણ પોતાની સંમતિ આપી હતી.

અદાલતે બાળકની ભાવનાત્મક સ્થિતિ અંગે ચિંતા વ્યક્ત કરી હતી, પરંતુ સ્પષ્ટ કર્યું કે પરસ્પર સંમતિ કાયદાથી ઉપર હોઈ શકે નહીં. હિન્દુ અડોપ્શન્સ એન્ડ મેન્ટેનન્સ એક્ટ, 1956ની કલમ 15 મુજબ, એકવાર કાયદેસર રીતે દત્તક ગ્રહણ થઈ જાય પછી તેને રદ કરી શકાતું નથી. મૂળ દત્તક પ્રક્રિયામાં છેતરપિંડી કે દબાણ જેવા કોઈ અમાન્ય પુરાવા ન હોવાથી પાછળથી ઊભી થયેલી પરિસ્થિતિના આધારે કાયદેસરના દત્તક ગ્રહણને રદ કરવાનો કોઈ કાનૂની આધાર રહેતો નથી.

# 6.29 કરોડ રૂપિયાની ચોરી: નવરંગપુરાના જ્વેલર્સનો કર્મચારી 3 કિલો અને 850 ગ્રામ સોનું ચોરી ગયો, પરિવાર સાથે મળીને ખેલ પાડ્યો

**અમદાવાદ, તા.21**

નવરંગપુરા જ્વેલરી શોપમાં કામ કરતા કર્મચારી કેયુર શાહે ભાઈઓ તથા પિતા સાથે મળીને જ્વેલરી શોપમાંથી 3 કિલો 850 ગ્રામ 24 કેરેટનું સોનું અને 13 લાખ રૂપિયા રોકડા મળી કુલ 6.29 કરોડની ચોરી કરી છે. આ બાબતે કેનવી જ્વેલના માલિક ચિરાગ વાલાણીએ અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચની આર્થિક ગુના નિવારણ શાખામાં ફરિયાદ નોંધાવતા તપાસ શરૂ કરી છે.કેયુર શૈલેષભાઈ શાહ, શૈલેષભાઈ હરગોવિંદ અને સની શૈલેષભાઈ શાહ સામે ફરિયાદ નોંધાઈ છે.



નિકોલ રોડ દિવ્યજ્યોત સોસાયટીમાં રહેતા ચિરાગ ચંપકલાલ વાલાણી નવરંગપુરા સી.જી. રોડ ખાતેના સુપર મોલમાં કેનવી જ્વેલ નામની પેઢી ધરાવે છે અને તેઓ સોનાનો હોલસેલ વેપાર કરે છે. તેમની પેઢીમાં 20 માણસો કામ કરે છે, જેમાં તેમના વિશ્વાસુ કેયુર શૈલેષભાઈ શાહ 8 વર્ષથી કંપનીનું એકાઉન્ટનું કામ સંભાળે છે અને ખરીદ-વેચાણનું પણ કામ કરે છે. ચિરાગ વાલાણીને કેયુર પર ભરોસો હોવાથી તેમણે પોતાની ગેરહાજરીમાં કંપનીનું ખરીદ-વેચાણ અને અન્ય લેણદેણની કામગીરી કરી શકે તે માટે તેને એફિડેવિટ કરીને જનરલ ઓથોરિટી આપી હતી.

કેયુરના પિતાજી શૈલેષભાઈ હરગોવિંદભાઈ શાહ તથા તેના સગા ભાઈ અભિષેક શાહ અને સની શાહ પણ ચિરાગ વાલાણીના ગ્રુપની જુદી જુદી કંપનીઓમાં કામ કરતા હતા અને તેમના ઉપર માલિકોને વિશ્વાસ હતો. જોકે, થોડા સમય પહેલા કંપનીમાંથી અભિષેક શાહ અને તેના ભાઈ તથા પિતાએ સોનાના દાગીનાની ઉઘરાણીના પૈસા મુદ્દે કોઈ ગોટાળો કરતા 8 મહિના પહેલા જ કેયુરના પિતાજી શૈલેષભાઈ, ભાઈ અભિષેક અને બીજા ભાઈ સનીને નોકરીમાંથી છૂટા કરી દેવામાં આવ્યા હતા. જોકે, કેયુરને નોકરીમાં રાખવામાં આવ્યો હતો અને તેને તમામ સત્તા પણ આપવામાં આવી હતી.

દરમિયાન ગત એપ્રિલ માસમાં ચિરાગભાઈ પોતાની માણેકચોક ખાતેની ઓફિસમાં પહોંચ્યા હતા અને જ્વેલરી સ્ટોક કોમ્પ્યુટરમાં ચેક કરતા તેમને સ્ટોકમાં થોડો ફેરફાર જણાયો હતો. આ બાબતે તેમણે કેયુર શાહને પૂછપરછ કરતા તેણે બધો સ્ટોક પડેલો છે અને તેની ચોક્કસ તપાસ કરીને તેમને જણાવું છું તેમ કહી ફોન મૂકી દીધો હતો. સ્ટોકની ચિંતા થતા ચિરાગભાઈએ 4-5 વખત કેયુર સાથે વાત કરી હતી અને કોઈ પાર્થ શાહની વાત કરતા તેમણે પાર્થને કોન્ફરન્સ પર લઈને પણ વાત કરી હતી, પરંતુ તેમને સંતોષકારક જવાબ મળ્યો ન હતો. જેને પગલે તેઓ નવરંગપુરા ખાતેની પોતાની ઓફિસે આવ્યા હતા અને સ્ટોક ચેક કરવાનું શરૂ કર્યું હતું. બીજી તરફ ઓફિસમાં કેયુર નહીં દેખાતા તેની પૂછપરછ કરતા અન્ય સ્ટાફે જણાવ્યું હતું કે તે નજીકમાં જ કોઈ કામ માટે ગયો છે, પરંતુ કેયુર પરત આવ્યો નહોતો. જેને પગલે તેમણે પોતાની દુકાનનો તમામ સ્ટોક અને સીસીટીવી કેમેરા ચેક કર્યા હતા, જેમાં કેયુર રોકડ રૂપિયા લઈને જતો નજરે પડ્યો હતો. જેને પગલે તેમણે કેશબુક ચેક કરતા 13 લાખ રૂપિયાનો હિસાબ મળતો નહોતો. બીજી તરફ સોનાનો સ્ટોક ચેક કરતા સ્ટોકમાંથી 3. 850 કિલો સોનું, જેની કિંમત 6.16 કરોડ રૂપિયા થાય છે, તે પણ ગુમ હતું.આમ કેયુર શૈલેષભાઈ શાહ, શૈલેષભાઈ હરગોવિંદ દાસસા, શનિ શૈલેષભાઈ શાહ અને અભિષેક શૈલેષભાઈ શાહે સાથે મળીને કેનવી જ્વેલને 6.29 કરોડ રૂપિયાનો ચૂનો લગાવ્યો હોવાની બાબત ધ્યાને આવતા ચિરાગભાઈએ આ બાબતે અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચની આર્થિક ગુના નિવારણ શાખામાં ફરિયાદ નોંધાવી હતી.

# કુબેરનગરમાં પ્રેમીના ત્રાસથી મહિલા બુટલેગરનો આપઘાત: છૂટાછેડા બાદ યુવતીને કારીગર સાથે પ્રેમ થયો હતો

**અમદાવાદ, તા.21**

અમદાવાદના કુબેરનગરમાં રહેતી અને ગેરકાયદે દેશી દારૂનો વ્યવસાય કરતી 28 વર્ષીય શ્રદ્ધા રાઠોડે તેના જ ત્યાં કામ કરતા પ્રેમી સન્ની ઉર્ફે અક્ષય ક્રિશ્નનના ત્રાસથી કંટાળીને આપઘાત કરી લીધો છે. યુવકના શારીરિક-માનસિક ત્રાસ અને ધમકીઓથી કંટાળીને મહિલાએ આ પગલું ભર્યું હોવાનું સામે આવતાં સરદારનગર પોલીસે યુવક વિરુદ્ધ ગુનો નોંધી શોધખોળ શરૂ કરી છે.




પ્રભાવતીબેન રાઠોડની 28 વર્ષીય પુત્રી શ્રદ્ધાના વર્ષ 2021માં લગ્ન થયા હતા, પરંતુ પતિ સાથે મનમેળ ન આવતાં બે વર્ષ પહેલાં છૂટાછેડા થતાં તે માતા-પિતા સાથે રહેતી હતી. તે કુબેરનગરમાં ચોરીછૂપીથી દેશી દારૂનો વેપાર કરતી હતી, જ્યાં તેની સાથે દારૂ બનાવવાનું કામ કરતા સન્ની નામના યુવક સાથે છેલ્લા 10 મહિનાથી પ્રેમ સંબંધ બંધાયો હતો. બંને સાથે મળીને દેશી દારૂનો ધંધો કરતા હતા.

4 ઓગસ્ટના રોજ વહેલી સવારે શ્રદ્ધાએ પોતાના ઘરે ગળાફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. પોલીસ તપાસમાં સામે આવ્યું કે આપઘાતના 10 દિવસ પહેલાં સન્ની સાથે બોલાચાલી થતાં સન્નીએ તેને લાફો મારી દીધો હતો. ત્યારબાદ સન્નીએ ‘હું તારા બાપનો નોકર નથી, તારો ફોન સ્વિચ ઓફ છે, હું તારું વાયરલ કરી દઈશ‘ તેવી ધમકી આપીને શારીરિક તથા માનસિક ત્રાસ આપ્યો હતો.

પરિવારજનોને પ્રેમી સન્ની દ્વારા અપાતા ત્રાસ અને ધમકી અંગે જાણ થતાં તેમણે સરદારનગર પોલીસ સ્ટેશનમાં સન્ની વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે. પોલીસે ગુનો નોંધી આરોપીની ધરપકડ માટે વધુ તપાસ હાથ ધરી છે.

# 'સ્પેસ ફેસ્ટિવલ-2026'નું આયોજન: અર્જુન મોઢવાડીયાની ઉપસ્થિતિમાં નેશનલ સ્પેસ ડેની ઉજવણી, સાયન્સ સિટી ખાતે ત્રિ-દિવસીય અલગ અલગ કાર્યક્રમો

**અમદાવાદ, તા.21**

નેશનલ સ્પેસ ડેને લઈ સાયન્સ સિટી વિજ્ઞાન ભવન ખાતે 21 થી 23 ઓગસ્ટ 2026 દરમિયાન ત્રણ દિવસીય ‘સ્પેસ ફેસ્ટિવલ-2026’નું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમમાં સાયન્સ એન્ડ ટેકનોલોજી કેબિનેટ મંત્રી અર્જુન મોઢવાડીયાની ઉપસ્થિતિમાં કાર્યક્રમ યોજાયો હતો.




વર્ષ 2023માં 23 ઓગસ્ટના રોજ ભારતના ચંદ્રયાન-3 મિશનના વિક્રમ લેન્ડરે ચંદ્રની સપાટી પર સફળ સોફ્ટ લેન્ડિંગ કર્યું હતું અને પ્રજ્ઞાન રોવરે પોતાની કામગીરી શરૂ કરી હતી. આ સિદ્ધિ સાથે ભારત ચંદ્ર પર સોફ્ટ લેન્ડિંગ કરનાર વિશ્વનો ચોથો દેશ અને દક્ષિણ ધ્રુવીય વિસ્તારમાં પહોંચનાર પ્રથમ દેશ બન્યો હતો. ભારત સરકારે આ સિદ્ધિની યાદમાં 23 ઓગસ્ટને 'નેશનલ સ્પેસ ડે' તરીકે જાહેર કર્યો છે. આ વર્ષે નેશનલ સ્પેસ ડેની થીમ ‘Towards Viksit Bharat: Innovating, Collaborating and Aspiring to Global Space Leadership‘ રાખવામાં આવી છે.

આ ત્રિદિવસીય ફેસ્ટિવલ દરમિયાન સાયન્સ સિટીના વિજ્ઞાન ભવન ખાતે સ્પેસ સાયન્સ એક્ઝિબિશન, પ્લેનેટોરિયમ શો, સ્પેસ રંગોળી, ડિજિટલ પોસ્ટર પ્રેઝન્ટેશન, ઓરિગામી, સ્પેસ ક્વિઝ, હેન્ડ્સ-ઓન વર્કશોપ, વિજ્ઞાન વ્યાખ્યાન, વૈજ્ઞાનિકો સાથે પેનલ ડિસ્કશન તથા નાઈટ સ્કાય ઓબ્ઝર્વેશન જેવી વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન થશે. ઉપરાંત, ISROના Space Applications Centre (SAC) અને Gujarat State Electronics Mission (GSEM) જેવી સંસ્થાઓના સહયોગથી વિજ્ઞાન પ્રદર્શન યોજાશે, જેમાં અંતરિક્ષ ક્ષેત્ર સાથે સંકળાયેલી આશરે 50 જેટલી સંસ્થાઓ, સંશોધકો, સ્ટાર્ટઅપ્સ અને ઉદ્યોગો ભાગ લેશે. આ પ્રદર્શન તમામ વયજૂથના મુલાકાતીઓ માટે ખુલ્લું રહેશે.

આ ઉત્સવમાં રાજ્યભરમાંથી વિદ્યાર્થીઓ, શિક્ષકો અને વિજ્ઞાનપ્રેમી નાગરિકો સહિત 20,000 થી વધુ લોકો જોડાશે તેવી અપેક્ષા રાખવામાં આવી છે. 23 ઓગસ્ટના રોજ વિવિધ સ્પર્ધાઓના વિજેતાઓને પ્રોત્સાહક પુરસ્કારો આપી સન્માનિત કરવામાં આવશે. આ ફેસ્ટિવલનો મુખ્ય ઉદ્દેશ્ય ભારતના અંતરિક્ષ ક્ષેત્રની સફળતાઓને જનસામાન્ય સુધી પહોંચાડવાનો અને યુવા પેઢીમાં વિજ્ઞાન, ટેકનોલોજી, એન્જિનિયરિંગ અને ગણિત (STEM) પ્રત્યે રસ અને વૈજ્ઞાનિક અભિગમ કેળવવાનો છે.

# સરકારી શાળાઓમાં કોંગ્રેસના નેતાઓની મુલાકાત સામે પ્રાથમિક શૈક્ષણિક મહાસંઘનો વિરોધ: શિક્ષકોને હેરાન કરતા હોવાનો આક્ષેપ

**અમદાવાદ, તા.21**

અમદાવાદ મહાનગરપાલિકા સંચાલિત સ્કૂલ બોર્ડની શાળાઓ તેમજ રાજ્યની જિલ્લા પંચાયત સંચાલિત પ્રાથમિક શાળાઓની કોંગ્રેસ દ્વારા મુલાકાત લઈ ખામી ઉજાગર કરવામાં આવી રહી છે. જો કે હવે તેને પ્રાથમિક શૈક્ષણિક મહાસંઘ દ્વારા તેનો વિરોધ દર્શાવી શિક્ષણમંત્રી પ્રદ્યુમન વાજાને પત્ર લખવામાં આવ્યો છે. જેમાં રાજકીય પક્ષ દ્વારા શાળાઓની મુલાકાત લઈને શિક્ષકોને હેરાન કરવામાં આવતા હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. તેમજ સરકાર દ્વારા શાળાની મુલાકાત માટે સ્પષ્ટ માર્ગદર્શિકા બહાર પાડવામાં આવે તેવી શિક્ષણમંત્રી પાસે પત્ર લખી માંગ કરવામાં આવી છે.

AMC સંચાલિત સ્કૂલ બોર્ડની શાળાઓમાં વિદ્યાર્થીઓ ગંદુ પાણી હોય તેવો અને વિદ્યાર્થીઓ પાસે બાળમજૂરી કરાવતો હોય તેવા શાળામાં વીડિયો કોંગ્રેસના નેતાઓએ મુલાકાત લઈને વાયરલ કર્યા હતા. જેમાં સ્માર્ટ શાળાઓના દાવા કરતી સ્કૂલ બોર્ડની છબી ખરડાઈ હતી. તેમજ



બે દિવસ પહેલા સ્કૂલ બોર્ડના સભ્ય અને અમદાવાદ શહેર પ્રમુખ સોનલ પટેલ અને પૂર્વ ધારાસભ્ય ગ્યાસુદ્દીન શેખ દ્વારા પણ શાળાની મુલાકાત કરવામાં આવતા વિવાદ સર્જાયો હતો. રાજકીય પક્ષ દ્વારા શાળાની મુલાકાત લેવામાં આવતા પ્રાથમિક શૈક્ષણિક મહાસંઘ દ્વારા સીધો શિક્ષણમંત્રીને જ પત્ર લખવામાં આવ્યો છે. અત્યારે શાળામાં ત્રિમાસિક કસોટી અને ગુણોત્સવ મૂલ્યાંકનની કામગીરી પણ ચાલી રહી છે.

આવી સ્થિતિમાં શાળાઓમાં વારંવાર મુલાકાતો લેવામાં આવે અને તેનો હેતુ શાળાઓના નકારાત્મક સમાચાર ફેલાવવાનો હોય તો તેના કારણે શિક્ષકો સતત માનસિક તણાવમાં રહે તેવી સ્થિતિ ઊભી થઈ હોવાનો શિક્ષણમંત્રીને પત્ર લખી દાવો કરવામાં આવ્યો છે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની સ્કૂલ બોર્ડની અને જિલ્લા પંચાયત સંચાલિત શાળાઓના શિક્ષકો તથા મુખ્ય શિક્ષકોના સતત પ્રયાસોથી શાળાઓમાં સારી કામગીરી થઈ રહી હોવાનો દાવો કરવામાં આવ્યો છે. જેથી કોઈપણ સંસ્થા, પક્ષ કે વ્યક્તિ શાળાની મુલાકાત લે ત્યારે શાળાની સકારાત્મક કામગીરીને પણ ધ્યાનમાં લેવામાં આવે અને ખામીઓ જણાય તો યોગ્ય તપાસ બાદ તેનું નિરાકરણ લાવવામાં આવે તેવી માગણી કરવામાં આવી છે. એક શાળાની સ્થિતિના આધારે તમામ સરકારી શાળાઓ અને શિક્ષકોને ટાર્ગેટ કરવામાં આવતા હોવાના આક્ષેપ સાથે તેનો વિરોધ કરવામાં આવ્યો છે.

સરકારી શાળાઓ રાજકીય અખાડો ન બને અને શાળાના શૈક્ષણિક વાતાવરણમાં કોઈપણ પ્રકારનું રાજકીય દબાણ ન આવે તે માટે ‘શાળા મુલાકાત’ અંગે સ્પષ્ટ અને એકસમાન માર્ગદર્શિકા જાહેર કરવામાં આવે તેવી શિક્ષણમંત્રીને પત્ર લખીને માંગ કરવામાં આવી છે. તેમજ શાળાની મુલાકાત કોણ લઈ શકે, કઈ રીતે લઈ શકે, શૈક્ષણિક કામગીરીમાં વિક્ષેપ ન પડે તે માટેની વ્યવસ્થા, શિક્ષકો સાથેનો વ્યવહાર તેમજ શાળા સંબંધિત બાબતો જાહેરમાં રજૂ કરવાની પ્રક્રિયા અંગે સ્પષ્ટ સૂચનો આપવામાં આવે તેવી પણ પ્રાથમિક શૈક્ષણિક મહાસંઘ દ્વારા માંગ કરવામાં આવી છે. AMC સંચાલિત સ્કૂલ બોર્ડની શાળાઓમાં વિદ્યાર્થીઓ ગંદુ પાણી હોય તેવો અને વિદ્યાર્થીઓ પાસે બાળમજૂરી કરાવતો હોય તેવા શાળામાં વીડિયો કોંગ્રેસના નેતાઓએ મુલાકાત લઈને વાયરલ કર્યા હતા. જેમાં સ્માર્ટ શાળાઓના દાવા કરતી સ્કૂલ બોર્ડની છબી ખરડાઈ હતી. તેમજ બે દિવસ પહેલા સ્કૂલ બોર્ડના સભ્ય અને અમદાવાદ શહેર પ્રમુખ સોનલ પટેલ અને પૂર્વ ધારાસભ્ય ગ્યાસુદ્દીન શેખ દ્વારા પણ શાળાની મુલાકાત કરવામાં આવતા વિવાદ સર્જાયો હતો. રાજકીય પક્ષ દ્વારા શાળાની મુલાકાત લેવામાં આવતા પ્રાથમિક શૈક્ષણિક મહાસંઘ દ્વારા સીધો શિક્ષણમંત્રીને જ પત્ર લખવામાં આવ્યો છે. અત્યારે શાળામાં ત્રિમાસિક કસોટી અને ગુણોત્સવ મૂલ્યાંકનની કામગીરી પણ ચાલી રહી છે.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨

# હોર્મુઝથી સોમાલિયા સુધી દરિયાઈ સુરક્ષા પર મોટો ખતરો, ભારતીય નાવિકો સહિત અનેક દેશોના ક્રૂ નિશાન પર

**તહેરાન, તા.21**

હોર્મુઝ સ્ટ્રેટથી લઈને સોમાલિયાના દરિયાકાંઠા અને બાબ-અલ-મંદેબ સુધી દરિયાઈ સુરક્ષાને લઈને ચિંતાજનક સ્થિતિ સામે આવી રહી છે. હોર્મુઝ સ્ટ્રેટમાં 21 ભારતીય નાવિકો સવાર એવા એક કન્ટેનર જહાજ પર ઈરાની નૌકાઓ દ્વારા ફાયરિંગ કરવામાં આવ્યું હોવાનો વીડિયો હવે સામે આવ્યો છે. ભારતીય નાવિકોના સંગઠને જાહેર કરેલા આ વીડિયોમાં ઘટનાની ગંભીરતા સ્પષ્ટપણે જોવા મળે છે. વીડિયોમાં ઈરાની રિવોલ્યુશનરી ગાર્ડ્સ એટલે કે IRGC સાથે જોડાયેલી નૌકાઓ જહાજની આસપાસ જોવા મળે છે.

22 એપ્રિલે બનેલી આ ઘટનામાં જહાજને ફાયરિંગનો સામનો કરવો પડ્યો હતો. ફાયરિંગ બાદ જહાજની અંદર કાચ તૂટેલા અને સામાન વેરવિખેર થયેલો જોવા મળે છે. વીડિયોના એક દૃશ્યમાં રોકેટ-પ્રોપેલ્ડ ગ્રેનેડ છોડવામાં આવ્યું હોવાનું પણ દેખાય છે. હુમલા સમયે જહાજના ક્રૂએ પોતાનો જીવ બચાવવા માટે અંદરના ભાગમાં છુપાઈને સમય પસાર કર્યો હતો. જહાજ પર કુલ 21 ભારતીય નાવિકો સવાર હતા અને સદનસીબે તમામ નાવિકો સુરક્ષિત રહ્યા હતા.

હોર્મુઝ સ્ટ્રેટ વિશ્વના સૌથી મહત્વપૂર્ણ દરિયાઈ માર્ગોમાંથી એક છે. પર્શિયન ગલ્ફમાંથી પસાર થતા મોટા પ્રમાણમાં તેલ અને અન્ય ઊર્જા ઉત્પાદનોના પરિવહન માટે આ માર્ગ અત્યંત મહત્વપૂર્ણ છે. તેથી અહીં કોઈપણ પ્રકારની સૈન્ય અથડામણ, ફાયરિંગ અથવા જહાજોને નિશાન બનાવવાની ઘટના વૈશ્વિક દરિયાઈ વેપાર માટે ચિંતાનો વિષય બની શકે છે.

ખાડી ક્ષેત્રમાં સતત વધી રહેલા સુરક્ષા જોખમોને ધ્યાનમાં રાખીને ભારતે પણ પોતાના નાવિકોની સુરક્ષા માટે મહત્વપૂર્ણ નિર્ણય લીધો છે. ભારતે 16 જુલાઈથી હોર્મુઝ સ્ટ્રેટમાંથી પસાર થતા જહાજો પર ભારતીય નાવિકોની નવી તૈનાતી પર આગામી આદેશ સુધી રોક લગાવી છે. આ નિર્ણય એવા સમયે લેવામાં આવ્યો છે જ્યારે હોર્મુઝ સ્ટ્રેટ અને તેની આસપાસના દરિયાઈ વિસ્તારોમાં થયેલા વિવિધ હુમલાઓમાં ભારતીય નાવિકોના મોતના અહેવાલો સામે આવ્યા છે.

રિપોર્ટ્સ અનુસાર, 28 ફેબ્રુઆરીથી અત્યાર સુધી ખાડી ક્ષેત્રમાં થયેલા હુમલાઓમાં ઓછામાં ઓછા 14 ભારતીય નાવિકોના મોત થયા છે. આ સ્થિતિને જોતા ભારતે જહાજ માલિકો, જહાજ મેનેજમેન્ટ કંપનીઓ અને નાવિકોની ભરતી



કરતી RPSL કંપનીઓને અરબની ખાડી, હોર્મુઝ સ્ટ્રેટ અને તેની આસપાસના દરિયાઈ વિસ્તારોમાં વધારાની સતર્કતા રાખવા માટે નિર્દેશ આપ્યો છે.

જોકે, ભારતનો આ પ્રતિબંધ તમામ ભારતીય નાવિકો પર લાગુ પડતો નથી. આ નિર્ણય ખાસ કરીને હોર્મુઝ સ્ટ્રેટ અને સંબંધિત વિસ્તારોમાં જહાજો પર ભારતીય નાવિકોની નવી તૈનાતી સાથે જોડાયેલો છે. ભારતની બહારથી વિદેશી શિપિંગ કંપનીઓ દ્વારા ભરતી કરવામાં આવેલા નાવિકો પર આ આદેશ સીધી રીતે લાગુ પડવાનો નથી.

દરમિયાન સોમાલિયાના પંટલેન્ડ તટ નજીક પણ દરિયાઈ સુરક્ષાને લઈને ગંભીર ઘટના સામે આવી છે. અહીં દરિયાઈ લૂંટારાઓએ એક કાર્ગો જહાજને હાઈજેક કરી લીધું છે. કેમરૂનના ધ્વજવાળા M/V LUTUF નામના જહાજમાં કુલ 10 લોકો સવાર હતા. તેમાં 6 ભારતીય નાગરિકો, એક તુર્કી નાગરિક, એક જ્યોર્જિયન નાગરિક અને બે સર્બિયન સુરક્ષા ગાર્ડનો સમાવેશ થતો હતો.

આ જહાજને 17 ઓગસ્ટે ઈયલ જિલ્લામાં મારાયાથી લગભગ 3.5 નોટિકલ માઈલ દૂર કબજે કરવામાં આવ્યું હતું. હાઈજેક કર્યા બાદ લૂંટારાઓ જહાજને નૂગાલના દરિયાકાંઠા તરફ લઈ ગયા હતા. અહેવાલો અનુસાર, જહાજમાં મોગાદિશુ સ્થિત તુર્કી સૈન્ય પ્રશિક્ષણ કેન્દ્ર માટેના હથિયારો, સંચાર સાધનો અને સેટેલાઈટ ઉપકરણો પણ હતા.

એક સોમાલી અધિકારીના જણાવ્યા અનુસાર, લગભગ આઠ દરિયાઈ લૂંટારાઓએ જહાજ પર કબજો કર્યો હતો. ઘટનાની જાણ થતાં બે તુર્કી જહાજો પણ વિસ્તારમાં પહોંચ્યા હતા અને હેલિકોપ્ટર તથા ડ્રોનની મદદથી જહાજ અને આસપાસના વિસ્તારમાં નજર રાખવામાં આવી રહી હતી. આ સમગ્ર ઘટનાને કારણે જહાજમાં સવાર ભારતીય નાગરિકોની સુરક્ષાને લઈને પણ ચિંતા વધી છે.

મંગળવારે હાઈજેક કરાયેલા જહાજની નજીક એક નાની બોટ પહોંચી હતી. આ બોટ પરત ફર્યા બાદ થયેલા એક હવાઈ હુમલામાં ચાર લોકોના મોત થયા હોવાનું અને બે લોકો ઘાયલ થયા હોવાનું સામે આવ્યું છે. જોકે, આ હવાઈ હુમલો કોણે કર્યો તે અંગે હજુ સ્પષ્ટતા થઈ નથી. મૃત્યુ પામેલા લોકો હાઈજેકિંગમાં સામેલ હતા કે અન્ય કોઈ જૂથ સાથે જોડાયેલા હતા તે અંગે પણ સત્તાવાર રીતે સ્થિતિ સ્પષ્ટ નથી. જહાજ અને તેમાં સવાર ક્રૂની હાલની સ્થિતિ અંગે પણ સંપૂર્ણ માહિતી સામે આવી નથી.

બીજી તરફ, લાલ સમુદ્ર અને બાબ-અલ-મંદેબ વિસ્તારમાં પણ નાવિકોની સુરક્ષા અંગે ગંભીર સ્થિતિ જોવા મળી રહી છે. હૂતી હુમલામાં માર્યા ગયેલા બે પાકિસ્તાની નાવિકોના મૃતદેહ ગુરુવારે કરાચી પહોંચ્યા હતા. આ હુમલામાં ઘાયલ થયેલા છ પાકિસ્તાની નાવિકો પણ સુરક્ષિત રીતે પાકિસ્તાન પરત ફર્યા છે.

11 ઓગસ્ટે તાંઝાનિયાના ધ્વજવાળા ‘તિહામા’ જહાજને બાબ-અલ-મંદેબ સ્ટ્રેટમાં હૂતી જૂથે નિશાન બનાવ્યું હતું. આ હુમલામાં ત્રણ પાકિસ્તાની અને એક ઈન્ડોનેશિયન નાવિકના મોત થયા હતા. હુમલા બાદ ઘાયલ થયેલા નાવિકોને સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા અને મૃતદેહોને પણ પરત લાવવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી.

# જિન્નાની ગંભીર બીમારી છુપાવનારા મુંબઈના બે ડોકટરોને પાકિસ્તાન આપશે નિશાન-એ-ઈમ્તિયાઝ

**ઈસ્લામાબાદ, તા.21**



પાકિસ્તાન તેના સ્થાપક અને દેશના પ્રથમ ગવર્નર જનરલ મોહમ્મદ અલી જિન્નાની ગંભીર બીમારીની માહિતી ગુપ્ત રાખનારા મુંબઈના બે પારસી ડોકટરોને દેશના મોટા નાગરિક સન્માનોમાંથી એક એવા નિશાન-એ-ઈમ્તિયાઝથી મરણોત્તર સન્માનિત કરવા જઈ રહ્યું છે. આ નિર્ણય એવા સમયે લેવામાં આવ્યો છે જ્યારે જિન્નાની બીમારી અને ભારતના ભાગલા સાથે જોડાયેલો આ ઐતિહાસિક પ્રસંગ ફરી ચર્ચામાં આવ્યો છે.

મુંબઈના પારસી સમુદાયના ડો. જે. આર. પટેલ અને ડો. જે. એ. ધાયભો-કૂએ વર્ષ 1946માં મોહમ્મદ અલી જિન્નાના એક્સ-રેની તપાસ કરી હતી. તપાસ દરમિયાન બંને ડોકટરોને જાણવા મળ્યું હતું કે જિન્ના ગંભીર પ્રકારની ટીબીની બીમારીથી પીડાઈ રહ્યા હતા. તે સમયગાળામાં જિન્ના પાકિસ્તાનની માંગને લઈને રાજકીય રીતે અત્યંત મહત્વની ભૂમિકા ભજવી રહ્યા હતા અને તેમની તબિયત અંગેની માહિતી ખૂબ જ સંવેદનશીલ માનવામાં આવતી હતી. આ બંને ડોકટરોને જિન્નાની બીમારી અંગેની ગંભીર માહિતી હોવા છતાં તેમણે આ વાત જાહેર કરી ન હતી. તેમના દ્વારા રાખવામાં આવેલી આ ગુપ્ત માહિતીના કારણે જિન્નાની રાજકીય ભૂમિકા અને તે સમયની ઘટનાઓ અંગે ઈતિહાસમાં અનેક પ્રકારની ચર્ચાઓ થતી રહી છે.

પાકિસ્તાનના યોજના મંત્રી અને એવોર્ડ્સ કમિટીના અધ્યક્ષ અહસન ઈકબાલે સોશિયલ મીડિયા પર જણાવ્યું છે કે બંને ડોકટરોને મરણોત્તર નિશાન-એ-ઈમ્તિયાઝથી સન્માનિત કરવામાં આવશે. તેમણે ડોકટરોની ભૂમિકાને યાદ કરતાં કહ્યું કે તેમણે જિન્નાની બીમારી અંગેની વાત કોઈને જણાવી ન હતી અને તે સમયગાળામાં તેમણે “ચુપચાપ પણ ખૂબ મોટી જવાબદારી” નિભાવી હતી.

ઈતિહાસના કેટલાક અહેવાલો અને ફ્રીડમ એટ મિડનાઈટ જેવા પુસ્તકોમાં જણાવવામાં આવ્યું છે કે ડોકટરોને લાગતું હતું કે જિન્ના પાસે કદાચ માત્ર એકથી બે વર્ષનો સમય બાકી હતો. તેમની ગંભીર બીમારી અંગે ખૂબ ઓછા લોકોને જાણકારી હતી. તેમાં તેમની બહેન ફાતિમા જિન્ના અને આ બંને ડોકટરોનો સમાવેશ થતો હતો.

જિન્નાની બીમારીને ગુપ્ત રાખવાની ઘટનાને ઘણી વખત ભારતના ભાગલા અને પાકિસ્તાનના નિર્માણ સાથે પણ જોડવામાં આવે છે. પાકિસ્તાનના મંત્રી અહસન ઈકબાલે એવો દાવો કર્યો છે કે પૂર્વ બ્રિટિશ વાઈસરોય લોર્ડ માઉન્ટબેટને પાછળથી કહ્યું હતું કે જો તેમને તે સમયે જિન્નાની ગંભીર બીમારી વિશે જાણ હોત, તો તેઓ ભારતની આઝાદીની પ્રક્રિયાને થોડા મહિનાઓ માટે ટાળી શક્યા હોત.

આ દાવા પાછળનો તર્ક એવો છે કે જો જિન્નાની ખરાબ તબિયત અંગે બ્રિટિશ સરકાર અને અન્ય રાજકીય નેતાઓને સમયસર જાણ થઈ હોત, તો ભારતના ભાગલા અને અલગ પાકિસ્તાનની રચનાની પ્રક્રિયા પર અસર પડી શકી હોત. જોકે, જિન્નાની બીમારી જાહેર થઈ હોત તો ચોક્કસપણે પાકિસ્તાનનું નિર્માણ અટકી જ જાત એવું નિશ્ચિતપણે કહી શકાય નહીં. આ મુદ્દો ઈતિહાસકારો વચ્ચે ચર્ચાનો વિષય રહ્યો છે અને તેમાં અનેક રાજકીય તથા ઐતિહાસિક પરિબળો સામેલ હતા. મોહમ્મદ અલી જિન્નાના નેતૃત્વમાં પાકિસ્તાનની રચના થઈ અને 14 ઓગસ્ટ 1947ના રોજ પાકિસ્તાન અસ્તિત્વમાં આવ્યું. જોકે દેશ બન્યાના લગભગ એક વર્ષ બાદ જિન્નાનું અવસાન થયું. 11 સપ્ટેમ્બર 1948ના રોજ તેમનું નિધન થયું હતું. હવે દાયકાઓ બાદ પાકિસ્તાન સરકાર દ્વારા મુંબઈના આ બંને ડોકટરોને દેશના પ્રતિષ્ઠિત નાગરિક સન્માનોમાંથી એક એવા નિશાન-એ-ઈમ્તિયાઝથી મરણોત્તર સન્માન આપવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

# ટ્રમ્પનો મોટો દાવો: અમેરિકા હોર્મુઝ સ્ટ્રેટને પોતાના નિયંત્રણમાં લેશે, ઈરાનને ફરી કાર્યવાહી અંગે ચેતવણી

**વોશિંગ્ટન, તા.21**

અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે હોર્મુઝ સ્ટ્રેટ અને ઈરાનને લઈને મોટો દાવો કર્યો છે. ટ્રમ્પે કહ્યું છે કે અમેરિકા ટૂંક સમયમાં હોર્મુઝ સ્ટ્રેટને પોતાના નિયંત્રણમાં લઈ શકે છે. અમેરિકી રેડિયો નેટવર્ક 77 WABCને આપેલા એક ઈન્ટરવ્યુ દરમિયાન ટ્રમ્પે ઈરાનની સૈન્ય ક્ષમતા અંગે પણ અનેક દાવા કર્યા હતા. તેમણે કહ્યું કે ઈરાનની સેના, એરફોર્સ અને સૈન્ય નેતૃત્વને મોટું નુકસાન પહોંચાડવામાં આવ્યું છે અને હવે ઈરાનની અગાઉ જેવી સૈન્ય ક્ષમતા રહી નથી.

હોર્મુઝ સ્ટ્રેટ વિશ્વના સૌથી મહત્વપૂર્ણ દરિયાઈ માર્ગોમાંનું એક છે. પર્શિયન ગલ્ફ અને ઓમાનની ખાડી વચ્ચે આવેલો આ દરિયાઈ માર્ગ વૈશ્વિક ઊર્જા સપ્લાય માટે અત્યંત મહત્વ ધરાવે છે. વિશ્વના મોટા પ્રમાણમાં ક્રૂડ ઓઈલ અને અન્ય ઊર્જા ઉત્પાદનોનું પરિવહન આ માર્ગથી થાય છે. આવી સ્થિતિમાં અમેરિકી રાષ્ટ્રપતિ દ્વારા હોર્મુઝ સ્ટ્રેટને પોતાના નિયંત્રણમાં લેવાનો દાવો કરવામાં આવતા તેની આંતરરાષ્ટ્રીય સ્તરે ગંભીર અસર થઈ શકે છે. ટ્રમ્પે ફરી એકવાર સ્પષ્ટ કર્યું કે અમેરિકા કોઈપણ સંજોગોમાં ઈરાનને પરમાણુ હથિયાર બનાવવાની મંજૂરી નહીં આપે. તેમણે દાવો કર્યો કે ઈરાનને પરમાણુ હથિયાર બનાવતા રોકવા માટે સૈન્ય કાર્યવાહી જરૂરી બની હતી. ટ્રમ્પે કહ્યું કે જો ભવિષ્યમાં ઈરાન તરફથી ફરી પરમાણુ હથિયાર અથવા અન્ય કોઈ મોટો ખતરો ઊભો થશે, તો અમેરિકા



ફરીથી કડક સૈન્ય પગલાં લેવામાં પાછળ નહીં હટે.

ટ્રમ્પના જણાવ્યા અનુસાર, ઈરાન પાસે હજુ પણ કેટલીક મિસાઈલો અને ડ્રોન ઉપલબ્ધ છે, પરંતુ તેની સૈન્ય ક્ષમતા પાંચ મહિના પહેલાં જેટલી શક્તિશાળી રહી નથી. તેમના મતે, ઈરાન હવે અગાઉની જેમ મોટા પાયે સૈન્ય કાર્યવાહી કરવાની સ્થિતિમાં નથી. ટ્રમ્પે દાવો કર્યો કે અમેરિકી કાર્યવાહીથી ઈરાનની સૈન્ય વ્યવસ્થાને મોટું નુકસાન થયું છે અને તેની અસર તેની આગળની સૈન્ય ક્ષમતા પર જોવા મળી શકે છે.

ટ્રમ્પે ઈરાન સાથે ભવિષ્યમાં વાતચીત થવાની શક્યતા અંગે પણ મહત્વપૂર્ણ વાત કરી હતી. તેમણે કહ્યું કે ઈરાનના ઘણા મોટા નેતાઓ હવે રહ્યા નથી અને આ પરિસ્થિતિને કારણે નવા કરાર અંગે વાતચીત કરવી વધુ મુશ્કેલ બની ગઈ છે. ટ્રમ્પના મતે હાલમાં સૌથી મોટો પ્રશ્ન એ છે કે ઈરાનમાં વાસ્તવિક નિર્ણયો કોણ લઈ રહ્યું છે અને દેશની સત્તાની અંદર નિર્ણય પ્રક્રિયા કઈ રીતે ચાલી રહી છે.

ટ્રમ્પે ઈરાનની આર્થિક સ્થિતિને લઈને પણ કડક ટિપ્પણી કરી હતી. તેમણે દાવો કર્યો કે ઈરાન ગંભીર આર્થિક સંકટનો સામનો કરી રહ્યું છે અને દેશમાં મોંઘવારીનું પ્રમાણ ખૂબ ઊંચું છે. તેમણે એવો પણ દાવો કર્યો કે ઈરાનની સરકાર માટે પોતાની સેનાના જવાનોને પગાર ચૂકવવામાં પણ મુશ્કેલી પડી રહી છે. ટ્રમ્પના આ દાવાઓનો મુખ્ય હેતુ ઈરાન પર વધતા અમેરિકી દબાણની અસર દર્શાવવાનો હોવાનું માનવામાં આવે છે.

અમેરિકાએ ઈરાન પર આર્થિક દબાણ પણ વધાર્યું છે. ટ્રમ્પનું આ નિવેદન એવા સમયે સામે આવ્યું છે જ્યારે અમેરિકી પ્રશાસને ઈરાન સામે નવા આર્થિક પ્રતિબંધોની જાહેરાત કરી છે. અમેરિકી સરકારનું કહેવું છે કે ઈરાનને આર્થિક રીતે મદદ કરનારા દેશો, સંસ્થાઓ અને અન્ય પક્ષો સામે પણ કડક કાર્યવાહી થઈ શકે છે.

અમેરિકી પ્રતિબંધોની નીતિનો હેતુ ઈરાનની આર્થિક ક્ષમતાને નબળી પાડવા અને તેના પરમાણુ તથા સૈન્ય કાર્યક્રમો પર દબાણ વધારવાનો છે. જો અન્ય દેશો અથવા સંસ્થાઓ ઈરાન સાથે એવા આર્થિક વ્યવહારો કરે છે જેને અમેરિકા પ્રતિબંધોના ઉલ્લંઘન તરીકે જુએ છે, તો તેમના વિરુદ્ધ પણ કાર્યવાહી કરવાની ચેતવણી આપવામાં આવી છે.

હોર્મુઝ સ્ટ્રેટને લઈને ટ્રમ્પનો દાવો ખાસ મહત્વનો છે કારણ કે આ માર્ગ માત્ર ઈરાન માટે જ નહીં પરંતુ સમગ્ર વૈશ્વિક અર્થતંત્ર માટે અત્યંત મહત્વપૂર્ણ છે. અહીં કોઈપણ પ્રકારની સૈન્ય અથડામણ અથવા અવરજવર પર નિયંત્રણ ઊભું થાય તો વૈશ્વિક તેલ બજાર, શિપિંગ ખર્ચ અને ઊર્જા સપ્લાય પર તેની સીધી અસર પડી શકે છે.

# મેડિકલ તપાસ બાદ ઈમરાન ખાનને ફરી અડિયાલા જેલ મોકલાયા, સારવાર અને કોર્ટના આદેશને લઈને પાકિસ્તાનમાં રાજકીય ઘમાસાણ

**ઈસ્લામાબાદ, તા.21**

પાકિસ્તાનના પૂર્વ વડાપ્રધાન અને પાકિસ્તાન તહરીક-એ-ઈન્સાફ એટલે કે પીટીઆઈના સ્થાપક ઈમરાન ખાનને મેડિકલ તપાસ બાદ ફરી અડિયાલા જેલમાં મોકલી દેવામાં આવ્યા છે. શુક્રવારે રાવલપિંડીની અડિયાલા જેલમાં પરત લાવવામાં આવેલા ઈમરાન ખાનને તેમની સેલમાં મોકલી દેવામાં આવ્યા હતા. જિયો ન્યૂઝના અહેવાલ અનુસાર, ઈમરાનને ઈસ્લામાબાદની શિફા ઈન્ટરનેશનલ હોસ્પિટલમાં લઈ ગયા બાદ છ ડોકટરોની ટીમે તેમની તબીબી તપાસ કરી હતી. તપાસ પૂર્ણ થયા બાદ ડોકટરોએ તેમને હોસ્પિટલમાં દાખલ રાખવાની જરૂરિયાત ન હોવાનું જણાવ્યું હતું અને જેલમાં જ તેમની દેખરેખ રાખવી સુરક્ષિત હોવાનું માન્યું હતું.

ઈમરાન ખાનને ગુરુવારે મોડી રાત્રે અડિયાલા જેલમાંથી ભારે સુરક્ષા વચ્ચે ઈસ્લામાબાદની શિફા ઈન્ટરનેશનલ હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા. તેમના હોસ્પિટલ પહોંચતા જ આસપાસની સુરક્ષા વ્યવસ્થા વધુ કડક કરવામાં આવી હતી. હોસ્પિટલની લાઈટો બંધ કરી દેવામાં આવી હતી અને હોસ્પિટલના સ્ટાફના મોબાઈલ ફોન પણ જમા કરાવી લેવામાં આવ્યા હતા. હોસ્પિટલની બહાર હાજર મીડિયાકર્મીઓને પણ ત્યાંથી દૂર કરવામાં આવ્યા હતા. ઈમરાનને હોસ્પિટલ લઈ જવાની માહિતી સામે આવતા જ પાકિસ્તાનમાં તેમના સમર્થકો અને રાજકીય વર્તુળોમાં ભારે ચર્ચા શરૂ થઈ હતી.

હોસ્પિટલમાં તપાસ બાદ તેમને ફરી જેલમાં મોકલવાનો નિર્ણય એવા સમયે આવ્યો છે જ્યારે ઈમરાન ખાનની તબિયત અને તેમની સારવારને લઈને પાકિસ્તાનની સુપ્રીમ કોર્ટમાં પણ મામલો ચાલી રહ્યો છે. કોર્ટમાં રજૂ કરવામાં આવેલા મેડિકલ રિપોર્ટમાં ઈમરાન ખાનના સ્વાસ્થ્ય અંગે ચિંતા વ્યક્ત કરવામાં આવી હતી. રિપોર્ટ અનુસાર તેમના બ્લડ પ્રેશરમાં વધઘટ, હૃદયના ધબકારા વધવા અને નોંધપાત્ર માનસિક તણાવ જેવી સમસ્યાઓ સામે આવી હતી. ઈમરાન ખાનનું તાજેતરનું બ્લડ પ્રેશર 140/80 નોંધાયું હતું, જ્યારે ફેબ્રુઆરીમાં તેમનું બ્લડ પ્રેશર 120/80 હતું. તેમની નાડી પ્રતિ મિનિટ 54 વખત નોંધાઈ હતી. આ મેડિકલ સ્થિતિને ધ્યાનમાં રાખીને સુપ્રીમ કોર્ટે ઈમરાન ખાનના સ્વાસ્થ્યની વધુ વિગતવાર તપાસ માટે મેડિકલ બોર્ડ બનાવવાનો આદેશ આપ્યો છે.

સુપ્રીમ કોર્ટના આદેશ અનુસાર આ મેડિકલ બોર્ડમાં વિવિધ ક્ષેત્રના નિષ્ણાત ડોકટરોને સામેલ કરવામાં આવશે. ઈમરાન ખાનની બહેન ડો. ઉઝમા ખાન અને તેમના અંગત ડોક્ટરને પણ બોર્ડમાં સામેલ કરવાની વાત કહેવામાં આવી છે. મેડિકલ બોર્ડ ઈમરાનની સંપૂર્ણ તપાસ કરશે અને અગાઉના મેડિકલ રિપોર્ટ્સનો પણ અભ્યાસ



કરશે. આ તપાસનો હેતુ તેમની વાસ્તવિક તબીબી સમસ્યાઓ સમજવાનો, બ્લડ ક્લોટ કેમ બની રહ્યો છે તે જાણવા અને ભવિષ્યમાં કોઈ ગંભીર જોખમની શક્યતા છે કે નહીં તે નક્કી કરવાનો રહેશે.

મેડિકલ બોર્ડની તપાસ બાદ ઈમરાન ખાનને કઈ સારવારની જરૂર છે અને તેમની સારવાર જેલની અંદર થઈ શકે છે કે પછી તેમને હોસ્પિટલમાં દાખલ કરવું જરૂરી છે તે અંગે પણ નિર્ણય લેવામાં આવી શકે છે. હાલમાં હોસ્પિટલના ડોકટરોની તપાસ બાદ તેમને ફરી અડિયાલા જેલ મોકલવામાં આવ્યા છે.

આ દરમિયાન પાકિસ્તાન સરકારે ઈમરાન ખાનને સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં મોકલવાના સુપ્રીમ કોર્ટના આદેશને લઈને ફરીથી કાનૂની રસ્તો અપનાવ્યો છે. સરકારે ગુરુવારે સુપ્રીમ કોર્ટમાં રિવ્યુ પિટિશન દાખલ કરીને અગાઉના આદેશ પર પુનર્વિચાર કરવાની અને તેને પાછો ખેંચવાની માગ કરી છે.

સુપ્રીમ કોર્ટના આદેશ બાદ પાકિસ્તાન સરકારે શરૂઆતમાં કોર્ટના નિર્દેશોનું પાલન કરવાની વાત કરી હતી. પરંતુ ત્યારબાદ સરકારે પોતાનું વલણ બદલ્યું અને રિવ્યુ પિટિશન દાખલ કરી. અહેવાલો અનુસાર સરકાર દ્વારા દાખલ કરવામાં આવેલી પહેલી રિવ્યુ પિટિશન કોર્ટના રજિસ્ટ્રાર ઓફિસે પરત કરી દીધી હતી. અરજી સાથે જરૂરી દસ્તાવેજોનો સંપૂર્ણ સેટ જોડવામાં આવ્યો ન હોવાનું તેનું કારણ જણાવવામાં આવ્યું હતું. બીજી તરફ, ઈમરાન ખાનના વકીલ ખાલિદ યુસુફ ચૌધરીએ પણ ગંભીર આરોપ લગાવ્યો છે. સુપ્રીમ કોર્ટ દ્વારા નક્કી કરાયેલી સમયમર્યાદા પસાર થયા બાદ તેમણે કહ્યું હતું કે તેઓ અડિયાલા જેલની બહાર હાજર હતા, પરંતુ તેમને ઈમરાન ખાનને મળવાની મંજૂરી આપવામાં આવી નહોતી. વકીલના જણાવ્યા અનુસાર તેમને ઈમરાન ખાન પાસેથી અવમાનના અરજી અને પાવર ઓફ એટર્ની પર સહી કરાવવાની હતી. જોકે, જેલ પ્રશાસને તેમને ઈમરાનને મળવા દીધા નહોતા. ચૌધરીએ આરોપ લગાવ્યો કે તેમને ઈમરાનને મળવાથી રોકવાનો હેતુ સુપ્રીમ કોર્ટમાં તેમની સારવારને લઈને અવમાનના અરજી દાખલ કરવાની પ્રક્રિયાને અટકાવવાનો છે. તેમણે સ્પષ્ટ કર્યું કે તેમ છતાં તેઓ સુપ્રીમ કોર્ટમાં અવમાનના અરજી દાખલ કરશે. ઈમરાન ખાનની રાજકીય સ્થિતિને લઈને પણ પાકિસ્તાનમાં અનેક પ્રકારની ચર્ચાઓ ચાલી રહી છે. છેલ્લા કેટલાક વર્ષોથી જેલમાં રહેલા ઈમરાનને પાકિસ્તાનના સૈન્ય નેતૃત્વ માટે મોટો રાજકીય પડકાર માનવામાં આવે છે. અહેવાલોમાં એવો દાવો પણ કરવામાં આવ્યો છે કે આર્મી ચીફ આસિમ મુનીર ઈમરાન ખાનની મુક્તિમાં ભૂમિકા ભજવીને આંતરરાષ્ટ્રીય સ્તરે પોતાની છબી સુધારવાના પ્રયાસમાં હોઈ શકે છે. જોકે, આવા દાવાઓને લઈને કોઈ સત્તાવાર પુષ્ટિ સામે આવી નથી.

ઈમરાન ખાન આંતરરાષ્ટ્રીય સ્તરે જાણીતી વ્યક્તિ છે. તેમના ક્રિકેટ કરિયર, ઓક્સફર્ડ સાથેના શૈક્ષણિક જોડાણ અને બ્રિટિશ-પાકિસ્તાની સામાજિક વર્તુળોમાં તેમની ઓળખને કારણે તેઓ લાંબા સમયથી વૈશ્વિક સ્તરે ચર્ચામાં રહ્યા છે. તેમની પ્રથમ પત્ની જેમિમા ગોલ્ડસ્મિથ સાથેના લગ્નને કારણે પણ તેઓ આંતરરાષ્ટ્રીય મીડિયામાં ખાસ ઓળખ ધરાવતા રહ્યા છે. અહેવાલો અનુસાર અમેરિકી અને બ્રિટિશ સંસદના 35થી વધુ સાંસદો પણ ઈમરાન ખાનની મુક્તિ અંગે અવાજ ઉઠાવી ચૂક્યા છે. ઈમરાન ખાન ઓગસ્ટ 2023થી જેલમાં છે. શરૂઆતમાં તેમને તોશાખાના કેસમાં ત્રણ વર્ષની સજા સંભળાવવામાં આવી હતી અને ત્યારબાદ તેમની ધરપકડ કરવામાં આવી હતી. ત્યાર પછી તેમની સામે સાયફર, અલ-કાદિર ટ્રસ્ટ અને ઈદ્દત નિકાહ સહિત અનેક કેસોમાં કાર્યવાહી કરવામાં આવી. કેટલાક કેસોમાં તેમને કોર્ટમાંથી રાહત મળી છે.

# પેરુમાં 6.7ની તીવ્રતાનો શક્તિશાળી ભૂકંપ, દક્ષિણ પેરુના અનેક વિસ્તારોમાં આંચકા અનુભવાયા

**પેરુ, તા.21**

પેરુના દક્ષિણ ભાગમાં ગુરુવારે 6.7ની તીવ્રતાનો શક્તિશાળી ભૂકંપ આવ્યો હતો. ભૂકંપના આંચકાથી દક્ષિણ પેરુના અનેક વિસ્તારોમાં લોકોમાં ગભરાટ ફેલાયો હતો, જોકે પ્રાથમિક માહિતી અનુસાર હજુ સુધી ભૂકંપના કારણે કોઈ મોટા નુકસાન કે જાનહાનિના સમાચાર સામે આવ્યા નથી. ભૂકંપના આંચકા અનુભવાતા કેટલાક વિસ્તારોમાં લોકો પોતાના ઘરો અને ઈમારતોમાંથી બહાર નીકળી આવ્યા હતા.

આ ભૂકંપ સ્થાનિક સમય અનુસાર ગુરુવારે બપોરે લગભગ 1 વાગ્યે આવ્યો હતો, જે ભારતીય સમય અનુસાર રાત્રે આશરે 11:30 વાગ્યાનો સમય થાય છે. ભૂકંપનું કેન્દ્ર આયાકુચો ક્ષેત્રના પેરિનાકોચાસ પ્રાંતમાં આવેલા ઉપાહુઆચો શહેરથી લગભગ 38 કિલોમીટર ઉત્તર-પશ્ચિમમાં નોંધાયું હતું. ભૂકંપની ઊંડાઈ આશરે 66.7 કિલોમીટર હોવાનું જણાવવામાં આવ્યું છે.

ભૂકંપના આંચકા દક્ષિણ પેરુના અનેક વિસ્તારોમાં અનુભવાયા હતા. તેમાં ઈકા અને અરેક્વિપા જેવા મહત્વપૂર્ણ વિસ્તારોનો પણ સમાવેશ થાય છે. ભૂકંપની તીવ્રતા 6.7 હોવાના કારણે લોકોમાં ભયનો માહોલ જોવા મળ્યો હતો, પરંતુ ભૂકંપનું કેન્દ્ર જમીનની અંદર નોંધપાત્ર ઊંડાઈએ હોવાથી તેની અસર કેટલી ગંભીર રહી તે અંગે સ્થાનિક અધિકારીઓ દ્વારા સ્થિતિનું મૂલ્યાંકન કરવામાં આવી રહ્યું છે.

ભૂકંપ બાદ સ્થાનિક વહીવટીતંત્ર અને સંબંધિત એજન્સીઓ દ્વારા સંભવિત નુકસાનની માહિતી એકત્ર કરવામાં આવી રહી છે. ખાસ કરીને રસ્તાઓ, પુલો, ઈમારતો અને અન્ય મહત્વપૂર્ણ માળખાકીય સુવિધાઓને કોઈ નુકસાન થયું છે કે નહીં તેની તપાસ કરવામાં આવી



રહી છે. શરૂઆતના અહેવાલોમાં કોઈ મોટી જાનહાનિ અથવા ગંભીર નુકસાનની માહિતી મળી નથી.

પેરુ વિશ્વના એવા દેશોમાં સામેલ છે જ્યાં ભૂકંપની ઘટનાઓ સામાન્ય છે. તેનું મુખ્ય કારણ પેરુનું પ્રશાંત મહાસાગરના કહેવાતા ‘રિંગ ઓફ ફાયર’ વિસ્તારમાં આવેલું હોવું છે. રિંગ ઓફ ફાયર પ્રશાંત મહાસાગરની આસપાસ આવેલો વિશાળ ભૂકંપીય અને જ્વાળામુખી સક્રિય વિસ્તાર છે. અહીં અનેક ટેક્ટોનિક પ્લેટ્સ એકબીજા સાથે અથડાતી અથવા એકબીજાની નીચે સરકતી હોવાથી વારંવાર ભૂકંપ અને જ્વાળામુખી પ્રવૃત્તિ જોવા મળે છે.

પેરુમાં અગાઉ પણ અનેક શક્તિશાળી ભૂકંપ આવી ચૂક્યા છે. ખાસ કરીને વર્ષ 2007નો ભૂકંપ આજે પણ દેશના સૌથી વિનાશક ભૂકંપોમાંથી એક તરીકે યાદ કરવામાં આવે છે. તે સમયે ઈકા ક્ષેત્રના એક પ્રાંતમાં 7.9ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો. આ વિનાશક ભૂકંપમાં લગભગ 600 લોકોના મોત થયા હતા અને મોટી સંખ્યામાં લોકો અસરગ્રસ્ત બન્યા હતા. અનેક ઈમારતોને ભારે નુકસાન પહોંચ્યું હતું અને લોકો લાંબા સમય સુધી મુશ્કેલીમાં રહ્યા હતા.

પેરુમાં આવેલા તાજા 6.7ની તીવ્રતાના ભૂકંપને કારણે ફરી એકવાર દેશની ભૂકંપીય સંવેદનશીલતા ચર્ચામાં આવી છે. જોકે, ભૂકંપની તીવ્રતા અને તેના કારણે થનાર નુકસાન હંમેશાં એકસરખું હોતું નથી. ભૂકંપની ઊંડાઈ, કેન્દ્રથી અંતર, જમીનની રચના અને ઈમારતોની મજબૂતી જેવા અનેક પરિબળો તેની અસર નક્કી કરે છે.

આ દરમિયાન વર્ષ 2026માં દક્ષિણ અમેરિકાના અન્ય વિસ્તારોમાં પણ શક્તિશાળી ભૂકંપની ઘટનાઓ સામે આવી છે. 24 જૂને વેનેઝુએલામાં 7.2ની તીવ્રતાનો મોટો ભૂકંપ આવ્યો હોવાનો અહેવાલ છે. આ ઘટનામાં 6 હજારથી વધુ લોકોના મોત થયાનો દાવો કરવામાં આવ્યો છે. આ ઉપરાંત 10 ઓગસ્ટે કોલંબિયામાં આવેલા ભૂકંપમાં પણ 70થી વધુ લોકોના મોત થયાના અહેવાલો સામે આવ્યા હતા.

દક્ષિણ અમેરિકાના દેશોમાં વારંવાર આવતા આવા ભૂકંપને કારણે સરકારો અને સ્થાનિક તંત્રો માટે આપત્તિ વ્યવસ્થાપન સૌથી મહત્વપૂર્ણ મુદ્દાઓમાંનું એક બની ગયું છે. ભૂકંપની આગાહી ચોક્કસ સમય સાથે કરવી મુશ્કેલ હોવાથી ઈમારતોને ભૂકંપ પ્રતિરોધક બનાવવી, ઈમરજન્સી સેવાઓ તૈયાર રાખવી અને લોકોને ભૂકંપ દરમિયાન કેવી રીતે સુરક્ષિત રહેવું તેની તાલીમ આપવી ખૂબ જ જરૂરી બને છે.

પેરુમાં આવેલા 6.7ની તીવ્રતાના તાજા ભૂકંપ બાદ હાલ સૌથી મોટી રાહતની વાત એ છે કે પ્રાથમિક અહેવાલોમાં કોઈ મોટા નુકસાન અથવા જાનહાનિની માહિતી સામે આવી નથી. જોકે, ભૂકંપ બાદ કેટલીકવાર આફ્ટરશોક એટલે કે અનુસંધાન આંચકા પણ આવી શકે છે. તેથી સ્થાનિક તંત્ર દ્વારા સ્થિતિ પર નજર રાખવામાં આવી રહી છે અને સંભવિત નુકસાન અંગે વધુ માહિતીની રાહ જોવામાં આવી રહી છે.

દક્ષિણ પેરુમાં આવેલા આ શક્તિશાળી ભૂકંપે ફરી એકવાર યાદ અપાવ્યું છે કે પ્રશાંત મહાસાગરના રિંગ ઓફ ફાયર વિસ્તારમાં આવેલા દેશોમાં કુદરતી આપત્તિનો ખતરો સતત રહે છે. પેરુ સહિત આ વિસ્તારમાં આવેલા દેશો માટે ભૂકંપ સામેની તૈયારીઓ, મજબૂત બાંધકામ અને ઝડપી રાહત વ્યવસ્થા ભવિષ્યમાં જાનમાલનું નુકસાન ઘટાડવા માટે અત્યંત મહત્વપૂર્ણ બની રહેશે.

## તંત્રી લેખ

# અમેરિકામાં ભારતીયો સાથે હેટક્રાઈમમાં ચિંતાજનક વધારો

અમેરિકામાં શીખો સામે સૌથી વધુ ૨૪.૬ ટકા હેટ ક્રાઈમના બનાવો બન્યાં. હિન્દુઓ સામે ૧૨ ટકા, બૌદ્ધ ધર્મ પાળતા ભારતીયો સામે ૭.૭ ટકા હેટક્રાઈમના બનાવો બન્યાં. અમેરિકન તપાસ એજન્સી એફબીઆઈના લેટેસ્ટ અહેવાલમાં ચિંતા વ્યક્ત કરાઈ કે ભારતીયોને ટાર્ગેટ બનાવવાનું વધ્યું છે. અમેરિકામાં ઓવરઓલ હેટક્રાઈમની ઘટનામાં સાત ટકાનો ઘટાડો થયો છે, પરંતુ ભારતીયોને ટાર્ગેટ કરવાનું વધ્યું છે. વારંવાર હેટક્રાઈમના બનાવો ન્યૂઝમાં ચમકે છે. હજુ ગયા મહિને ન્યૂયોર્કમાં બે લોકો પર ચાકુથી હુમલો થયો હતો. એ હેટક્રાઈમ હતો. ન્યૂયોર્કના મેયર મામદાનીએ તાત્કાલિક અસરથી પોલીસને કાર્યવાહીનો આદેશ આપ્યો હતો અને એમાં એક ૫૧ વર્ષીય અમેરિકન પકડાયો હતો. હેટક્રાઈમના રેટમાં જે ઘટાડો ઓનપેપર દેખાય છે તે ભ્રામક હોવાની પૂરી શક્યતા છે. એવોય આરોપ લાગી રહ્યો છે કે એશિયા-આફ્રિકાના દેશોમાં જે રીતે અમુક કેસ રજિસ્ટર થતા નથી એવું હવે અમેરિકામાં પણ શરૂ થયું છે. ઉપરના લેવલથી મીઠી નજર હોવાથી અમેરિકાનો રેકોર્ડ ઉજળો રાખવા હેટક્રાઈમની નાની-મોટી ઘટનાઓ તો નોંધવામાં જ આવતી નથી. જેમાં મીડિયાનું ધ્યાન પડે એવી ઘટનાઓ જ નોંધાય છે. નહીં તો એક નહીં તો બીજી રીતે દબાવી દેવામાં આવે છે. ભારત સરકારે પણ રાજ્યસભામાં એક સવાલના જવાબમાં સ્વીકાર્યું હતું કે અમેરિકામાં છેલ્લાં દસેક વર્ષમાં ૧૧૩૯ ભારતીયો હેટ ક્રાઈમનો ભોગ બન્યા હતા. સરકારે સ્વીકાર્યું કે અમેરિકામાં થતાં હેટક્રાઈમમાં ભારતીયોને ટાર્ગેટ કરવાનું વધ્યું છે. ચિંતાજનક રીતે ભારતીયોને અવારનવાર નિશાન બનાવવામાં આવે છે. ભારતના વિદેશ મંત્રાલયે એકથી વધુ વખત આ મુદ્દો અમેરિકન સરકાર સમક્ષ ઉઠાવ્યો છે. અમેરિકન અધિકારીઓ ઠાલા વાયદા કરીને ભારતીયોની સુરક્ષામાં ધ્યાન આપવાનું કહે છે ખરા, પરંતુ જ્યાં પ્રમુખની પૉલિસી જ આક્રમક હોય ત્યાં સુરક્ષામાં કેટલું ધ્યાન અપાય તે સમજી શકાય તેમ છે. અમેરિકામાં ડોનાલ્ડ ટ્રમ્પ પ્રમુખ બન્યાં ત્યારથી ભારતીયો સહિત તમામ વિદેશી નાગરિકોને નિશાન બનાવવાનું વધ્યું છે. ડોનાલ્ડ ટ્રમ્પ અમેરિકન ફર્સ્ટની નીતિને ફોલો કરે છે. એ પૉલિસીની અસર સ્ટૂડન્ટ વિઝા, વર્ક વિઝા સહિત તમામ કેટેગરીમાં પડે છે. વિદેશી નાગરિકોને, ખાસ તો ભારતીયોને અમેરિકાના આઈટી સેક્ટરમાં નોકરી ન મળે તે માટે ટ્રમ્પ હરસંભવ પ્રયાસો કરે છે. ભારતીયોને ટાર્ગેટ કરીને પ્રમુખ ખુદ આક્રમક નિવેદનો આપતા રહે છે. તેના પરિણામે હેટક્રાઈમની ઘટનાઓ ઘટવાને બદલે વધતી જાય છે. ભારતીયોમાં પણ શીખ ધર્મના લોકોને વધારે નફરતની નજરથી જોવામાં આવે છે. અમેરિકામાં એક જ દશકામાં શીખો સામે હેટક્રાઈમના બનાવોમાં ૩૭૦૦ ટકાનો વધારો નોંધાયો છે. ૨૦૧૫માં શીખોને ટાર્ગેટ કરીને છ હુમલા થયા હતા. તેની સામે ૨૦૨૫માં ૨૨૮ શીખોને નિશાન બનાવીને હુમલા થયા છે. અમેરિકાના ટેક્સાસમાં ભારતીય મૂળની ચાર અમેરિકન મહિલાઓ સાથે વંશીય ભેદભાવ થયો એ ઘટના બે-અઢી વર્ષ પહેલા ભારે ચકચારી બની હતી. એક મેક્સિકન-અમેરિકન મહિલાએ ગન બતાવીને આ મહિલાઓને ધમકી આપી હતી. એટલું જ નહીં, ગો બેક ટુ ઈન્ડિયાનો નારો પણ આ આરોપી મહિલાએ લગાવ્યો હતો. ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થયો હતો. એ પછી ભારતીય નાગરિકોમાં આક્રોશ ફેલાયો હતો. અમેરિકા સ્થિત ભારતીય સંગઠનોએ આ ઘટનાને બહુ જ ગંભીર અને નિરાશાજનક ગણાવી હતી. વીડિયોના કારણે ઓળખ થઈ ગઈ હોવા છતાં આરોપી મહિલા સામે કોઈ કાર્યવાહી થઈ ન હતી. એ વખતે અમેરિકામાં બાઈડનની સરકાર હતી તે છતાં દાખલો બેસે એવી કાર્યવાહી થઈ ન હતી. ટ્રમ્પની સરકારમાં તો દાખલો બેસે એવી કાર્યવાહી માત્ર કલ્પના જ બની રહી છે. ત્રણ વર્ષ પહેલાં ગુજરાતી મૂળના નાગરિક સાથે બનેલી ઘટનાએ આખા અમેરિકામાં ભારતીયોને એકજૂટ કર્યા હતા. ન્યૂયોર્કના લોઅર ઈસ્ટસાઈડમાં ફૂડ ડિલિવરી એપમાં ડિલિવરી મેનનું કામ કરનારા ગુજરાતી મૂળના ભરત પટેલ પર હુમલો થયો હતો. શોન કૂપર નામના આરોપીએ છરીથી ભરત પટેલને ઈજાગ્રસ્ત કર્યા હતા.

**આ સત્રમાં 12 પ્રસ્તાવિત બિલમાંથી 11ને હોબાળા વચ્ચે કોઈ પણ ચર્ચા વગર પસાર કરાવી દેવાયા. બીજી તરફ, કેટલાક મોટા અને વિવાદિત વિધેયકો જેવા કે એફસીઆરએ સુધારા અને વિકસિત ભારત શિક્ષણ અધિષ્ઠાન બિલ સંયુક્ત સંસદીય સમિતિની સમીક્ષામાં અટવાઈને રહી ગયા. વિપક્ષના સતત હોબાળાને કારણે પ્રશ્નકાળ અને શૂન્યકાળ જેવી સંસદીય વ્યવસ્થાઓ અસરકારક રીતે ચાલી શકી નહીં. બે મોટા બિલ માત્ર ૧૪ મિનિટમાં પસાર કરી દેવામાં આવ્યા**

# ચોમાસું સત્ર નિષ્ફળ : હોબાળા, વિરોધ વચ્ચે લોકશાહીના લીરેલીરા ઉડે છે!

## સત્તામાં રહેવા કે સત્તામાં આવવા ઘણા હવે પોતાની કિંમત લગાવવા માંડયા છે. ગમે ત્યારે અને ગમે તે રીતે સાંસદોને ખરીદી શકાય છે

આ સત્રમાં 12 પ્રસ્તાવિત બિલમાંથી 11ને હોબાળા વચ્ચે કોઈ પણ ચર્ચા વગર પસાર કરાવી દેવાયા. બીજી તરફ, કેટલાક મોટા અને વિવાદિત વિધેયકો જેવા કે એફસીઆરએ સુધારા અને વિકસિત ભારત શિક્ષણ અધિષ્ઠાન બિલ સંયુક્ત સંસદીય સમિતિની સમીક્ષામાં અટવાઈને રહી ગયા. વિપક્ષના સતત હોબાળાને કારણે પ્રશ્નકાળ અને શૂન્યકાળ જેવી સંસદીય વ્યવસ્થાઓ અસરકારક રીતે ચાલી શકી નહીં. બે મોટા બિલ માત્ર ૧૪ મિનિટમાં પસાર કરી દેવામાં આવ્યા : સાંસદોના ધતિંગોના કારણે જ ૫૮ ટકા બિલ રજૂ થયાના બે અઠવાડિયાની અંદર જ પસાર કરી દેવામાં આવ્યા, અને લોકસભામાં ૩૫ ટકા બિલો પર એક કલાક કરતાં પણ ઓછી ચર્ચા થઈ. ૧૭મી લોકસભામાં તો માત્ર ૧૦ ટકા બિલ જ સમિતિઓને મોકલાયા, એટલે કે માત્ર ૧૪ વિધેયકોની જ સમીક્ષા થઈ શકી. સમગ્ર રીતે ૨૦૧૯-૨૦૨૪ના ગાળાનું સરેરાશ કામકાજ માત્ર ૪૨ ટકા રહ્યું, જે ૧૯૫૨ પછી સૌથી ઓછી બેઠકો ધરાવતો લોકસભા કાર્યકાળ બન્યો : યુપીએના દસ વર્ષ, ખાસ કરીને તેનો બીજો કાર્યકાળ (UPA-૨), આ બાબતે ઓછો બદનામ નહોતો.

છેલ્લાં દાયકાથી દેશની સંસદ ન્યાય અને નીતિઓના ઘડતર કરતાં વિરોધ, શોરબકોર, બેનરો દર્શાવવા, હોબાળા કરવા અને ગૃહના મોકૂફની રાજકારણનો અખાડો બની ગઈ છે. પ્રજા પોતાના પરસેવાની કમાણીમાંથી ટેક્સ ભરે છે જેથી દેશનું તંત્ર સરસ રીતે ચાલી શકે. પરંતુ જ્યારે લોકસભા અને રાજ્યસભામાં એકપણ કલાક કામ કર્યા વગર માત્ર સૂત્રોચ્ચાર અને હોબાળાને કારણે ગૃહ સ્થગિત કરી દેવામાં આવે છે, ત્યારે દર મિનિટે પ્રજાના લાખો રૂપિયા વેડફાઈ જાય છે. ચિંતાની વાત એ છે કે, આ સાંસદો હવે નીતિમત્તા ભુલી ગયા છે. સત્તામાં રહેવા કે સત્તામાં આવવા ઘણા હવે પોતાની કિંમત લગાવવા માંડયા છે. ગમે ત્યારે અને ગમે તે રીતે સાંસદોને ખરીદી શકાય છે, પોતાની તરફ કરી લેવાય છે. સત્તાની સાઠમારીમાં બધું જ ચાલે છે પણ પ્રજાનું કલ્યાણ ક્યાંય કોરાણે મુકી દેવાયું છે. તેમાંય સંસદની કામગીરી દરમિયાન વિરોધ કરવાનો અને પ્રજાના પ્રશ્નોને પડતા મુકી દેવાના. દર વર્ષે કરોડો રૂપિયા સાંસદો પાછળ ખર્ચવામાં આવે છે છતાં તેનું કોઈ પરિણામ મળતું નથી.

સંસદનું ચોમાસુ સત્ર ગત અઠવાડિયે સમાપ્ત થઈ ગયું. છેલ્લા દિવસો સુધી સંસદની અંદર અને સંસદની બહાર એ જ નાટકિય ચિત્ર રહ્યું જે છેલ્લા દોઢ દાયકાથી દરેક સત્રની ઓળખ બની ચૂક્યું છે.

માત્ર હોબાળો, સંસદની કામગીરી સ્થગિત થવી અને અને ઉતાવળમાં પસાર થતા ખરડાઓ. સત્રના અંતિમ તબક્કામાં એફસીઆરએ (ખભઇછ) સુધારા બિલને લઈને ગૃહમાં આકરી ચર્ચા થઈ. ગૃહ રાજ્યમંત્રી નિત્યાનંદ રાયે તેને સંયુક્ત સંસદીય સમિતિ (વઁભ) પાસે મોકલવાનો પ્રસ્તાવ મૂક્યો, કોંગ્રેસ સાંસદ કે.સી. વેણુગોપાલે વિરોધ કરતાં તેને પાછું ખેંચવાની માંગ કરી અને આખરે ઘોંઘાટ વચ્ચે ગૃહે ધ્વનિ મતથી આ બિલને સંયુક્ત સંસદીય સમિતિ પાસે મોકલવાની મંજૂરી આપી.

આ એકમાત્ર કિસ્સો નહોતો. સંસદીય બાબતોના રાજ્યમંત્રી અર્જુન રામ મેઘવાલે સ્વીકાર્યું કે આ સત્રમાં સરકારને ૧૨ પ્રસ્તાવિત બિલમાંથી ૧૧ને હોબાળા વચ્ચે કોઈ પણ ચર્ચા વગર પસાર કરાવવા પડયા, જેની જવાબદારી તેમણે વિપક્ષ પર નાખી. બીજી તરફ, કેટલાક મોટા અને વિવાદિત વિધેયકો જેવા કે એફસીઆરએ સુધારા અને વિકસિત ભારત શિક્ષણ અધિષ્ઠાન બિલ સંયુક્ત સંસદીય સમિતિની સમીક્ષામાં અટવાઈને રહી ગયા. વિપક્ષના સતત હોબાળાને કારણે પ્રશ્નકાળ અને શૂન્યકાળ જેવી સંસદીય વ્યવસ્થાઓ અસરકારક રીતે ચાલી શકી નહીં. બે મોટા બિલ માત્ર ૧૪ મિનિટમાં પસાર કરી દેવામાં આવ્યા, જ્યારે સીમાંકન વિધેયકને લઈને અગાઉથી ચાલી રહેલી ચર્ચા



છતાં સરકારે તેને ફરીથી પટલ પર રજૂ કરવાનું ટાળી દીધું. કદાચ હવે શિયાળુ સત્રમાં તેનો વારો આવે તેમ લાગે છે.

ભાજપે વર્ષ ૨૦૧૪માં સત્તા સંભાળ્યા પછી તરત જ ૧૬મી લોકસભાએ મોટી આશાઓ જગાડી હતી. તે વર્ષે લોકસભાએ બજેટ સત્રમાં તેના નિર્ધારિત સમયના ૧૦૪ ટકા અને શિયાળુ સત્રમાં ૯૮ ટકા સમય કામ કર્યું હતું, જ્યારે રાજ્યસભા બજેટ સત્રમાં ૧૦૬ ટકા સમય ચાલી હતી. તેવી જ રીતે વર્ષ ૨૦૧૯માં જ્યારે એનડીએ સરકાર ફરી સત્તામાં આવી, ત્યારે પ્રારંભિક ઉત્સાહ વધુ હતો. તેમાંય ૧૭મી લોકસભાનું પ્રથમ સત્ર ૨૦ વર્ષમાં સૌથી વધુ કામકાજ ધરાવતું સાબિત થયું, જેમાં કામકાજ ૧૨૮ ટકા સુધી પહોંચ્યું અને રાજ્યસભામાં લગભગ ૯૮ ટકા કામ થયું.

ઉલ્લેખનીય છે કે, આ કામગીરીનો દેખાડો ખાસ લાંબો ચાલ્યો નહીં. હવે વાસ્તવિકતા ઉપર નજર નાખીએ તો ખ્યાલ આવશે કે આ નાટકિયા નેતાઓએ વિરોધ અને સમર્થનના ખેલના નામે લોકશાહીના લીરેલીરા ઉડાડવા સિવાય અને પ્રજાને મૂર્ખ બનાવવા સિવાય કશું જ કર્યું નથી. ઉલ્લેખનીય છે કે, ૧૭મી લોકસભાએ કુલ ૨૭૪ બેઠકો કરી, એટલે કે વાર્ષિક સરેરાશ માત્ર ૫૫ દિવસ, જે સંસદીય ઈતિહાસમાં સૌથી ઓછો છે.

આ સમયગાળા દરમિયાન લોકસભા તેના નિર્ધારિત સમયના ૮૮ ટકા અને રાજ્યસભા માત્ર ૭૩ ટકા જ ચાલી શકી. આ જ સમયગાળામાં બંને ગૃહોમાં ગંભીર ગેરશિસ્તના કારણે સાંસદોના નિલંબનની ૨૦૬ ઘટનાઓ નોંધાઈ અને જવાબદેહીનું સૌથી મહત્ત્વનું સાધન ગણાતો પ્રશ્નકાળ પણ નબળો પડતો ગયો. લોકસભામાં માત્ર ૨૪ ટકા અને રાજ્યસભામાં ૩૧ ટકા પ્રશ્નોના મૌખિક જવાબો મળી શક્યા.

જાણકારોના મતે સાંસદોના ધતિંગોને પગલે કાયદો બનાવવાની પ્રક્રિયા પર આની સીધી અસર પડી. તેના કારણે જ ૫૮ ટકા બિલ રજૂ થયાના બે અઠવાડિયાની અંદર જ પસાર કરી દેવામાં આવ્યા, અને લોકસભામાં ૩૫ ટકા બિલો પર એક કલાક કરતાં પણ ઓછી ચર્ચા થઈ. સમિતિ વ્યવસ્થા, જેને કાયદાઓની ઝીણવટભરી તપાસનું સૌથી વિશ્વસનીય માધ્યમ માનવામાં આવે છે, તે આ સમયગાળા દરમિયાન સૌથી વધુ નબળી પડી.

જ્યાં ૧૪મી અને ૧૫મી લોકસભામાં ૬૦ ટકાથી વધુ બિલો સંસદીય સમિતિઓને મોકલવામાં આવતા હતા, ત્યાં ૧૬મી અને ૧૭મી લોકસભામાં આ આંકડો ઘટીને ૨૦ ટકા થઈ ગયો. ખાસ વાત એ છે કે, ૧૭મી લોકસભામાં તો માત્ર ૧૦ ટકા બિલ જ સમિતિઓને મોકલાયા, એટલે કે માત્ર ૧૪ વિધેયકોની જ સમીક્ષા થઈ શકી. સમગ્ર રીતે ૨૦૧૯-૨૦૨૪ના ગાળાનું સરેરાશ કામકાજ માત્ર ૪૨ ટકા રહ્યું, જે ૧૯૫૨ પછી સૌથી ઓછી બેઠકો ધરાવતો લોકસભા કાર્યકાળ બન્યો.

ઉલ્લેખનીય છે કે, ૧૮મી લોકસભામાં આ વલણ થોડું વધ્યું. ડિસેમ્બર ૨૦૨૪ના શિયાળુ સત્રમાં સંસદીય બાબતોના મંત્રી કિરેન રિજિજુએ સ્વીકાર્યું કે લોકસભાનું કામકાજ માત્ર ૫૪ ટકા અને રાજ્યસભાનું ૪૦ ટકા રહ્યું હતું.

ચોમાસુ સત્રમાં બંને ગૃહોમાં ૧૧૪-૧૧૪ કલાકનું કામ પ્રસ્તાવિત હતું, પરંતુ હોબાળાને કારણે લોકસભામાં કામકાજ ઘટીને માત્ર ૧૯ ટકા અને રાજ્યસભામાં ૩૯.૧૭ ટકા જ થઈ શક્યું; એટલે કે કુલ ૧૭૩ કલાક અને ૧૦ મિનિટનો સમય ઘોંઘાટ અને અવરોધમાં વેડફાઈ ગયો.

એવું કહેવું ખોટું હશે કે સંસદ ઠપ થવાની આ પરંપરા ૨૦૧૪ પછી શરૂ થઈ છે. યુપીએના દસ વર્ષ, ખાસ કરીને તેનો બીજો કાર્યકાળ (UPA-૨), આ બાબતે ઓછો બદનામ નહોતો. સંસદની ૧૫મી લોકસભા (૨૦૦૯-૨૦૧૪) અત્યંત નબળા પ્રદર્શન માટે જાણીતી છે. આ દરમિયાન લોકસભા માત્ર ૬૧ ટકા અને રાજ્યસભા ૬૬ ટકા સમય સુધી જ ચાલી શકી હતી (જ્યારે ૧૩મી અને ૧૪મી લોકસભા અનુક્રમે ૯૧% અને ૮૭% સાથે ઘણી સારી સ્થિતિમાં હતી). તેવી જ રીતે ૧૫મી લોકસભાના નિર્ધારિત સમયનો ૩૦ ટકાથી વધુ હિસ્સો માત્ર હોબાળાનો ભોગ બની ગયો હતો.

વર્ષ ૨૦૧૦નું શિયાળુ સત્ર આ ગાળાનું સૌથી મોટું ઉદાહરણ છે, જ્યારે ૨જી સ્પેક્ટ્રમ ફાળવણી કૌભાંડ પર સંયુક્ત સંસદીય સમિતિની માંગને લઈને વિપક્ષે આખું સત્ર ઠપ કરી દીધું હતું. ત્યારબાદ કોલસા બ્લોક ફાળવણી, રાષ્ટ્રમંડળ રમતોમાં ભ્રષ્ટાચાર અને અણ્ણા હજારેના લોકપાલ આંદોલને સંસદની અંદર અને બહાર વાતાવરણ ગરમ રાખ્યું હતું.

વર્ષ ૨૦૧૩માં તો સ્થિતિ એવી થઈ કે હોબાળાને લીધે લોકસભામાં આખા વર્ષ દરમિયાન રેકોર્ડબ્રેક ૯૨ કલાકનો સમય બરબાદ થયો હતો અને સત્રો સમય પહેલાં જ અનિશ્ચિતકાળ માટે સ્થગિત કરી દેવા પડયા હતા.

ચિંતાજનક બાબત એ છે કે, બજેટ સત્ર એ વર્ષનું સૌથી મહત્વપૂર્ણ સત્ર હોય છે પરંતુ તાજેતરના બજેટ સત્ર દરમિયાન લોકસભામાં વિરોધ પ્રદર્શનો અને સ્થગિતતાને કારણે ૨૦ થી ૨૫ કલાકનો સમય વેડફાયો હતો. જ્યારે રાજ્યસભામાં પણ ૧૨થી ૧૫ કલાકની કામગીરી અટકી પડી હતી. સંસદના ઈતિહાસમાં સૌથી ઓછું ઉત્પાદક બજેટ સત્ર ૨૦૧૮માં નોંધાયું હતું. તે સમયે લોકસભા માત્ર ૩૪ કલાક ચાલી હતી અને ૧૨૭ કલાકથી વધુનો સમય હોબાળામાં વેડફાયો હતો. તેવી જ રીતે ૨૦૨૧માં પેગાસસ જાસૂસી કાંડ અને ખેડૂત આંદોલને સંસદ સત્રનો ભોગ લીધો હતો. આ મુદ્દાના લીધે સતત વિરોધ અને હોબાળો થતા લોકસભાની ઉત્પાદકતા માત્ર ૨૧% અને રાજ્યસભાની માત્ર ૨૮% રહી હતી. બાકીનો તમામ સમય વેડફાઈ ગયો હતો. જાણકારોના મતે બંને ગૃહોના મળીને આશરે ૧૫૦થી વધુ કલાક વેડફાયા હતા. આ ઉપરાંત ૨૦૨૩માં જ્યારે અદાણી-હિન્ડનબર્ગ અહેવાલનો વિવાદ થયો ત્યારે પણ બજેટ સત્રના બીજા તબક્કાનો ભોગ લેવાયો હતો. વિપક્ષ દ્વારા હિન્ડનબર્ગ રિપોર્ટ પર JPCની માંગણી અને સત્તાપક્ષ દ્વારા રાહુલ ગાંધીના વિદેશી નિવેદન પર માફીની માંગ થતાં મામલો ગુંચવાયો હતો. તેના કારણે લોકસભામાં માત્ર ૫% અને રાજ્યસભામાં માત્ર ૬% જ કામ થઈ શક્યું હતું. ગત વર્ષે પણ ચોમાસુ સત્રમાં લોકસભામાં જે સાંસદોએ દેશના હિતમાં ૧૨૦ કલાક ચર્ચા કરવાની હતી તેમાંથી તેમણે ફક્ત ૩૭ કલાક જ કામ કર્યું, ૮૩ કલાક વેડફાયા. તેનો અર્થ એ છે કે, ૩૧% કામ થયું. રાજકારણના નામે હોબાળો કરીને ૬૯% સમય વેડફ્યો અને રાજ્યસભામાં પણ એવું જ થયું. જ્યાં ૧૨૦ કલાક કામના કલાક સામે માત્ર ૪૭ કલાક કામ કર્યું પછી સાંસદોએ ૭૩ કલાક વેડફી કાઢ્યા. આમ અહીંયા પણ ૩૮% કામ થયું, ૬૨% સમય જનતા માટે બિલકુલ વાપર્યો નહીં.

# સદાશિવ કૃપાથી બંધનમુક્તિ: ઓમ્ નમઃશિવાય, આઠ બંધન અને પંચવિધ શિવલિંગના રહસ્યો

## "પ્રણવ જાપ દ્વારા આઠ પાશમાંથી મુક્તિ અને પંચમુખી શિવલિંગની ઉપાસના"



વિશેષ

યશપાલસિંહ ટી. વાઘેલા

સૃષ્ટિના આરંભથી અંત સુધી જે એકમાત્ર સત્ય અચળ ઊભું છે તેનું નામ છે શિવ. શિવ એટલે કલ્યાણ, શિવ એટલે શાંતિ, શિવ એટલે જીવન અને મૃત્યુની વચ્ચેનો સેતુ. વેદ,ઉપનિષદ,પુરાણ અને ઋષિઓની વાણીમાં શિવને 'સર્વેશ્વર', 'સદા શિવ','મહાદેવ' કહીને પૂજવામાં આવ્યા છે. માનવજીવનનું પરમ લક્ષ્ય શું છે? બંધનમાંથી મુક્તિ અને બ્રહ્મ સાથે એકતા. આ જ લક્ષ્યને સિદ્ધ કરવાનો સૌથી સહેલો અને સૌથી શક્તિશાળી ઉપાય ઋષિઓ એ એક જ શબ્દમાં આપ્યો -'નમઃ શિવાય'.

આજે આપણે જે વિગતો પરથી વિચાર કરવાના છીએ તે આપણને શિવતત્વના બે સ્તર સમજાવે છે - એક સ્થૂળ અને એક સૂક્ષ્મ. સ્થૂળ એટલે બહારથી દેખાતો જપ, પૂજા, લિંગ. સૂક્ષ્મ એટલે અંતઃકરણ સુધી પહોંચતો પ્રણવનો નાદ. જ્યારે આ બંને એક થાય ત્યારે જીવ શિવરૂપ બની જાય છે. આવો, આ લેખમાં આપણે શિવમહિમાને પ્રણવથી શરૂ કરીને, બંધન-મોક્ષના સિદ્ધાંત અને શિવલિંગના પાંચ સ્વરૂપો સુધી સમજીએ.પ્રણવનો મહિમા: સ્થૂળ 'નમઃશિવાય' અને સૂક્ષ્મ 'હક્ક'

શાસ્ત્રો કહે છે, 'નમઃશિવાય'ને સ્થૂળ મંત્ર જાણવો અને 'હક્ક'ને સૂક્ષ્મ જાણવો. જીવન-મુક્તિ માટે સર્વમાં સૂક્ષ્મ એવો પ્રણવ જ સાર રૂપ છે. પ્રણવ એટલે 'ઓમ્'. આ એક જ અક્ષરમાં આખું બ્રહ્માંડ સમાયેલું છે.

પ્રણવના બે પ્રકાર કહેવાયા છે: *હસ્વ પ્રણવ 'અ', 'ઉ' અને 'મ' - આ ત્રણ તત્વોનો બનેલો. અહીં 'અ' શિવ છે, 'ઉ' શક્તિ છે અને 'મ' એ બંનેની એકતા છે. આ ત્રણેય મળીને સૃષ્ટિ, સ્થિતિ અને લયનું પ્રતીક છે. *દીર્ઘ પ્રણવ આકાર,ઉકાર,મકારની સાથે બિંદુ અને નાદ જોડાયેલા હોય અને જે શબ્દ, કળા અને કળાથી યુક્ત હોય તે. આ દીર્ઘ પ્રણવ યોગી ઓના હૃદયમાં જ નિવાસ કરે છે.

જે સાધક પોતાના અંતઃકરણ સુધી પ્રણવ મંત્રના જાપ વડે પરમાત્માનું ધ્યાન કરે છે, તેનો દેહવિલય થતાં તે પૂર્ણ બ્રહ્મસ્વરૂપ સદાશિવને પામે છે. માત્ર મંત્રનો જપ કરવાથી 'યોગ' પ્રાપ્ત થાય છે. અને જે છત્રીસ કરોડ વખત મંત્રનો જપ કરે છે તેને 'દઢયોગ' સિદ્ધ થાય છે.માર્ગ પણ બે છે. પ્રવૃત્તિ માર્ગના મનુષ્યોએ અને નિવૃત્તિ માર્ગના મનુષ્યોએ બંનેએ સૂક્ષ્મ પ્રણવનો જ જપ કરવો. સૂક્ષ્મ પ્રણવનો નિરંતર જપ અને શિવજીનું એકાગ્ર ચિત્તે ધ્યાન કરવાથી સાધક પોતે જ શિવરૂપ બની જાય છે. કારણ કે જપ કરનાર અને જેનું જપ થાય છે તેની વચ્ચેનો ભેદ ભૂસાઈ જાય છે.

બંધન અને મોક્ષનું સ્વરૂપ: આઠ બંધનનો ભેદ ઋષિઓએ એક વાર પ્રશ્ન કર્યો: "બંધમોક્ષ સ્વરૂપં હિ બ્રૂહિ સર્વાર્થવિત્તમ્ !" અર્થાત્ હે જ્ઞાનીજન, બંધનમાંથી મુક્તિનો ઉત્તમ ઉપાય શું છે?

ઉત્તરમાં કહેવાયું કે જીવ આઠ બંધનોથી બંધાયેલો છે. તેથી તે 'બદ્ધ' કહેવાય છે. અને જ્યારે તે આઠેયથી છૂટે ત્યારે 'મુક્ત' કહેવાય છે. આઠ બંધનો કયા?

*પ્રકૃતિ મૂળ માયા*બુદ્ધિ *અહંકાર *પાંચ તન્માત્રા શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ.આ આઠ તત્વોથી દેહની ઉત્પત્તિ થાય છે. દેહ દ્વારા કર્મ થાય છે. કર્મ અનુસાર ફરીથી દેહ ધારણ કરવો પડે છે. આમ સંસારનું ચક્ર અવિરત ચાલતું રહે છે. કર્મરૂપી સાંકળથી બંધાયેલો જીવ શુભ-અશુભ કાર્યોને કારણે ચક્રની જેમ ભમતો રહે છે. આ ચક્રને રોકવાનો ઉપાય? ચક્રના કર્તાની સ્તુતિ કરવી. અને તે કર્તા બીજા કોઈ નહીં,સ્વયં સદાશિવ છે.

દેહના ત્રણ પ્રકાર અને મુક્તિની સીડી શાસ્ત્રોમાં દેહના ત્રણ પ્રકાર ગણાવ્યા છે:*સ્થૂળ દેહ જે હલન ચલન કરે છે, પંચભૌતિક છે.*સૂક્ષ્મ દેહ જે ઈન્દ્રિયોને ભોગ આપે છે. *કારણ દેહ જે જીવના પૂર્વ કર્મ અનુસાર આત્માને ભોગ ભોગવવા માટેનું કારણ બને છે.હવે મુક્તિ કેવી રીતે મળે? જ્યારે કર્મરૂપ દેહ વશ થાય છે ત્યારે જીવ ને શિવલોકમાં વાસ મળે છે. જ્યારે પાંચ તન્માત્રાઓ વશ થાય છે ત્યારે સદાશિવનું સામીપ્ય પ્રાપ્ત થાય છે. જ્યારે બુદ્ધિ વશ થાય છે ત્યારે શિવનું સાયુજ્ય મળે છે. અને જ્યારે મૂળ પ્રકૃતિ જ વશ થાય છે ત્યારે સાધકને શિવનું ઐશ્વર્ય પ્રાપ્ત થાય છે.આમ,શિવપૂજન અને શિવ મંત્રના જપ દ્વારા જ ક્રમશઃઆ બધા બંધનો તૂટીને જીવને શિવપદની પ્રાપ્તિ થાય છે. કારણ કે શિવ સર્વજ્ઞ, પરિપૂર્ણ અને નિઃસ્પૃહ છે. તેમની પૂજાથી બંધનનો નાશ નિશ્ચિત છે.

'શિવ' શબ્દનું રહસ્ય'શિવ' શબ્દમાં પણ આખું તત્વજ્ઞાન ભરેલું છે. 'શ' એટલે નિત્ય સુખ, 'ઈ' એટલે પુરુષ એટલે ચૈતન્ય,અને 'વ'એટલે શક્તિ. આ ત્રણેયનો સમન્વય જ શિવ છે. માટે દરેક સાધકે પોતાના આત્માને શિવરૂપ માનીને જ શિવપૂજન કરવું જોઈએ. જ્યારે હું જ શિવ છું એવો ભાવ જાગે,ત્યારે જ પૂજા સાચા અર્થમાં ફળે છે. શિવલિંગના પાંચ પવિત્ર સ્વરૂપો ભક્તિને મૂર્ત સ્વરૂપ આપવા માટે શિવલિંગની ઉપાસના સર્વોત્તમ માનવામાં આવી છે. શિવલિંગના મુખ્ય પાંચ પ્રકાર છે:*સ્વયંભૂલિંગ ઋષિઓના તપથી પ્રસન્ન થઈને સદાશિવ પોતે જ પૃથ્વીની અંદરથી અંકુરની જેમ પ્રગટ થાય છે. માનવે સ્થાપિત ન કર્યું હોય તેવું આપો આપ પ્રગટ થયેલું લિંગ સ્વયંભૂ કહેવાય છે.જેમ કે સોમનાથ, કેદારનાથ.

*બિંદુલિંગ પોતાના હાથે લખેલા યંત્રમાં અથવા કોઈપણ વસ્તુમાં શિવનું આવાહન કરીને જે પૂજન કરવામાં આવે તે બિંદુલિંગ છે. આ માનસિક અને સૂક્ષ્મ પૂજાનું સ્વરૂપ છે. *સ્થાપિત લિંગ બ્રાહ્મણો, રાજાઓ અથવા શ્રીમંતો દ્વારા કારીગર પાસે તૈયાર કરાવીને, વૈદિક મંત્રો દ્વારા જેની પ્રતિષ્ઠા કરવામાં આવી હોય તે સ્થાપિત લિંગ કહેવાય છે. મોટાભાગના મંદિરોમાં આવા જ લિંગની પૂજા થાય છે. *ચરલિંગ શરીરના અંગોમાં આધ્યાત્મિક લિંગની કલ્પના કરવી તે ચરલિંગ છે. જેમ કે નાભિમાં, નાકના ટેરવામાં, શિખામાં, હૃદયમાં શિવલિંગનું ધ્યાન કરવું.આ યોગ માર્ગની પૂજા છે. *ગુરુલિંગ "ગુણાન્ રુન્ધે ઈતિ ગુરુઃ - જે ગુણોના વિકારોને દૂર કરે તે ગુરુ. માટે વિદ્વાન, જ્ઞાની ગુરુનું પવિત્ર શરીર જ ગુરુલિંગ ગણાય છે.અને શિવજી તો 'ગુરુણાં ગુરુઃ' છે,એટલે કે ગુરુઓના પણ ગુરુ છે.

આમ, શિવમહિમા અપાર છે.સ્થૂળ રીતે આપણે 'નમઃ શિવાય'નો જપ કરીએ,લિંગની પૂજા કરીએ.અને સૂક્ષ્મ રીતે પ્રણવના નાદમાં લીન થઈને અંતઃકરણને શુદ્ધ કરીએ. જ્યારે સ્થૂળ અને સૂક્ષ્મ બંને એક થાય ત્યારે આઠ બંધનો તૂટે છે. કર્મનું ચક્ર થંભે છે અને જીવને સદાશિવનું પદ મળે છે.

# શિવ પુરાણમાં સ્વયં શિવે જ શિવલિંગને પોતાનાં નિરાકાર સ્વરૂપ તરીકે જણાવ્યું છે



સદગુરુ વચનામૃત

સંકલન ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

હે દેવોના દેવ મહાદેવ.

સૌનાં હૃદયમાં કરુણા સ્વરૂપે રહેલા આપનાં સૌમિત્રી સ્વરૂપને સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. શિવ પુરાણ અંતર્ગતના અગાઉના લેખમાં સકલ સ્વરૂપ એટલે કે શિવનું સાકાર સ્વરૂપ અને નિષ્કલ સ્વરૂપ એટલે કે શિવનું નિરાકાર સ્વરૂપ. શિવના શુદ્ધ સ્વરૂપને આત્મસાત કરવા આપણે પણ એ શિવત્વને સુક્ષ્મત્તર થઈ સમજીએ.

શિવનું સાકાર સ્વરૂપ*:

કૈલાસનાં શિખરે મૃગ ચર્મ પર ભગવાન અજન્મા આશુતોષ બિરાજમાન છે. તેનાં હાથે અને કટીભાગ પર સર્પનાં આભૂષણ છે, ઉપરાંત કંઠમાં ભુજંગ અને મૂંડ માળ છે. માથા પર જાટા છે, એમાંથી નિર્મળ ગંગા વહે છે. ભાલમાં બીજનો ચંદ્રમા ચમકે છે, આખા શરીરે ભભૂત ચોળી છે. કંઠમાં સમુદ્રમંથન સમયે નીકળેલું હળાહળ વિષ રાખ્યું હોવાથી, કંઠ નીલકંઠ છે, નંદીનું વાહન છે. ગણેશ કાર્તિક અને માતા જગદંબા તેની સાથે બિરાજમાન છે, શૃંગી અને ભૃંગી નામના શિવ ગણો કૈલાશમાં તેમની સેવા માટે ઉપસ્થિત છે. સંસારી હોવા છતાં પણ તે પૂર્ણ સંન્યાસી છે, અને સમાધિ તેને હાજરાહજૂર છે. આ ભગવાન શિવશંકરનું સાકાર સ્વરૂપ છે, અને આપણે સૌ કોઈ તેને વિશે જાણીએ છીએ. શંકરનું નામ પડે અને આ શબ્દ ચિત્ર મુજબનું ચિત્ર લગભગ દરેકને દેખાય. કપૂર જેવો ગૌરવાન છે, અને ત્રિનેત્ર ધરાવે છે, આ પણ તેની એક અનોખી વિશિષ્ટતા છે. ભાલે ચંદનનું ત્રિપુન્ડ છે, અને એ જ ભાલમાં ત્રીજી આંખ એટલે કે સંહારમા પણ કલ્યાણકારી દ્રષ્ટિ સમાયેલી છે. એ દ્રષ્ટિ ને શીતળ કરવા હંમેશા ત્યાં આગળ ચંદનનો જાણે લેપ થતો હોય એવું પણ કહી શકાય. તો આ થયું શિવશંકરનું સાકાર સ્વરૂપ.

શિવનું નિરાકાર સ્વરૂપ*:

શિવલીંગને આપણે સૌ શિવશંકરનાં પ્રતિક રૂપે ભજીએ છીએ, પરંતું એ જ ભગવાન શંકરનું નિરાકાર સ્વરૂપ છે. શીવલીંગ એ નિરાકાર કઈ રીતે? એમ આપણને પ્રશ્ન થાય. ભગવાન જગતગુરુ માધવાચાર્યએ નિર્ગુણનો અર્થ કર્યો હતો કે, નીંદિત ગુણો રહિત હોય તેને નિર્ગુણ કહેવામાં આવે છે. બસ એ જ રીતે આપણે પણ નિરાકાર એટલે નિશ્ચિત આકાર નહીં, તેવાં આકારને નિરાકાર એમ કહી શકીએ. કારણ કે શિવલિંગ એકસરખી ઊંચાઈ, જાડાઈ, પહોળાઈ, કે ઊંડાઈનું હોતું નથી. દરેક શિવલિંગમાં કોઈને કોઈ તફાવત રહે છે, આ ઉપરાંત પથ્થર, સ્ફટિક, કે વેણુ, એ રીતે પણ તફાવત હોય છે. તો કાળો, સફેદ, કે લાલ પથ્થર, એ રીતે પણ તફાવત હોય છે. આ ઉપરાંત સ્વયંભૂ, જ્યોતિર્લિંગ, એ તો છે જ. એટલે નિરાકાર બ્રાહ્મની વ્યાખ્યામાં શિવલિંગ બિલકુલ બંધ બેસે છે. ન સ્થળ નિશ્ચિત છે, ન સંખ્યા નિશ્ચિત છે, ન આકાર નિશ્ચિત છે, અને ન આધાર નિશ્ચિત છે. એટલે કે જમીન પર જ હોય એવું પણ જરૂરી નથી, સમુદ્ર વચ્ચેથી પણ શિવલિંગ મળ્યાનાં દાખલા છે. નદી તળાવ વગેરે જગ્યાએ શિવલિંગ મળ્યાનાં ઘણા કિસ્સા છે, અને વન, આરણ્ય, કે જંગલમાં પણ શિવલિંગ છે, પર્વતોની ટોચ પર પણ શિવલિંગ બિરાજમાન છે. આ ઉપરાંત શીવલીંગને આપણે જે કંઈ ચડાવીએ છીએ તેમાંનું કંઈ જ તે રાખતાં નથી, એટલે કે એક લીટર દૂધનો અભિષેક કર્યો હોય તો એ બધું જ એના આકાર પરથી નીચે વહી જાય છે, પાણી હોય તો એ, દૂધ હોય, દહીં હોય, કે તલ બિલિપત્ર,કે અન્ય જે સાધન હોય એનાથી એને તસુભાર પણ ફરક પડતો નથી,આ પણ નિરાકારનો ગુણ છે, કે તેને ત્રિગુણ માંથી કોઈ ગુણ આકર્ષી શકતો નથી. આમ દરેકે દરેક શિવલિંગમાં કોઈને કોઈ તફાવત છે, પછી તે આકારનો હોય, પથ્થર નો હોય, કે લંબાઈ પહોળાઈ જાડાઈ નો હોય, પણ છે,છે અને છે જ! અને તેની પર ચડતું દ્રવ્ય હોય, કે કીમતી હીરા કે સુવર્ણ અલંકાર રુપી ભેટ હોય! અને એટલે જ નિરાકાર બ્રહ્મ તરીકે શીવલીંગની ઉપાસના કરવામાં આવે છે, અને નિશ્ચિત પરિણામને મેળવી શકાય છે. સદગુરુ એ નિરાકાર બ્રહ્મ વિશે સમજ આપી આપણને કૃતકૃત્ય કર્યા છે,અને શ્રાવણ હાજરાહજૂર છે, તો નિરાકાર બ્રહ્મને આ રીતે ભજીએ.

શિવલિંગ.લિંગનાં મુખ્ય પાંચ પ્રકાર બતાવાયા છે.

સ્વયંભૂ લિંગ, બિંદુ લિંગ, સ્થાપિત લીંગ, ચર લિંગ, અને ગુરુ લીંગ.

આ ઉપરાંત પણ આપણે ત્યાં પૂજામાં ઘણા બધા પ્રકારના લિંગ બનાવી અને તેની પૂજન કરવામાં આવે છે, પણ તે બધાં સ્થાપિત લિંગ કહેવાય.

***સ્વયંભૂ લિંગ, કોઈપણ જગ્યાએ એટલે કે જંગલમાં હોય કે ગામના કે પછી અન્ય કોઈ જગ્યાએ, કોઈ પણની તપશ્ચર્યા કે તેનાથી પ્રસન્ન થઈ, અને પૃથ્વીને ફાડીને જે બહાર આવે છે તે સ્વયંભૂ શિવલિંગ. પહેલાના કાળમાં ઋષિમુનિઓ કે બ્રાહ્મણો તપ કરતા અને શંકર પ્રસન્ન થાય, ત્યારે આ રીતે સ્વયંભૂ શિવલિંગ આપણને પ્રાપ્ત થતાં. ઘણી જગ્યાએ આપણે એવાં શિવલિંગ પણ જોયાં છે જ્યાં આગળ કોઈ પશુ એટલે કે ગાય દ્વારા પોતાનાં આંચળમાંથી દૂધનો અભિષેક થયો હોય, અને ત્યાં શિવલિંગ પાછળથી પ્રકાશમાં આવ્યું હોય. ઘણા સ્વયંભૂ શિવલિંગ ગોવાળો એ પણ શોધ્યા છે.

**બિન્દુ લીંગ, પત્રમાં કે પાંદડા માં લિંગ ની પરિકલ્પના કરી અને બ્રાહ્મણો પૂજન અર્ચન કરાવે તેને બિંદુ લિંગ કહેવામાં આવે છે. અને આપણે ત્યાં પૂજાની આવી રીતે પણ શ્રેષ્ઠ માનવામાં આવે છે કે જ્યાં આપણી પાસે લિંગ હોતું નથી. છતાં પણ તેની પરિકલ્પના કરી અને આપણે પૂજા કરતા હોઈએ છીએ. ખાસ કરીને કુવારીકાઓ અને પરિણીત સ્ત્રીઓ કોઈ વ્રત કરતી હોય ત્યારે, આ લીંગ ની પરિકલ્પના કરી અને બ્રાહ્મણ સંકલ્પ કરાવે છે.

** સ્થાપિત લીંગ, રાજા-મહારાજાઓ કે પછી ધનવાન પોતાના મનોરથ થી મંદિર માટે કારીગરો પાસે જે લિંગ બનાવરાવે છે. આપણે ત્યાં રાજા મહારાજાઓ ના મહેલો માં રત્નજડિત અને સુવર્ણ લિંગની પ્રાણ પ્રતિષ્ઠા કરી અને પૂજન-અર્ચન કરવામાં આવતું કેટકેટલા રાજાઓ આ પ્રકારે શિવ ભક્તિ કરી અને પોતાના રાજ્યની યશ કીર્તિ વધારતા હતા તે આપણે ઈતિહાસમાંથી જાણી શકીએ છીએ.

# પાટણ રેલવે સ્ટેશન પર સાંસદ અને DRM એ ભગત કી કોઠી-એમજીઆર ચેન્નાઈ સેન્ટ્રલ સુપરફાસ્ટ એક્સપ્રેસ ટ્રેનને લીલી ઝંડી બતાવી

## પાટણને દેશના મુખ્ય શહેરોથી ઉત્તમ રેલવે કનેક્ટિવિટી મળશે, જનસુવિધા અને ઉત્તમ રેલવે કનેક્ટિવિટી માટે અમદાવાદ મંડળ પ્રતિબદ્ધ







**અમદાવાદ, તા.21**

પશ્ચિમ રેલવે દ્વારા યાત્રીઓની સુવિધા અને પાટણ તથા આસપાસના વિસ્તારોના યાત્રીઓની લાંબા સમયથી ચાલી આવતી માંગને ધ્યાનમાં રાખીને ટ્રેન નંબર 20626/20625 ભગત કી કોઠી-એમજીઆર ચેન્નઈ સેન્ટ્રલ-ભગત કી કોઠી સુપરફાસ્ટ એક્સપ્રેસનું પાટણ રેલવે સ્ટેશન પર વધારાનું સ્ટોપેજ આજે, 21 ઓગસ્ટ 2026થી શરૂ થઈ ગયું છે. આ વધારાના સ્ટોપેજનો પ્રારંભ પાટણ રેલવે સ્ટેશન પર આયોજિત કાર્યક્રમમાં માનનીય સાંસદ, પાટણ શ્રી ભરતસિંહજી ડાભી અને મંડળ રેલવે પ્રબંધક, અમદાવાદ શ્રી વેદ પ્રકાશની ગરિમાપૂર્ણ ઉપસ્થિતિમાં કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે માનનીય સાંસદશ્રી અને મંડળ રેલવે મેનેજરે ટ્રેનને લીલી ઝંડી બતાવીને રવાના કરી હતી.

આ પ્રસંગે માનનીય સાંસદ, પાટણ શ્રી ભરતસિંહજી ડાભીએ જણાવ્યું હતું કે પાટણમાં ભગત કી કોઠી-ચેન્નઈ સુપરફાસ્ટ એક્સપ્રેસના સ્ટોપેજની માંગ વિસ્તારના વરિષ્ઠ નાગરિકો, સ્થાનિક નાગરિકો અને જનપ્રતિનિધિઓ દ્વારા લાંબા સમયથી કરવામાં આવી રહી હતી. તેમણે કહ્યું કે આ માંગને રેલવે મંત્રાલય સમક્ષ સતત ઉઠાવવામાં આવી હતી અને નિરંતર પ્રયાસોના પરિણામે પાટણને આ મહત્વપૂર્ણ ટ્રેનનું સ્ટોપેજ મેળવવામાં સફળતા મળી છે. શ્રી ડાભીએ જણાવ્યું હતું કે વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ભારતીય રેલવે દ્વારા ગુજરાત સહિત સમગ્ર દેશમાં રેલવે કનેક્ટિવિટી અને યાત્રી સુવિધાઓના વિસ્તારની દિશામાં નોંધપાત્ર કામો કરવામાં આવી રહ્યા છે. ઉત્તર ગુજરાતમાં મીટર ગેજ લાઈનોને બ્રોડ ગેજમાં પરિવર્તિત કરવાથી વિસ્તારની રેલવે કનેક્ટિવિટીમાં વ્યાપક સુધારો થયો છે.

તેમણે જણાવ્યું હતું કે લોકસભામાં શૂન્યકાળ દરમિયાન ઉઠાવવામાં આવેલા મુદ્દાના પરિણામે તારંગા-અંબાજી-આબુ રોડ રેલવે લાઈન માટે લગભગ 3,200 કરોડની મંજૂરી મળી છે. સાથે જ, ચાણસ્મા-રાધનપુર રેલવે લાઈન માટે પણ સતત પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે આ રેલવે લાઈન પણ વિસ્તારના વિકાસમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે.

માનનીય સાંસદશ્રી જણાવ્યું હતું કે પાટણ રેલવે સ્ટેશનનું વિકાસ કામ પણ ઝડપથી કરવામાં આવી રહ્યું છે અને માર્ચ 2027 પહેલાં સ્ટેશનને આધુનિક યાત્રી સુવિધાઓ સાથે નાગરિકોને સમર્પિત કરવાની દિશામાં કામ ચાલી રહ્યું છે. તેમણે કહ્યું કે અમૃત ભારત સ્ટેશન યોજના હેઠળ પાટણ સ્ટેશનનો વિકાસ થવાથી યાત્રીઓને ઉત્તમ અને આધુનિક સુવિધાઓ મળશે.

આ પ્રસંગે મંડળ રેલવે પ્રબંધક, અમદાવાદ શ્રી વેદ પ્રકાશે જણાવ્યું હતું કે વર્તમાનમાં ગુજરાતમાં રેલવે સંબંધિત લગભગ 17,366 કરોડની બજેટ જોગવાઈ છે અને લગભગ 1.28 લાખ કરોડના વિવિધ કામો પ્રગતિ હેઠળ છે. ગુજરાતમાં 87 અમૃત ભારત સ્ટેશન વિકસાવવામાં આવી રહ્યા છે, જેમાં પાટણ સ્ટેશન પણ સામેલ છે. તેમણે કહ્યું કે પાટણ સ્ટેશનને અમૃત ભારત સ્ટેશન યોજનામાં સામેલ કરાવવામાં માનનીય સાંસદ શ્રી ભરતસિંહજી ડાભીના નિરંતર પ્રયાસોની મહત્વપૂર્ણ ભૂમિકા રહી છે.

તેમણે જણાવ્યું હતું કે પાટણનું રેલવે સાથે ઐતિહાસિક અને ભાવાત્મક જોડાણ રહ્યું છે. પાટણના ઈતિહાસ અને સ્થાનિક જનજીવન સાથે જોડાયેલા પોતાના અનુભવોનો ઉલ્લેખ કરતા તેમણે કહ્યું કે આ વિસ્તાર લાંબા સમયથી વેપાર અને અવરજવરનું મહત્વપૂર્ણ કેન્દ્ર રહ્યો છે. તેમણે કહ્યું કે ભગત કી કોઠી-એમજીઆર ચેન્નઈ સેન્ટ્રલ સુપરફાસ્ટ એક્સપ્રેસનું પાટણ સ્ટેશન પર સ્ટોપેજ એક મહત્વપૂર્ણ ઉપલબ્ધિ છે. આ ટ્રેન પાટણને દેશના લગભગ 30 પ્રમુખ શહેરો સાથે જોડતા રાજસ્થાન, ગુજરાત, મહારાષ્ટ્ર, તેલંગાણા, આંધ્ર પ્રદેશ અને તમિલનાડુ સહિત વિવિધ વિસ્તારો વચ્ચે રેલવે સંપર્કને મજબૂત કરશે. પાટણ સ્ટેશન પર વર્તમાનમાં 16 જોડી ટ્રેનો રોકાય છે, જેમાં 5 જોડી પૅસેન્જર ટ્રેનો અને બાકીની મેલ/એક્સપ્રેસ ટ્રેનો છે.

મંડળ રેલવે પ્રબંધકે પાટણ સ્ટેશનના વિકાસ કામોનો ઉલ્લેખ કરતા જણાવ્યું હતું કે સ્ટેશન પર લગભગ 40 કરોડના ખર્ચે વિવિધ વિકાસ કામો કરવામાં આવી રહ્યા છે. સ્ટેશનની બંને બાજુ નવી સ્ટેશન બિલ્ડિંગનું બાંધકામ થઈ ચૂક્યું છે અને લગભગ 12 મીટર પહોળા ફુટ ઓવર બ્રિજનું બાંધકામ પ્રગતિ હેઠળ છે, જેમાં યાત્રીઓના ઉપયોગ માટે લિફ્ટની સુવિધા પણ ઉપલબ્ધ હશે. સ્ટેશનના સ્થાપત્યમાં પ્રસિદ્ધ રાણકી વાવની સ્થાપત્ય શૈલી અને સ્ટોન ટેક્સચરથી પ્રેરિત તત્વોને સામેલ કરવામાં આવી રહ્યા છે તથા રાણકી વાવને પ્રતીકાત્મક રીતે સ્ટેશનના સ્વરૂપમાં દર્શાવવામાં આવશે.

પાટણના પ્રસિદ્ધ પટોળાં, સુરતનો કાપડ અને ડાયમંડ ઉદ્યોગ, ખાનદેશ અને વિદર્ભનું કપાસ, વારંગલનું હેન્ડલૂમ તથા ચેન્નઈનો ટેક્સટાઈલ ઉદ્યોગ–આ તમામ વચ્ચે વેપાર અને ઔદ્યોગિક સંબંધોને આ રેલવે સેવા વધુ મજબૂત કરી શકે છે. આનાથી પાટણના પ્રસિદ્ધ પટોળાં અને સ્થાનિક ઉત્પાદનોના પ્રચાર-પ્રસાર તથા વેપારી પ્રવૃત્તિઓને પણ પ્રોત્સાહન મળવાની અપેક્ષા છે.

પાટણ સ્ટેશન પર ટ્રેનના આગમન-પ્રસ્થાનનો સમય

ટ્રેન નંબર 20626 ભગત કી કોઠી-એમજીઆર ચેન્નઈ સેન્ટ્રલ સુપરફાસ્ટ એક્સપ્રેસનું પાટણ સ્ટેશન પર વધારાનું સ્ટોપેજ 21 ઓગસ્ટ 2026થી અમલી બન્યું છે. આ ટ્રેન દર સોમવાર, બુધવાર, ગુરુવાર, શુક્રવાર અને રવિવારે પાટણ સ્ટેશન પર 11:35 વાગ્યે પહોંચશે અને 11:37 વાગ્યે પ્રસ્થાન કરશે.

એ જ રીતે, ટ્રેન નંબર 20625 એમજીઆર ચેન્નઈ સેન્ટ્રલ-ભગત કી કોઠી સુપરફાસ્ટ એક્સપ્રેસનું પાટણ સ્ટેશન પર વધારાનું સ્ટોપેજ પણ 21 ઓગસ્ટ 2026થી અમલી બન્યું છે. આ ટ્રેન દર સોમવાર, મંગળવાર, ગુરુવાર, શુક્રવાર અને રવિવારે એમજીઆર ચેન્નઈ સેન્ટ્રલથી ઉપડ્યા પછી યાત્રાના ત્રીજા દિવસે 03:57 વાગ્યે પાટણ સ્ટેશન પહોંચશે અને 03:59 વાગ્યે પ્રસ્થાન કરશે.

# મેન્યુઅલ સ્કેવેન્જિંગ મામલે હાઈકોર્ટમાં સુનાવણી

- હાઈકોર્ટે ફરી સ્પષ્ટ કર્યું કે- મેનહોલમાં ઊતરી શકાશે નહીં, UN મેહતા હોસ્પિટલની ઘટનામાં કોન્ટ્રાકટરને બ્લેકલિસ્ટ કરાશે

**અમદાવાદ, તા.21**

ગુજરાત હાઈકોર્ટમાં ગટર સફાઈ કામદારોના મોતના કિસ્સામાં વળતર, મેન્યુઅલ સ્કેવેન્જિંગ પર કડક પ્રતિબંધ અને બેદરકાર અધિકારીઓની જવાબદારી નક્કી કરવા મુદ્દે દાખલ જાહેર હિતની અરજી (PIL) પર મહત્વની સુનાવણી હાથ ધરવામાં આવી હતી. વર્ષ 2016માં માનવ ગરીમા સંસ્થા દ્વારા દાખલ આ અરજીની સુનાવણી દરમિયાન એડવોકેટ જનરલે જણાવ્યું હતું કે, અમદાવાદની સિવિલ કેમ્પસ સ્થિત UN મહેતા હોસ્પિટલની દુર્ઘટનામાં જવાબદાર કોન્ટ્રાક્ટરની 83 લાખ રૂપિયાની બેંક ગેરંટી જપ્ત કરવામાં આવી છે. હાઈકોર્ટે આવા બેદરકાર કોન્ટ્રાક્ટરોને બ્લેકલિસ્ટ કરવા અને ભવિષ્યના સેનિટાઈઝેશન કોન્ટ્રાક્ટમાં સફાઈ કામદારોની સુરક્ષાની ફરજિયાત શરતો સમાવવા નિર્દેશ આપ્યા છે.



ગત સુનાવણી દરમિયાન અરજદાર દ્વારા કોર્ટના ધ્યાને લાવવામાં આવ્યું હતું કે અમદાવાદની UN મહેતા હોસ્પિટલમાં 6 જુલાઈના રોજ સેપ્ટિક ટેન્કની સફાઈ દરમિયાન ઝેરી ગેસ ગૂંગળામણથી 2 નિર્દોષ કામદારોના કરૂણ મોત નીપજ્યા હતા. આ ઘટનામાં સ્માર્ટ મેઈન્ટેનન્સ સંસ્થાના કોન્ટ્રાક્ટર સામે ગુનો નોંધાયો હતો. એડવોકેટ જનરલે કોર્ટને માહિતી આપી હતી કે, આ ગંભીર બેદરકારી બદલ સંબંધિત કોન્ટ્રાક્ટરની 83 લાખ રૂપિયાની બેંક ડિપોઝિટ જપ્ત કરી લેવાઈ છે. આ સાથે કોર્ટે સ્પષ્ટ આદેશ કર્યો છે કે, સફાઈ કામદારોના જીવને જોખમમાં મુકતા કોન્ટ્રાક્ટરોને કાયમી ધોરણે બ્લેકલિસ્ટ કરવામાં આવે.

આ સુનાવણી દરમિયાન ગુજરાત હાઈકોર્ટે એક અત્યંત મહત્વપૂર્ણ અવલોકન કરતા સ્પષ્ટ કર્યું હતું કે, 'મેનહોલ' શબ્દ બ્રિટિશરોના સમયથી ચાલ્યો આવે છે. પરંતુ આજના સમયમાં કાયદા હેઠળ ડ્રેનેજ સફાઈ માટે ગટરમાં માનવીના ઉતરવા પર સંપૂર્ણ પ્રતિબંધ છે અને તમામ સફાઈ માત્ર આધુનિક મશીનો દ્વારા જ થવી જોઈએ, જેથી સરકારે પણ હવે તેને 'મશીન હોલ' તરીકે ઓળખવું જોઈએ. આ ઉપરાંત સરકારી વકીલે કોર્ટને માહિતગાર કર્યા હતા કે ડ્રેનેજ સંબંધી કોઈપણ ફરિયાદ માટે ટોલ-ફ્રી હેલ્પલાઈન નંબર 14420 સંપૂર્ણપણે કાર્યરત છે, જેના પર નોંધાતી ફરિયાદોનો અત્યંત ટૂંકા ગાળામાં નિકાલ કરવામાં આવે છે. હાઈકોર્ટે ગંભીર ચિંતા વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, હોસ્પિટલો પોતાની રીતે સેપ્ટિક ટેન્ક કે ડ્રેનેજ સફાઈના આવા જોખમી કામો સીધા ખાનગી સંસ્થાઓને સોંપી શકે નહીં. આ પ્રકારની તમામ કામગીરી જે-તે મહાનગરપાલિકા કે સ્થાનિક પ્રશાસન હસ્તક જ થવી જોઈએ. અદાલતે રાજ્ય સરકારને સૂચના આપી છે કે તમામ સરકારી તથા ખાનગી હોસ્પિટલોને આ અંગે કડક પરિપત્ર જારી કરવામાં આવે કે તેઓ સીધા કોન્ટ્રાક્ટ ન આપે. સાથોસાથ UN મહેતા હોસ્પિટલની ઘટના મુદ્દે સક્ષમ ઓથોરિટીને વિસ્તૃત જવાબ રજૂ કરવાનો આદેશ કરીને વધુ સુનાવણી મૌકૂફ રાખી છે.

# રાજકોટ દુષ્કર્મ કેસમાં કોંગ્રેસ નેતા પ્રગતિ આહીરને હાઈકોર્ટનો ઝટકો: પીડિતાની ઓળખ છતી કરવા બદલ નોંધાયેલી FIR રદ્દ કરવાનો સ્પષ્ટ ઈનકાર

**રાજકોટ, તા.21**

રાજકોટ જિલ્લામાં 6 વર્ષની માસૂમ બાળકી સાથે બનેલી સામૂહિક જાતીય સતામણીની ઘટનામાં પીડિતાની ઓળખ સોશિયલ મીડિયા પર છતી કરવા બદલ કોંગ્રેસ નેતા પ્રગતિ આહીર સામે નોંધાયેલી FIR રદ્દ કરવા ગુજરાત હાઈકોર્ટે સ્પષ્ટ ઈનકાર કરી દીધો છે. હાઈકોર્ટે નોંધ્યું હતું કે, સોશિયલ મીડિયામાં બાળકીનો ચહેરો બ્લર કરવામાં આવ્યો હોવા છતાં બેકગ્રાઉન્ડના દ્રશ્યો અને પરિવારજનોની તસવીરોથી પીડિતાની ઓળખ જાહેર થતી હોવાથી પ્રથમ દર્શનીય કેસ બને છે, જેથી આ મામલે સંપૂર્ણ ટ્રાયલ ચલાવવી જરૂરી છે.



પ્રગતિ આહીરની અરજી મુજબ, રાજકોટમાં 6 વર્ષની બાળકી પર 13 જેટલા શખ્સો દ્વારા થયેલા કથિત દુષ્કર્મ મામલે પરિવારને કાનૂની માર્ગદર્શન અને મદદ પૂરી પાડવા તેઓ સહકર્મીઓ સાથે પીડિતાના ઘરે પહોંચ્યા હતા. આ મુલાકાત દરમિયાન તેમણે પોતાના ફેસબુક પ્રોફાઈલ પર લખાણ સાથે કેટલાક ફોટોગ્રાફ્સ અને શોર્ટ વીડિયો ક્લિપ્સ અપલોડ કર્યા હતા. આ પોસ્ટ બાદ આટકોટ પોલીસે BNS તેમજ પોક્સો (POCSO) એક્ટ હેઠળ ગુનો દાખલ કર્યો હતો.

પોલીસ ફરિયાદ અનુસાર, સોશિયલ મીડિયા પોસ્ટમાં ચહેરો બ્લર કરાયો હોવા છતાં વીડિયોના બેકગ્રાઉન્ડમાં બાળકીનો રહેણાંક વિસ્તાર, આસપાસનો ચોક્કસ નજારો અને પરિવારના સભ્યોની તસવીરો સ્પષ્ટ દેખાતી હતી. આના કારણે બાળકી અને તેના સંબંધીઓની ઓળખ સરળતાથી થઈ શકે તેમ હોવાથી માત્ર પબ્લિસિટી મેળવવાના ઈરાદે આ કૃત્ય કરવામાં આવ્યું હોવાનો આરોપ મૂકવામાં આવ્યો હતો. સરકારી વકીલે પણ દલીલ કરી હતી કે રહેઠાણ અને પરિવારના ફોટા મૂકવાથી પીડિતા સામે બદલાની કાર્યવાહીનું જોખમ ઊભું થાય છે અને તે ગોપનીયતાના અધિકારનું ઉલ્લંઘન છે.

પ્રગતિ આહીરે હાઈકોર્ટમાં રજૂઆત કરી હતી કે પોસ્ટમાં બાળકીનું નામ, શાળા કે સરનામું જાહેર કરાયું નહોતું અને ચહેરો બ્લર કરવો એ તેમનો શુદ્ધ ઈરાદો દર્શાવે છે. તેમણે બંધારણીય સ્વતંત્રતાના હક્કનો હવાલો આપી દલીલ કરી હતી કે માત્ર આસપાસનો વિસ્તાર દેખાવાથી સીધી કે આડકતરી રીતે ઓળખ છતી થતી નથી. વધુમાં, પોક્સો એક્ટની કલમ 23 હેઠળના ગુનામાં 1 વર્ષથી ઓછી સજાની જોગવાઈ હોવાથી FIR રદ્દ કરવા વિનંતી કરી હતી.

બંને પક્ષોની દલીલો સાંભળ્યા બાદ ગુજરાત હાઈકોર્ટે જણાવ્યું હતું કે, કાયદો બાળકની ગોપનીયતાને નુકસાન પહોંચાડી શકે તેવા કોઈપણ રિપોર્ટ, ટિપ્પણી કે ફોટોગ્રાફના પ્રકાશન પર કડક પ્રતિબંધ મૂકે છે. મીડિયા કે કોઈપણ વ્યક્તિ બાળકની ઓળખ જાહેર કરી શકે નહીં અને આ જોગવાઈઓનું ઉલ્લંઘન કરનાર સામે કાયદેસરની કાર્યવાહી યોગ્ય છે. અરજદાર સામે પ્રથમ દર્શનીય ગુનો બનતો હોવાથી મૂળ FIRમાં હસ્તક્ષેપ કરવાનો ઈનકાર કરીને હાઈકોર્ટે અરજી ફગાવી દીધી છે.

# અમદાવાદમાં UPSC તથા ગુજરાત પોલીસ ભરતી બોર્ડની પરીક્ષાઓને અનુલક્ષીને પ્રતિબંધાત્મક જાહેરનામું બહાર પડાયું

**અમદાવાદ, તા.21**

યુ.પી.એસ.સી., નવી દિલ્હી દ્વારા આયોજિત Civil Services (Main) Exam-2026 તથા ગુજરાત પોલીસ ભરતી બોર્ડ દ્વારા આયોજિત વિવિધ લેખિત પરીક્ષાઓ દરમિયાન કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તેમજ પરીક્ષાર્થીઓ શાંતિપૂર્ણ અને શુદ્ધ વાતાવરણમાં પરીક્ષા આપી શકે તે હેતુસર અમદાવાદ શહેર પોલીસ કમિશનરશ્રી અનુપમ સિંહ ગહલૌત દ્વારા ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ હેઠળ પ્રતિબંધાત્મક જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે. યુ.પી.એસ.સી. દ્વારા Civil Services (Main) Exam-2026ની પરીક્ષા તા. ૨૧, ૨૨, ૨૩, ૨૯ અને ૩૦ ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ અમદાવાદ શહેરના નવરંગપુરા વિસ્તારમાં ગુજરાત યુનિવર્સિટીની સામે આવેલા એલ.ડી. એન્જિનિયરિંગ કોલેજ ખાતેના સબ સેન્ટર-A તથા સબ સેન્ટર-B એમ કુલ બે પેટા પરીક્ષા કેન્દ્રો ખાતે યોજાશે. પરીક્ષા પ્રથમ શિફ્ટમાં સવારે ૦૯:૦૦થી ૧૨:૦૦ કલાક અને બીજી શિફ્ટમાં બપોરે ૧૪:૩૦થી ૧૭:૩૦ કલાક દરમિયાન યોજાશે.

આ ઉપરાંત ગુજરાત પોલીસ ભરતી બોર્ડ દ્વારા તા. ૨૩ ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ પોલીસ સબ ઈન્સ્પેક્ટર (વાયરલેસ) અને ટેકનિકલ ઓપરેટર, પોલીસ સબ ઈન્સ્પેક્ટર (મોટર ટ્રાન્સપોર્ટ) તથા હેડ કોન્સ્ટેબલ ડ્રાઈવર મિકેનિકલની લેખિત પરીક્ષાઓ યોજાનાર છે. આ પરીક્ષાઓ માટે અમદાવાદ શહેરમાં વિવિધ પરીક્ષા કેન્દ્રો ફાળવવામાં આવ્યા છે. જાહેરનામા મુજબ પરીક્ષા કેન્દ્રો તથા તેની આસપાસના ૧૦૦ મીટરની ત્રિજ્યામાં ચાર કે તેથી વધુ વ્યક્તિઓએ એકત્ર થવા પર પ્રતિબંધ રહેશે. પરીક્ષા કેન્દ્રોની આસપાસના એક કિલોમીટરની ત્રિજ્યામાં ઝેરોક્ષ સેન્ટરો/દુકાનો ચાલુ રાખવા પર પ્રતિબંધ રહેશે. પરીક્ષા સ્થળની આસપાસ મોટા અવાજે લાઉડસ્પીકર વગાડવા પર પણ પ્રતિબંધ ફરમાવવામાં આવ્યો છે. પરીક્ષા સ્થળે સક્ષમ અધિકારી સિવાયના વિદ્યાર્થીઓ તથા શિક્ષકો દ્વારા ડિજિટલ/સ્માર્ટ ઘડિયાળ, સ્માર્ટ ચશ્મા અથવા ઈલેક્ટ્રોનિક સુવિધાવાળા ચશ્મા રાખવા કે પહેરવા પર પ્રતિબંધ રહેશે. તેમજ પરીક્ષા કેન્દ્રમાં પુસ્તકો, કાગળ, લખાણ, સાહિત્ય, મોબાઈલ ફોન, ઈયરબર્ડ, બ્લૂટૂથ તથા અન્ય કોઈપણ પ્રકારની ઈલેક્ટ્રોનિક વસ્તુઓ અથવા ગેરરીતીમાં ઉપયોગી થઈ શકે તેવી અનધિકૃત સામગ્રી લઈ જવા પર પ્રતિબંધ રહેશે. પરીક્ષા સ્થળોએ બિનઅધિકૃત વ્યક્તિઓના પ્રવેશ, ગેરરીતી માટે ઉપયોગમાં લઈ શકાય તેવી સામગ્રી લઈ જવા, પરીક્ષા કેન્દ્રોની આસપાસ જાહેર વાહનવ્યવહારને અવરોધ થાય તે રીતે વાહનો ઉભા રાખવા કે પાર્ક કરવા તેમજ કોઈપણ પ્રકારનું હથિયાર લઈ પરીક્ષા સ્થળે પ્રવેશ કરવા પર પણ પ્રતિબંધ રહેશે.

# સંકટ સમયે મજબૂત સહારો બની સખી વન સ્ટોપ સેન્ટરે પ્રેમ અને વાસ્તવિકતા વચ્ચે અટવાયેલી દીકરીને બતાવી સાચી દિશા

- આવેશમાં ઘર છોડનાર યુવતીનું સખી સેન્ટરના સંવેદનશીલ કાઉન્સેલિંગથી પરિવાર સાથે મિલન, પોલીસ અને સખી વન સ્ટોપ સેન્ટરના સંકલનથી ભટકેલું ભવિષ્ય ફરી શિક્ષણના પાટે ચડ્યું

**અમદાવાદ, તા.21**

મુશ્કેલ પરિસ્થિતિ, માનસિક તણાવ કે પારિવારિક સંઘર્ષ વચ્ચે અટવાયેલી મહિલાઓ માટે ગુજરાત સરકારના મહિલા અને બાળ વિકાસ વિભાગ હેઠળ કાર્યરત 'સખી વન સ્ટોપ સેન્ટર' માત્ર એક સરકારી વ્યવસ્થા નહીં, પરંતુ જીવન સંવારતી સંજીવની સાબિત થઈ રહ્યું છે. લાગણીના આવેશમાં ખોટા નિર્ણયો લઈ ભવિષ્ય જોખમમાં મૂકનારી દીકરીઓને યોગ્ય માર્ગદર્શન આપી સમાજમાં પુનઃસ્થાપિત કરવામાં આ સેન્ટર અત્યંત સંવેદનશીલ ભૂમિકા ભજવી રહ્યું છે, જેનો એક કિસ્સો અમદાવાદમાં સામે આવ્યો છે.

સુરેન્દ્રનગરની દેવાંશી (નામ બદલેલ છે) ધોરણ 10ના ક્લાસીસ દરમિયાન રોહિત નામના યુવકના સંપર્કમાં આવી હતી. સમય જતાં



તેમનો પ્રેમ સંબંધ ગાઢ બન્યો હતો. કોલેજના પ્રથમ વર્ષમાં પહોંચેલી યુવતીના સંબંધની જાણ પરિવારને થતાં, પરિવારે નાની ઉંમર અને સામાજિક વિષમતાઓને ધ્યાને રાખી પહેલાં શિક્ષણ પૂરું કરવા સમજાવટ કરી હતી. પરંતુ લાગણીના વહેણમાં તણાયેલી યુવતી હોસ્ટેલથી ઘરે જવાનું કહીને પ્રેમી સાથે પૂના જતી રહી હતી.

બે મહિનાની સતત શોધખોળ બાદ ઘાટલોડિયા પોલીસે બન્નેને શોધી કાઢ્યા હતા. જોકે, યુવતી ભારે અસમંજસ અને માનસિક દબાણમાં હોવાથી માતા-પિતા સાથે જવા તૈયાર નહોતી. આવી નાજુક સ્થિતિમાં કાયદાકીય ગૂંચ ઉકેલવા અને દીકરીને સુરક્ષિત વાતાવરણ પૂરું પાડવા પોલીસે તેને સોલામાં આવેલ 'સખી વન સ્ટોપ સેન્ટર' ખાતે મોકલી આપી હતી.

સોલા સખી વન સ્ટોપ સેન્ટર ખાતે પીડિત કે સંકટગ્રસ્ત મહિલાઓને એક જ છત નીચે કામચલાઉ આશ્રય, તબીબી સેવા, કાનૂની સહાય અને મનોવૈજ્ઞાનિક કાઉન્સેલિંગ આપવામાં આવે છે. અહીં પહોંચેલી યુવતીની મનોસ્થિતિ સમજીને સેન્ટરના અનુભવી કાઉન્સિલર્સે ધીરજપૂર્વક તેના મનની ગૂંચ ઉકેલવાની શરૂઆત કરી હતી. કાઉન્સિલર્સે યુવતીને સમજાવ્યું કે આવેશમાં લીધેલા નિર્ણયો લાંબા ગાળે જીવન મુશ્કેલ બનાવે છે. કારકિર્દી અને આત્મનિર્ભરતા જીવનમાં પ્રથમ પ્રાથમિકતા હોવી જોઈએ. માતા-પિતાનો વિરોધ સંબંધ સામે નહીં પણ દીકરીના અપરિપક્વ વયના નિર્ણયો અને અધૂરા શિક્ષણ સામે હતો, તે વાત યુવતીના ગળે ઉતારવામાં આવી. મધ્યસ્થી દ્વારા વિશ્વાસનું પુનઃનિર્માણ કરાયું. દીકરી અને માતા-પિતા વચ્ચે પેદા થયેલા સંકોચને દૂર કરવા વચ્ચેનો માર્ગ કાઢવામાં આવ્યો. લાંબી કાઉન્સેલિંગ બાદ યુવતીએ ભણતર આગળ ધપાવવાની તૈયારી દર્શાવી અને હાલ પૂરતું પોતાના કાકા અને ફૂવા સાથે રહેવાની સહમતી આપી, જેથી ધીમે-ધીમે પરિવારમાં વિશ્વાસનું વાતાવરણ સ્થપાય. સેન્ટર દ્વારા તમામ સરકારી અને કાયદેસરની પ્રક્રિયા પૂર્ણ કરી યુવતીને તેના સ્વજનોને સોંપવામાં આવી હતી. સખી સેન્ટરના આ સકારાત્મક હસ્તક્ષેપથી એક દીકરીનું ભવિષ્ય અંધકારમાં ધકેલાતાં બચી ગયું હતું. આ કામગીરી બદલ યુવતી અને તેના પરિવારજનોએ સખી વન સ્ટોપ સેન્ટરના અધિકારીઓ અને સ્ટાફનો હૃદયપૂર્વક આભાર માન્યો હતો. આ ઘટના દર્શાવે છે કે મહિલાઓની સુરક્ષા, સલામતી અને અધિકારોના રક્ષણ માટે 'સખી વન સ્ટોપ સેન્ટર' ખરા અર્થમાં પ્રશંસનીય કાર્ય કરી રહ્યું છે.

# વિમેન્સ એશિયા કપમાં ફરીથી BCCI-નકવી આમને સામને

## દુબઈમાં ભારત-પાક. ખેલાડીઓ વચ્ચે હાથ નહીં મિલાવવાનો અને નકવીના હસ્તે ટ્રોફી નહીં લેવાનો મામલો ઉપસ્થિત થશે

**નવી દિલ્હી, તા.21**

આગામી સપ્તાહે દુબઈમાં યોજાનારી વિમેન્સ એશિયા કપ ક્રિકેટ ટુર્નામેન્ટમાં જો ભારતીય ટીમ ફાઈનલ સુધી પહોંચશે તો ભારતીય ક્રિકેટ બોર્ડ (બીસીસીઆઈ) માટે એવોર્ડ વિતરણ સમારોહ દરમિયાન ફરી એક વાર અસ્વસ્થતાજનક સ્થિતિ સર્જાઈ શકે છે. એશિયન ક્રિકેટ કાઉન્સિલ (એસીસી)ના ચેરમેન તરીકે પાકિસ્તાનના મોહસિન નકવી ફરી એક વાર ટ્રોફી એનાયત કરવા માટે સ્ટેજ પર હાજર હોઈ શકે છે.



ગયા વર્ષે એશિયા કપ દરમિયાન ભારત અને પાકિસ્તાન વચ્ચે રમાયેલી મેચો દરમિયાન ભારતીય ટીમના ખેલાડીઓએ હરીફ ટીમના ખેલાડી સાથે હાથ મિલાવવાનું ટાળ્યું હતું અને ફાઈનલ બાદ નકવીના હસ્તે ટ્રોફી સ્વીકારવાનો પણ ઈનકાર કરી દીધો હતો. 2025માં પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલા અને ત્યારબાદ બંને દેશ વચ્ચે સર્જાયેલા લશ્કરી તણાવને કારણે ગયા વર્ષે ભારતીય મેન્સ ટીમે નકવીના હસ્તે એશિયા કપની ટ્રોફી સ્વીકારવાનો ઈનકાર કરી દીધો હતો. ત્યારબાદ નકવી ટ્રોફી લઈને ચાલ્યા ગયા હતા, જે હજી સુધી ચેમ્પિયન ટીમને સોંપવામાં આવી નથી.

નકવી પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ (પીસીબી)ના વડા હોવા ઉપરાંત દેશના ગૃહમંત્રી પણ છે. મહિલાઓની આ ટુર્નામેન્ટ 28મી ઓગસ્ટથી 13મી સપ્ટેમ્બર દરમિયાન રમાશે.ભારત અને પાકિસ્તાનને એક જ ગ્રૂપમાં રાખવામાં આવ્યા છે અને તેમની લીગ મેચ પાંચમી સપ્ટેમ્બરે યોજાનારી છે. પરંતુ મેન્સ એશિયા કપથી વિપરીત, મહિલા ટુર્નામેન્ટમાં ફાઈનલ પહેલા ભારત અને પાકિસ્તાન વચ્ચે એકથી વધુ મેચ રમાવાની શક્યતા નથી. તેનો અર્થ એ છે કે બંને ટીમ ત્યારે જ ફરી આમને-સામને થઈ શકે છે જો તેઓ ફાઈનલમાં પહોંચે, જેને કારણે ટ્રોફી એનાયત કરવાનો મુદ્દો ફરી એક વાર ચર્ચાના કેન્દ્રમાં આવી શકે છે.

હવે મુખ્ય સવાલ એ છે કે જો હરમનપ્રિત કૌરની ટીમ વિમેન્સ એશિયા કપ જીતે છે અને નકવી પ્રેઝન્ટેશન સ્ટેજ પર હાજર હોય તો શું થશે? શું ભારતીય મહિલા ટીમ સૂર્યકુમાર યાદવ અને તેની ટીમના ખેલાડીઓ દ્વારા લેવાયેલા નિર્ણયનું પુનરાવર્તન કરશે અને નકવી પાસેથી ટ્રોફી લેવાનો ઈનકાર કરશે? આવી સ્થિતિ અંગે બીસીસીઆઈનું વલણ હજી સુધી સ્પષ્ટ નથી, જેને કારણે જો ભારત ચેમ્પિયન બને છે તો એક અસામાન્ય એવોર્ડ સમારોહ જોવા મળી શકે છે. બોર્ડે સ્પષ્ટ કર્યું છે કે બંને ટીમ વચ્ચે કોઈ ઔપચારિક સૌજન્યની આપ-લે હાથ મિલાવવા) થશે નહીં, પરંતુ પ્રેઝન્ટેશન સેરેમનીની શક્યતાઓને લઈને બોર્ડ 'રાહ જૂઓ' ની નીતિ અપનાવશે.

ગત વર્ષના વિવાદનું પુનરાવર્તન ટાળવાનો એક રસ્તો એ હોઈ શકે છે કે નકવી પોતે ટ્રોફી ન સોંપે અને એશિયન ક્રિકેટ કાઉન્સિલના અન્ય કોઈ અધિકારીને આ જવાબદારી સોંપવામાં આવે. ભારતે નકવી પાસેથી મેન્સ ટ્રોફી લેવાનો ઈનકાર કર્યા પછી, એસીસીના વડાએ કહ્યું હતું કે ટીમ એસીસી કાર્યાલય ખાતેથી તેમની પાસેથી ટ્રોફી મેળવી શકે છે. દરમિયાન આઈસીસીની બેઠક દરમિયાન બીસીસીઆઈના સચિવ દેવજીત સૈકિયા અને નકવી વચ્ચેની મુલાકાત સાથે આ વિવાદનો ઉકેલ લાવવાનો પ્રયાસ પણ કરવામાં આવ્યો હતો. સૈકિયાએ કહ્યું હતું કે બંને પક્ષ વચ્ચે સંબંધોમાં થોડો સુધારો આવ્યો છે, જોકે તે સમયે ટ્રોફીનો મુદ્દો વણઉકેલ્યો રહ્યો હતો. નકવીએ બાદમાં પણ એ જ વલણ જાળવી રાખ્યું હતું કે ભારતે તેમની પાસેથી જ ટ્રોફી લેવી પડશે, જેને કારણે ટુર્નામેન્ટ પૂરી થયા પછી પણ આ મુદ્દો જીવંત રહ્યો હતો.હાલમાં તો તમામનું ધ્યાન ટુર્નામેન્ટ પર જ કેન્દ્રિત છે, અને પ્રેઝન્ટેશનનો પ્રશ્ન ત્યારે જ સુસંગત બનશે જો ભારત ફાઈનલમાં ક્વોલિફાઈ થાય અને ચેમ્પિયન બને. પરંતુ જો હરમનપ્રિતની ટીમ ટ્રોફી જીતે છે તો તેને સોંપનારા અધિકારીની ઓળખ વિમેન્સ એશિયા કપનું એક રસપ્રદ પાસું બની શકે છે.

# વિકેટ લઈને ખાસ અંદાજમાં Gen-Z સેલિબ્રેશન, રાતોરાત વાઈરલ થઈ ક્રિકેટર

**નવી દિલ્હી, તા.21**

ક્રિકેટના મેદાન પર ખેલાડીઓ તેમના પ્રદર્શનની સાથે સાથે તેમના અનોખા અંદાજ માટે પણ ચર્ચામાં રહે છે. 20 ઓગસ્ટ (ગુરુવાર)ના રોજ વિમેન્સ દિલ્હી પ્રીમિયર લીગ 2026 (WDPL)માં સેન્ટ્રલ દિલ્હી ક્વીન્સ અને સાઉથ દિલ્હી સુપરસ્ટાર્સ વચ્ચે પ્રથમ મુકાબલો રમાયો હતો.



આ મેચનો એક વીડિયો સોશિયલ મીડિયા પર સતત વાઈરલ થઈ રહ્યો છે. વાસ્તવમાં, સેન્ટ્રલ દિલ્હી ક્વીન્સની ઓલરાઉન્ડર મેધાવી બિધૂડીએ વિકેટ લીધા પછી જે ખાસ અંદાજ દર્શાવ્યો તે ચાહકોને ખૂબ પસંદ આવી રહ્યો છે. મેધાવી બિધૂડીનું આ સેલિબ્રેશન સોશિયલ મીડિયા પર ચર્ચાનો વિષય બન્યું છે. મેધાવી બિધૂડી WDPLમાં સેન્ટ્રલ દિલ્હી ક્વીન્સ તરફથી ઓલરાઉન્ડર તરીકે રમે છે. તે જમણા હાથે બેટિંગ કરવાની સાથે લેગ-બ્રેક બોલિંગ પણ કરે છે.

સોશિયલ મીડિયા પર વાઈરલ પોસ્ટ મુજબ, મેધાવીના આ સેલિબ્રેશન પાછળ તેની બહેનનો આઈડિયા હતો. તેની બહેન 'Gen-Z' સ્ટાઈલથી ઘણી પ્રભાવિત છે અને તેણે જ મેધાવીને જર્સી નંબર 67 પહેરવા અને વિકેટ લીધા પછી ખાસ સેલિબ્રેશન કરવા કહ્યું હતું. આ પછી મેદાન પર મેધાવીએ એ જ અંદાજમાં જશ્ન મનાવ્યો અને તેનો આ વીડિયો સોશિયલ મીડિયા પર ઝડપથી વાઈરલ થઈ ગયો. ચાહકો તેના ક્રિકેટિંગ ટેલેન્ટની સાથે સાથે તેની ક્યૂટ અને કોન્ફિડન્ટ સ્ટાઈલના પણ વખાણ કરી રહ્યા છે.

જોકે, સેન્ટ્રલ દિલ્હી ક્વીન્સ 29 રનથી આ મુકાબલો હારી ગઈ પરંતુ મેધાવીનું Gen-Z સેલિબ્રેશન સોશિયલ મીડિયા પર ઝડપથી વાઈરલ થઈ ગયું. મેધાવીએ આ મેચમાં 4 ઓવરમાં 24 રન આપીને 2 વિકેટ ઝડપી હતી. જ્યારે, બેટિંગમાં મેધાવી માત્ર 5 રન બનાવીને આઉટ થઈ ગઈ.

શું છે '6-7' નો Gen-Z ટ્રેન્ડ? '6-7' આ દિવસોમાં Gen-Z અને સોશિયલ મીડિયાની ભાષામાં વપરાતો એક વાઈરલ મીમ/ઈનસાઈડ-જોક છે. તેનો કોઈ ઊંડો અર્થ નથી. TikTok અને Instagram જેવા પ્લેટફોર્મ્સ પર તેને રમૂજી અંદાજમાં બોલવાનું કે લખવાનું ચલણ વધ્યું છે, ખાસ કરીને 'સિક્સ-સેવન' કહેવા અને હાથના ખાસ જેસ્ચર સાથે. આ એક પ્રકારનો ઈન્ટરનેટ સ્લેંગ બની ગયો છે, જેનો યુવાનો અવારનવાર કોઈ ચોક્કસ કારણ વિના પણ ઉપયોગ કરે છે. આ જ કારણ છે કે મેધાવી બિધૂડીની 67 નંબરની જર્સીએ પણ લોકોનું ધ્યાન ખેંચ્યું.

# ડી વિલિયર્સ અને બ્રાવો બાદ ડેવિડ વોર્નર પણ લિજેન્ડ વર્લ્ડ ક્રિકેટમાં રમશે

## ઓક્ટોબરમાં યોજાનારી વર્લ્ડ લિજેન્ડ ચેમ્પિયનશિપ (WCL)માં ભારતનો યુવરાજ રમવાનો છે

**નવી દિલ્હી, તા.21**

વર્લ્ડ ચેમ્પિયનશિપ ઓફ લિજેન્ડ્સ (WCL) ક્રિકેટની ની ત્રીજી સિઝન ત્રીજી ઓક્ટોબરથી શરૂ થઈ રહી છે, જેમાં ઓસ્ટ્રેલિયાનો ભૂતપૂર્વ ઓપનર ડેવિડ વોર્નર ઉપરાંત ભારતનો યુવરાજ સિંઘ, ડ્વેઈન બ્રાવો અને એ બી ડી વિલિયર્સ જેવા ભૂતકાળના દિગ્ગજ ખેલાડીઓ રમતા જોવા મળશે. આ ચેમ્પિયનશિપની વિવિધ મેચના સ્થળની જાહેરાત હજી બાકી છે પરંતુ તેની તારીખો જાહેર થઈ છે જે મુજબ ત્રીજીથી 18મી ઓક્ટોબર દરમિયાન તેનું આયોજન કરાશે. આ ટુર્નામેન્ટની પ્રથમ સિઝન પાકિસ્તાન ચેમ્પિયન્સ સામે ભારત ચેમ્પિયન્સે જીતી હતી



જ્યારે બીજી સિઝનમાં સાઉથ આફ્રિકા ચેમ્પિયન્સે પાકિસ્તાન ચેમ્પિયન્સને હરાવીને ટાઈટલ મેળવ્યું હતું."બે રેકોર્ડબ્રેક સિઝન પછી WCL 2026માં વધુ સ્ટાર પાવર, વધુ રોમાંચ, વધુ રાષ્ટ્રીય ગૌરવ અને યાદગાર ક્રિકેટ ક્ષણો જોવા મળશે. ત્રીજી સિઝનમાં બાંગ્લાદેશ ચેમ્પિયન્સને પણ ટુર્નામેન્ટમાં સામેલ કરવામાં આવી છે." તેમ આયોજકોએ જણાવાયું હતું. WCL સિઝન-3નીમાં ટીમોમાં કેટલાક મોટા નામો જોડાશે, જેમાં યુવરાજ સિંઘ, એબી ડી વિલિયર્સ, ડ્વેઈન બ્રાવો, શાહિદ આફ્રિદી અને મોઈન અલી જેવા સ્ટાર્સનું ટકી રહેવું તથા ડેવિડ વોર્નર અને મહેમુદુલ્લાહ રિયાધ (બાંગ્લાદેશ) જેવા નવા ખેલાડીઓનો ઉમેરો સામેલ છે. આ સિઝન હવે યુકેની બહાર યોજવાનું નક્કી થઈ ગયું છે. અને, તેના સ્થળ અંગે આયોજકો ટૂંક સમયમાં જાહેરાત કરશે. તે પૈકીના એક આયોજકે જણાવ્યું હતું કે ટુર્નામેન્ટના સ્થળ અંગે સરપ્રાઈસ જોવા મળશે. આ વખતે ઘણા સ્ટાર ક્રિકેટર પણ જોવા મળી શકે છે.

# વિમેન્સ એશિયા કપ 2026: શું હરમનપ્રીત કૌરની ટીમ નકવી પાસેથી ટ્રોફી સ્વીકારશે? જૂનો વિવાદ ફરી સપાટી પર આવવાની શક્યતા

**નવી દિલ્હી, તા.21**

વિમેન્સ એશિયા કપ 2026 શરૂ થાય તે પહેલાં જ ભારત અને પાકિસ્તાન વચ્ચે એક નવો વિવાદ ચર્ચામાં આવ્યો છે. આ મામલો મેદાન પરની રમતનો નહીં, પરંતુ પોસ્ટ-મેચ ટ્રોફી પ્રેઝન્ટેશનનો છે. એશિયન ક્રિકેટ કાઉન્સિલ(ACC) ના પ્રમુખ અને પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ(PCB)ના ચીફ મોહસિન નકવી ટુર્નામેન્ટમાં હાજર રહેવાની શક્યતા છે. હવે સૌથી મોટો સવાલ એ ઊભો થયો છે કે જો હરમનપ્રીત કૌરની કપ્તાની હેઠળની ભારતીય ટીમ ફાઈનલમાં પહોંચીને ખિતાબ જીતે છે, તો શું તે પાકિસ્તાનના ગૃહમંત્રી અને ACC પ્રમુખ મોહસિન નકવીના હાથે ટ્રોફી



સ્વીકારશે કે કેમ. આ વિવાદ પાછળનું મુખ્ય કારણ અંદાજે 1 વર્ષ પહેલાં 28 સપ્ટેમ્બર 2025ના રોજ રમાયેલા મેન્સ એશિયા કપ ફાઈનલનો કિસ્સો છે. વિવાદનું કારણ: દુબઈમાં યોજાયેલી તે મેચમાં ભારતીય ટીમે જીત મેળવી હતી, પરંતુ પહલગામ આતંકી હુમલા અને બંને દેશો વચ્ચે સર્જાયેલા ભારે તણાવના કારણે સૂર્યકુમાર યાદવની ટીમે મોહસિન નકવી પાસેથી ટ્રોફી સ્વીકારવાનો ઈન્કાર કરી દીધો હતો. ટ્રોફી લઈને જતા રહ્યા નકવી: ભારતીય ટીમના સ્પષ્ટ ઈન્કાર બાદ મોહસિન નકવી ટ્રોફી લઈને ત્યાંથી ચાલ્યા ગયા હતા. તે ટ્રોફી આજદિન સુધી વિજેતા ભારતીય ટીમને સોંપવામાં આવી નથી. પુરુષ એશિયા કપ બાદ નકવીએ પહેલાં એવું કહ્યું હતુ કે ભારતીય ટીમ ઈચ્છે તો ACC કાર્યાલયથી ટ્રોફી મેળવી શકે છે, પરંતુ બાદમાં પોતાનું વલણ બદલીને દાવો કર્યો હતો કે ભારતે તેમની પાસેથી જ ટ્રોફી લેવી પડશે. આ દરમિયાન ICCની બેઠકમાં BCCI સચિવ દેવજિત સૈકિયા અને મોહસિન નકવી વચ્ચે મુલાકાત પણ થઈ હતી. જોકે, જૂના વિવાદનો કોઈ કાયમી ઉકેલ આવ્યો નથી અને હવે વિમેન્સ એશિયા કપમાં તે જ પરિસ્થિતિ ફરી સામે આવવાની સંભાવના છે.

આયોજન અને તારીખો: વિમેન્સ એશિયા કપનું આયોજન દુબઈ ખાતે 28 ઑગસ્ટથી 13 સપ્ટેમ્બર દરમિયાન T20 ફોર્મેટમાં થશે. ભારત-પાક મુકાબલો: ભારત અને પાકિસ્તાન બંને એક જ ગ્રૂપમાં છે અને તેમની વચ્ચે 5 સપ્ટેમ્બરના રોજ ગ્રૂપ મેચ રમાશે. ઔપચારિક શિષ્ટાચાર બંધ: બંને દેશો વચ્ચેના તણાવને જોતાં નક્કી કરવામાં આવ્યું છે કે ખેલાડીઓ વચ્ચે ઔપચારિક શિષ્ટાચારનું આદાન-પ્રદાન થશે નહીં. ફાઈનલમાં જ ફરી ટક્કર શક્ય: આ ટુર્નામેન્ટના ફોર્મેટ મુજબ બંને ટીમો 5 સપ્ટેમ્બર પછી માત્ર 13 સપ્ટેમ્બરની ફાઈનલમાં જ ફરી આમને-સામને આવી શકે છે.

# 'હિન્દુ-મુસ્લિમ માનસિકતામાંથી બહાર નીકળો': વંદે માતરમ્ પર શર્મિલા ટાગોરના નિવેદન પર કંગના ભડકી

**મુંબઈ, તા.21**

ભારતના રાષ્ટ્રીય ગાન 'વંદે માતરમ્' અંગે બોલિવૂડની બે જાણીતી અભિનેત્રીઓ વચ્ચે વૈચારિક મતભેદ સામે આવ્યો છે. દિગ્ગજ અભિનેત્રી શર્મિલા ટાગોર દ્વારા 'વંદે માતરમ્' અંગે આપવામાં આવેલા એક નિવેદન બાદ ભાજપના સાંસદ અને અભિનેત્રી કંગના રનૌતે તેમના પર વળતો પ્રહાર કર્યો છે. કંગનાએ શર્મિલા ટાગોરની વિચારસરણીને સીમિત ગણાવીને તેમને 'હિન્દુ-મુસ્લિમ' માઈન્ડસેટમાંથી બહાર આવવા માટે અપીલ કરી છે.



એક ઈન્ટરવ્યૂ દરમિયાન શર્મિલા ટાગોરે 'વંદે માતરમ્' ગીત અંગે પોતાની રજૂઆત કરતા જણાવ્યું હતું કે, 'જે લોકો એક જ ઈશ્વર (એકેશ્વરવાદ)માં વિશ્વાસ ધરાવે છે, તેમના માટે આ ગીતના કેટલાક ભાગોને સ્વીકારવા મુશ્કેલ બની શકે છે. બંકિમચંદ્ર ચટ્ટોપાધ્યાય દ્વારા રચિત આ ગીતના શરૂઆતના બે પદ દરેક માટે સરળ છે, પરંતુ તેના પછીના પદોમાં દુર્ગા, લક્ષ્મી અને સરસ્વતી જેવી હિન્દુ દેવીઓનો ઉલ્લેખ આવે છે. તેથી એક જ ઈશ્વરમાં માનતા લોકો માટે 'વંદે કાલી' કે 'વંદે દુર્ગા' કહેવું થોડું કઠિન બની જાય છે.' અભિનેત્રીએ આ વાત તમામ ધર્મોના લોકોને સાથે જોડવાના અને સર્વસમાવેશક દ્રષ્ટિકોણથી રજૂ કરી હતી.

શર્મિલા ટાગોરના આ નિવેદન બાદ કંગના રનૌતે સોશિયલ મીડિયા પર પોતાની પ્રતિક્રિયા આપી હતી. કંગનાએ લખ્યું કે, 'એક કલાકાર તરીકે શર્મિલા જીના વિચારોથી મને આશ્ચર્ય થયું છે. કોઈપણ કવિતા કે ગીતમાં શબ્દો એક રૂપક (સિમ્બોલ) હોય છે. 'વંદે માતરમ્' એ આપણી આઝાદીની લડાઈની ભાવના છે અને તેને માત્ર ધાર્મિક સરહદોમાં સીમિત ન રાખવી જોઈએ.'

પોતાની વાતને મજબૂત કરવા કંગનાએ સ્વામી વિવેકાનંદના વિચારોનું ઉદાહરણ આપતાં કહ્યું કે, 'વિવેકાનંદજીએ દેશના યુવાનોમાં તાકાત અને ચૈતન્ય જગાડવાના હેતુથી લોખંડી હાડકાં તેમજ વીજળી જેવી નસો ધરાવતી યુવાપેઢીની માંગ કરી હતી. કોઈ કવિતામાં જ્યારે 'શક્તિ' શબ્દનો ઉપયોગ થાય છે, ત્યારે તેનો અર્થ કેવળ ધાર્મિક સંદર્ભ પૂરતો મર્યાદિત નથી હોતો, પરંતુ તે આંતરિક અને શારીરિક ક્ષમતાનું સૂચન કરે છે.'

કંગનાએ વધુમાં ઉમેર્યું કે, 'હવે લોકોએ હિન્દુ-મુસ્લિમવાળી માનસિકતામાંથી બહાર નીકળવું જોઈએ. જો આપણે એક ઈશ્વરમાં માનતા હોઈએ તો પણ શારીરિક કે માનસિક ક્ષમતાને તબીબી ભાષામાં પણ 'શક્તિ' જ કહેવામાં આવે છે. આપણે એકબીજાની ભાવનાઓને સ્વીકારવી જોઈએ.'

ઉલ્લેખનીય છે કે 'વંદે માતરમ્' ગીત 1870ના દાયકામાં બંકિમચંદ્ર ચટ્ટોપાધ્યાય દ્વારા લખવામાં આવ્યું હતું, જે તેમની પ્રસિદ્ધ નવલકથા 'આનંદમઠ'નો એક ભાગ હતું. ભારત શાસન મુક્ત કરાવવાના સ્વતંત્રતા સંગ્રામ દરમિયાન આ ગીત દેશભક્તો માટે સૌથી મોટો નારો બન્યું હતું. હાલમાં 'જન ગણ મન' ભારતનું રાષ્ટ્રગીત છે, જ્યારે 'વંદે માતરમ્'ને રાષ્ટ્રીયગાનનો દરજ્જો પ્રાપ્ત છે. બંને અભિનેત્રીઓના આ નિવેદનો બાદ સોશિયલ મીડિયા પર રાષ્ટ્રીય ગાન અંગે ચર્ચા ફરી ગરમ થઈ છે.

# સિદ્ધાર્થ અને કિયારા પણ હવે પોતે ફિલ્મ નિર્માતા બનશે



**મુંબઈ, તા.21**

બોલીવૂડમાં ફિલ્મ સ્ટાર્સ હવે નિર્માતા બનવાના ચાળે ચડયા છે. અનુષ્કા શર્મા, ક્રિતી સેનોન, આલિયા ભટ્ટ નિર્માત્રી બન્યા બાદ તાજેતરમાં કાર્તિક આર્યને પણ તેનો ડોપામાઈન સ્ટુડિયોઝ શરૂ કર્યો છે. હવે સિદ્ધાર્થ મલ્હોત્રા અને કિયારા અડવાણી પણ ફિલ્મ નિર્માતા બનવાના માર્ગે આગળ વધવા માંગે છે.

સિદ્ધાર્થ મલ્હોત્રાને 'શેરશાહ' અને 'મિશન મજનુ' બાદ તેંની કારકિર્દીને આગળ ધપાવે તેવા કોઈ પ્રોજેક્ટ મળતો નથી. સિદ્ધાર્થ અને કિયારા બંને બોક્સ ઓફિસ પર સેલેબલ સ્ટાર ગણાતા નથી. આથી મર્યાદિત બજેટની ફિલ્મો બનાવવા તથા ખાસ તો ફિલ્મના જુદા જુદા રાઈટ્સની કમાણી માટે તેમણે જાતે નિર્મતા બનવાનું નક્કી કર્યું છે.

ફિલ્મના નિર્માતા તરીકે એક મોટો ફાયદો એ થાય છે કે ફિલ્મના ક્રિયેટિવ અને પ્રોડકશન કન્ટ્રોલ તેમની પાસે હોવાને કારણે તેઓ તેમને અનુકૂળ હોય એ પ્રકારની ફિલ્મો બનાવી શકે છે. શરૂઆતમાં સિદ્ધાર્થ મલ્હોત્રાની 'કપૂર એન્ડ સન્સ' અને 'હસી તો ફસી' ટાઈપની ફિલ્મો જોવા મળી શકે છે.

# યામી ગૌતમ, રાજકુમાર રાવ, રજનીકાન્ત બોક્સ ઓફિસ પર ટકરાશે



**મુંબઈ, તા.21**

યામી ગૌતમની ફિલ્મ 'નઈ નવેલી' આગામી ૧૬મી ઓક્ટોબરે રીલિઝ કરવાની જાહેરાત થઈ છે. આ જ દિવસોમાં રજનીકાંતની 'જેલર ટુ' તથા રાજકુમાર રાવની 'પ્રહાર' રજૂ થવાની છે. યામીની 'નઈ નવેલી' ફેન્ટસી ફિલ્મ છે. બીજી તરફ રજનીકાંતનો પણ હિન્દી દર્શકોમાં એક અલગ ચાહક વર્ગ છે. જ્યારે રાજકુમાર રાવની 'પ્રહાર' ઉજ્જવલ નિકમની બાયોપિક હોવાથી તથા કસાબને ફાંસી સહિતના કેસો પર આધારિત હોવાથી આ ત્રણેય ફિલ્મો વચ્ચે દર્શકો વહેંચાઈ જાય તેવી સંભાવના છે. યામી નેશનલ એવોર્ડ વિનર રહી ચૂકી છે અને તેની ફિલ્મો સુપરહિટ પણ નિવડી ચૂકી છે. જોકે, સોલો હિરોઈન તરીકે તે કોઈ ફિલ્મને એકલા હાથે સફળતા અપાવી શકે કે કેમ તે અંગે શંકા સેવાય છે. નિર્માતા આનંદ એલ રાય અને હિમાંશુ શર્માની 'નઈ નવેલી' ફિલ્મનું નિર્દેશન બાલાજી મોહને કર્યું છે.

# 'પાર્ટીઓમાં ડ્રગ્સ, વાઈફ સ્વેપિંગ અને કાસ્ટિંગ કાઉચ': ટીવી અભિનેત્રીએ કર્યો સનસનાટીભર્યો ઘટસ્ફોટ

**મુંબઈ, તા.21**

ટેલિવિઝન જગતની જાણીતી અભિનેત્રી અને 'MTV રોડીઝ 8'ની વિજેતા આંચલ ખુરાનાએ મુંબઈ એન્ટરટેઈનમેન્ટ ઈન્ડસ્ટ્રીની અંદર ચાલતી કાળી વાસ્તવિકતા અને ગંદી પ્રવૃત્તિઓ અંગે ખુલીને વાત કરીને સમગ્ર ગ્લેમર જગતમાં ખળભળાટ મચાવી દીધો છે. તાજેતરમાં આપેલા એક વિગતવાર ઈન્ટરવ્યુમાં આંચલે ઈન્ડસ્ટ્રીમાં ચાલતા ડ્રગ્સ કલ્ચર, વાઈફ સ્વેપિંગ, કાસ્ટિંગ કાઉચ અને હાઈ-પ્રોફાઈલ પાર્ટીઓમાં સામેલ ન થવા પર કામ ન મળવાની સમસ્યાઓ પર ચોંકાવનારા ખુલાસા કર્યા છે.

આંચલ ખુરાનાએ ઈન્ડસ્ટ્રીની હાઈ-પ્રોફાઈલ પાર્ટીઓ અંગે વાત કરતાં જણાવ્યું કે, મુંબઈમાં યોજાતી આ પ્રકારની પાર્ટીઓ બહારથી જેટલી આકર્ષક દેખાય છે, અંદરથી એટલી જ ગંદી હોય છે: ડ્રગ્સ કલ્ચર: આંચલે દાવો કર્યો હતો કે આવી પાર્ટીઓમાં બેરોકટોક ડ્રગ્સ અને નશીલા પદાર્થોનું સેવન કરવામાં આવે છે અને તેને ખૂબ સામાન્ય ગણવામાં આવે છે.

વાઈફ સ્વેપિંગનું કલ્ચર: તેણે વધુ એક ગંભીર ઘટસ્ફોટ કરતાં કહ્યું કે આ વર્તુળોમાં 'વાઈફ સ્વેપિંગ' જેવી વિકૃત પ્રથાઓ પણ ચાલે છે, જેને જોઈને કોઈ પણ સામાન્ય વ્યક્તિ સ્તબ્ધ થઈ જાય.

ઈન્ડસ્ટ્રીમાં ભૂમિકાઓ મેળવવા માટે થતા શોષણ અને કાસ્ટિંગ



કાઉચ અંગે વાત કરતાં આંચલે જણાવ્યું: પ્રોજેક્ટ્સ મેળવવા માટે કલાકારો પાસેથી અનૈતિક માંગણીઓ અને કોમ્પ્રોમાઈઝ કરવાની અપેક્ષા રાખવામાં આવે છે.

જે લોકો ટેલેન્ટના દમ પર આગળ વધવા માંગે છે, તેમના માટે રસ્તો અત્યંત કઠિન બનાવી દેવામાં આવે છે.

આંચલે પોતાના અંગત અનુભવો શેર કરતાં જણાવ્યું કે તે પોતે શા માટે છેલ્લા કેટલાક સમયથી સ્ક્રીન પર ઓછી જોવા મળી રહી છે: નેટવર્કિંગ અને અનૈતિક પાર્ટીઓથી અંતર: આંચલે સ્પષ્ટ કહ્યું કે તે આવી નશાખોરીવાળી પાર્ટીઓ, ખોટા નેટવર્કિંગ કે PR સ્ટંટનો હિસ્સો બનવા માંગતી નથી.

કામ ન મળવાની સજા: તેણે જણાવ્યું કે જ્યારે કોઈ કલાકાર આ પ્રકારના અનૈતિક ગ્રૂપિઝમ કે પાર્ટી કલ્ચરનો ઈનકાર કરે છે, ત્યારે ઈન્ડસ્ટ્રીના પાવરફુલ લોકો તેને સાઈડલાઈન કરી દે છે અને કામ આપવાનું બંધ કરી દે છે.

પોતાની નૈતિકતા અને સ્વાભિમાન જાળવી રાખીને ટકી રહેવાના સંઘર્ષ પર ભાર મૂકતાં આંચલે ઉમેર્યું કે, આજની ઈન્ડસ્ટ્રીમાં વાસ્તવિક અભિનય ક્ષમતા કરતાં વધારે મહત્ત્વ સોશિયલ નેટવર્કિંગ, પાર્ટીઓમાં હાજરી અને સમજૂતીઓને આપવામાં આવી રહ્યું છે, જે એક સાચા કલાકાર માટે અત્યંત નિરાશાજનક બાબત છે.

આંચલ ખુરાનાના આ આકરા નિવેદનોએ એન્ટરટેઈનમેન્ટ ઈન્ડસ્ટ્રીમાં કામની શોધમાં આવતા યુવા કલાકારો માટે ગ્લેમરની પાછળ છુપાયેલા અંધકારને ફરી એકવાર જાહેરમાં લાવી દીધો છે.

# ઇન્ડિગો વેબસાઇટ અઠવાડિયામાં બીજી વખત ઠપ, ટિકિટ બુકિંગ અટક્યું: લોકો વેબ ચેક-ઇન કરી શકતા નથી, એપ લોગિન અને પેમેન્ટમાં પણ મુશ્કેલી

**નવી દિલ્હી, તા.21**




દેશની સૌથી મોટી એરલાઈન ઈન્ડિગોની વેબસાઈટ શુક્રવારે ફરી ઠપ થઈ ગઈ. કેટલાક મુસાફરો વેબસાઈટ પરથી ફ્લાઈટ બુક કરી શકતા નથી. જ્યારે કેટલાક યુઝર્સને મોબાઈલ એપમાં લોગિન કરવામાં પણ મુશ્કેલી પડી રહી છે.

વેબસાઈટ પર ફ્લાઈટ બુકિંગ ખોલતા 'નો ડેટા અવેલેબલ'નો મેસેજ દેખાઈ રહ્યો છે. આ અઠવાડિયે ઈન્ડિગોની વેબસાઈટ અને ઓનલાઈન સેવાઓમાં આવેલી આ બીજી ખામી છે.

એરલાઈને વેબસાઈટ પર સર્વિસ એડવાઈઝરી જારી કરીને જણાવ્યું કે સિસ્ટમમાં વારંવાર સમસ્યા આવી રહી છે. આનાથી કેટલાક ગ્રાહકોને અમારી ઓનલાઈન સેવાઓનો ઉપયોગ કરવામાં મુશ્કેલી પડી શકે છે. અમારી ટીમો આ સમસ્યાને વહેલી તકે ઠીક કરવા માટે કામ કરી રહી છે. ઈન્ડિગોએ મુસાફરોને થોડા સમય પછી ડિજિટલ ચેનલનો ફરીથી ઉપયોગ કરવા જણાવ્યું. ઈન્ડિગોએ કહ્યું કે જે ગ્રાહકોને તાત્કાલિક મુસાફરી સંબંધિત મદદ જોઈતી હોય, તેઓ કસ્ટમર સપોર્ટ હેલ્પલાઈનનો સંપર્ક કરે. જે ગ્રાહકોની મુસાફરી પછીની છે, તેઓ થોડા સમય પછી પ્રયાસ કરે.

શુક્રવારે ઘણા યુઝર્સે ઈન્ડિગોના X એકાઉન્ટ પર ફરિયાદો કરી હતી. જેમાં ફ્લાઈટ બુકિંગ ફેલ થવું, વેબ ચેક-ઈનમાં મુશ્કેલી અને પેમેન્ટ કન્ફર્મેશન ન મળવું સામેલ હતું. આ ખામી તે સમસ્યાના બે દિવસ પછી સામે આવી, જેને ઈન્ડિગોએ તેના મુખ્ય રિઝર્વેશન પ્લેટફોર્મમાં માની હતી.

એરલાઈને બુધવારે X પર પણ જણાવ્યું હતું કે તેની રિઝર્વેશન સિસ્ટમમાં વારંવાર સમસ્યાઓ આવી રહી છે. ઈન્ડિગોએ કહ્યું હતું કે આ કારણે કેટલાક ગ્રાહકોને ઓનલાઈન સેવાઓનો ઉપયોગ કરવામાં મુશ્કેલી પડી શકે છે.

એરલાઈને એમ પણ જણાવ્યું હતું કે તે સમસ્યા દૂર કરવા માટે તેના ટેકનોલોજી પાર્ટનર સાથે કામ કરી રહી છે, પરંતુ ખામીના કારણ વિશે વધુ માહિતી આપી ન હતી.

વારંવાર આવતી આ મુશ્કેલીઓથી ઓનલાઈન ટિકિટ બુક કરનારા અથવા ફ્લાઈટ મેનેજ કરનારા મુસાફરોને વધુ પરેશાની થઈ શકે છે.

ઈન્ડિગો ઘરેલુ બજાર હિસ્સેદારીની દ્રષ્ટિએ ભારતની સૌથી મોટી એરલાઈન છે. જુલાઈમાં દેશના ઘરેલુ વિમાનન બજારમાં તેનો હિસ્સો લગભગ 67% હતો.

એરલાઈનનું નેટવર્ક ઘણું મોટું છે. તેથી, તેની ડિજિટલ સિસ્ટમમાં ખામી સર્જાતા ટિકિટ બુક કરનારા, ચેક-ઈન કરનારા અથવા હાલના રિઝર્વેશન મેનેજ કરનારા મોટી સંખ્યામાં મુસાફરો પર અસર પડી શકે છે.

આ ઘટના એવા સમયે બની છે, જ્યારે અગાઉ પણ સંચાલન સંબંધિત મુશ્કેલીઓને લઈને ઈન્ડિગોની તપાસ અને ટીકા થઈ છે. ડિસેમ્બરમાં પાયલટ રોસ્ટર પ્લાનિંગ સંબંધિત સમસ્યાઓ પછી ઈન્ડિગોની લગભગ 4,500 ફ્લાઈટ્સ રદ થઈ હતી. આનાથી એરલાઈન પર ઘણા પ્રશ્નો ઉભા થયા હતા. આ ગડબડને કારણે હજારો મુસાફરો ફસાઈ ગયા હતા અને સમગ્ર ભારતમાં હવાઈ મુસાફરી પર ઘણી અસર પડી હતી. આ પછી નિયમનકારી સંસ્થાઓએ મામલાની તપાસ કરી અને ફ્લાઈટ્સ રદ થવાને લઈને એરલાઈન પર કાર્યવાહી કરી.

શુક્રવારની વેબસાઈટની ખામીનો ડિસેમ્બરના સંચાલન સંકટ સાથે સીધો સંબંધ નથી. જોકે, નવી સમસ્યા પછી ઈન્ડિગોના ટેકનોલોજી અને રિઝર્વેશન સિસ્ટમની વિશ્વસનીયતા પર ફરી ધ્યાન ગયું છે. ઈન્ડિગો ભારતના ઘરેલું હવાઈ ટ્રાફિકનો મોટો હિસ્સો સંભાળે છે. હાલમાં એ સ્પષ્ટ નથી કે શુક્રવારની ખામી કેટલી લાંબી ચાલશે અને તેનું કારણ શું છે.

ઈન્ડિગો ભારતની સૌથી મોટી બજેટ એરલાઈન છે, જેનો ઘરેલું એવિએશન માર્કેટમાં 60%થી વધુ હિસ્સો છે. દરરોજ હજારથી વધુ ફ્લાઈટ્સ ઓપરેટ થાય છે. એરલાઈને બુધવારે X પર પણ જણાવ્યું હતું કે તેની રિઝર્વેશન સિસ્ટમમાં વારંવાર સમસ્યાઓ આવી રહી છે. ઈન્ડિગોએ કહ્યું હતું કે આ કારણે કેટલાક ગ્રાહકોને ઓનલાઈન સેવાઓનો ઉપયોગ કરવામાં મુશ્કેલી પડી શકે છે. એરલાઈને એમ પણ જણાવ્યું હતું કે તે સમસ્યા દૂર કરવા માટે તેના ટેકનોલોજી પાર્ટનર સાથે કામ કરી રહી છે, પરંતુ ખામીના કારણ વિશે વધુ માહિતી આપી ન હતી. વારંવાર આવતી આ મુશ્કેલીઓથી ઓનલાઈન ટિકિટ બુક કરનારા અથવા ફ્લાઈટ મેનેજ કરનારા મુસાફરોને વધુ પરેશાની થઈ શકે છે. ઈન્ડિગો ઘરેલુ બજાર હિસ્સેદારીની દ્રષ્ટિએ ભારતની સૌથી મોટી એરલાઈન છે. જુલાઈમાં દેશના ઘરેલુ વિમાનન બજારમાં તેનો હિસ્સો લગભગ 67% હતો.

# સેન્સેક્સ ફ્લેટ બંધ થયો, 77540 પર પહોંચ્યો: નિફ્ટી 20 પોઈન્ટ વધ્યો, 24252ના સ્તરે બંધ

**મુંબઈ, તા.21**




ભારતીય શેરબજારમાં 21 ઓગસ્ટના રોજ કારોબાર ખૂબ જ ફ્લેટ અને સીમિત દાયરામાં જોવા મળ્યો હતો. દિવસભરની ચડાવ-ઉતાર બાદ સેન્સેક્સ માત્ર 3 પોઈન્ટના મામૂલી વધારા સાથે 77,540ના મથાળે બંધ થયો હતો, જ્યારે નિફ્ટીમાં 20 પોઈન્ટનો સુધારો જોવા મળ્યો હતો અને તે 24,252ના સ્તરે સ્થિર થયો હતો. આ સુસ્ત કારોબાર પહેલાં 20 ઓગસ્ટે બજારમાં જોરદાર તેજીનો માહોલ હતો, જ્યાં સેન્સેક્સ 628 પોઈન્ટ ઉછળીને 77,538 પર અને નિફ્ટી 154 પોઈન્ટ વધીને 24,232 પર બંધ થયો હતો.

એશિયન બજારો તરફથી મિશ્ર સંકેતો મળી રહ્યા છે. દક્ષિણ કોરિયાનો કોસ્પી ઈન્ડેક્સ 60 પોઈન્ટ એટલે કે 0.88 ટકા વધીને 6913ના સ્તરે પહોંચ્યો હતો, તેમજ હોંગકોંગના હેંગસેંગ ઈન્ડેક્સમાં પણ 311 પોઈન્ટ એટલે કે 1.21 ટકાનો નોંધપાત્ર ઉછાળો નોંધાયો હતો અને તે 26009 પર બંધ થયો હતો. બીજી તરફ, જાપાનના નિકેઈ ઈન્ડેક્સમાં નરમ વલણ રહ્યું હતું અને તે 200 પોઈન્ટ એટલે કે 0.30 ટકા ઘટીને 66016ના સ્તરે બંધ આવ્યો હતો.

વૈશ્વિક સ્તરે અમેરિકી બજારોમાં 20 ઓગસ્ટના રોજ ઘટાડાની તરફી મુવમેન્ટ જોવા મળી હતી. યુએસ માર્કેટનો પ્રમુખ ઈન્ડેક્સ ડાઉ જોન્સ 704 પોઈન્ટ એટલે કે 1.32 ટકા તૂટીને 52759 ના સ્તરે આવી ગયો હતો. ટેકનોલોજી આધારિત નાસ્ડેક પણ 264 પોઈન્ટ એટલે કે 1.00 ટકા ઘટીને 26067 પર અને S&P 500 ઈન્ડેક્સ 67 પોઈન્ટ એટલે કે 0.87 ટકાના ઘટાડા સાથે 7641ના લેવલ પર બંધ થયો હતો.

સ્થાનિક રોકાણકારોના વલણ અંગે વાત કરીએ તો, ભારતીય શેરબજારમાં ઘરેલું સંસ્થાકીય રોકાણકારો (DII) સતત વિશ્વાસ દર્શાવી રહ્યા છે. તાજેતરના આંકડા અનુસાર DII દ્વારા 3,538 કરોડ રૂપિયાની ચોખ્ખી ખરીદી કરવામાં આવી છે, જ્યારે છેલ્લા 7 દિવસના ગાળામાં તેમણે કૂલ 15,192 કરોડ રૂપિયા અને છેલ્લા 30 દિવસમાં 46,034 કરોડ રૂપિયાનું ભારે રોકાણ કર્યું છે. આનાથી વિપરીત, વિદેશી પોર્ટફોલિયો રોકાણકારો (FII/FPI) તરફથી થોડું વેચવાલીનું દબાણ જોવા મળ્યું છે. તાજેતરમાં તેમણે 583 કરોડ રૂપિયા અને છેલ્લા 7 દિવસમાં 1,059 કરોડ રૂપિયાના શેર વેચ્યા છે, પરંતુ છેલ્લા 30 દિવસમાં તેમનો એકંદર આંકડો 2,115 કરોડ રૂપિયાની ખરીદી દર્શાવે છે. એશિયન બજારો તરફથી મિશ્ર સંકેતો મળી રહ્યા છે. દક્ષિણ કોરિયાનો કોસ્પી ઈન્ડેક્સ 60 પોઈન્ટ એટલે કે 0.88 ટકા વધીને 6913ના સ્તરે પહોંચ્યો હતો, તેમજ હોંગકોંગના હેંગસેંગ ઈન્ડેક્સમાં પણ 311 પોઈન્ટ એટલે કે 1.21 ટકાનો નોંધપાત્ર ઉછાળો નોંધાયો હતો અને તે 26009 પર બંધ થયો હતો. બીજી તરફ, જાપાનના નિકેઈ ઈન્ડેક્સમાં નરમ વલણ રહ્યું હતું અને તે 200 પોઈન્ટ એટલે કે 0.30 ટકા ઘટીને 66016ના સ્તરે બંધ આવ્યો હતો.

# 10મું સિમ કાર્ડ 24 ઓગસ્ટથી નહીં મળે: વધારાના નંબર 15 દિવસમાં બંધ થઈ શકે છે, જમ્મુ-કાશ્મીર અને નોર્થ-ઈસ્ટમાં 6 સિમની લિમિટ

**નવી દિલ્હી, તા.21**

જો તમારા નામે 9 સિમ કાર્ડ એક્ટિવ હોય તો તમને નવું સિમ કાર્ડ નહીં મળે. સરકારે ગુરુવારે ટેલિકોમ કંપનીઓને નિર્દેશ આપ્યો છે કે જે ગ્રાહકોના નામે પહેલેથી નિર્ધારિત મર્યાદા એટલે કે 9 મોબાઈલ કનેક્શન છે, તેમને કોઈ પણ નવું સિમ કાર્ડ જારી કરવામાં ન આવે. આ નિયમ આ મહિનાની 24 તારીખથી દેશભરમાં લાગુ પડશે.

દૂરસંચાર વિભાગ (DoT) મુજબ, જો તમે નિર્ધારિત મર્યાદા કરતાં વધુ સિમ લેવા દુકાને જશો, તો કંપનીઓ તમને નવું કનેક્શન આપવાની ના પાડી દેશે. આ સાથે તમને એ પણ જણાવવામાં આવશે કે તમારા નામે પહેલાથી જ મહત્તમ સિમ કાર્ડ ચાલુ છે, તેથી નવું સિમ આપી શકાશે નહીં.

જો તમે વિચારી રહ્યા છો કે અલગ-અલગ કંપનીઓ (જેમ કે જિયો, એરટેલ કે વોડાફોન-આઈડિયા) પાસેથી સિમ લઈને તમે બચી જશો, તો એવું નહીં થાય.

સરકારે ટેલિકોમ કંપનીઓને 'ડિજિટલ ઈન્ટેલિજન્સ પ્લેટફોર્મ' (DIP) નો ઉપયોગ કરવા જણાવ્યું છે.

આ પોર્ટલ પર દેશના તમામ મોબાઈલ યુઝરનો ડેટા ઉપલબ્ધ છે.

નવું સિમ એક્ટિવેટ કરતા પહેલા કંપનીઓ આ પોર્ટલ પર તપાસ કરશે કે તમારા નામે કુલ કેટલા સિમ ચાલી રહ્યા છે.



નિયમોને વધુ કડક બનાવવા માટે સરકાર 23 ઓગસ્ટથી ડિજિટલ ઈન્ટેલિજન્સ પ્લેટફોર્મ પર એક નવું ફીચર ઉમેરી રહી છે.

આ અંતર્ગત, જે લોકોએ સિમ કાર્ડની નિર્ધારિત મર્યાદા (9 સિમ) પાર કરી દીધી છે, તેમનો ફોટો આ પોર્ટલ પર દેખાવા લાગશે.

આનાથી સિમ વેચતી વખતે ડીલર તરત જ ઓળખી જશે કે કયા ગ્રાહકને નવું સિમ આપવાની ના પાડવી.

દૂરસંચાર વિભાગે તમામ ટેલિકોમ કંપનીઓને તેમની સિસ્ટમને આ નવા સરકારી પ્લેટફોર્મ સાથે સંપૂર્ણપણે જોડવા માટે 30 નવેમ્બર 2026 સુધીનો સમય આપ્યો છે. ત્યાં સુધીમાં કંપનીઓએ તેમની આખી પ્રક્રિયા સુધારવી પડશે જેથી કોઈ પણ વધારાનું સિમ ચાલુ ન થઈ શકે.

કંપનીઓ જ્યાં સુધી આ નવી ડિજિટલ સિસ્ટમને સંપૂર્ણપણે ઠીક ન કરી લે, ત્યાં સુધી સરકારે એક વચગાળાનો રસ્તો કાઢ્યો છે. જો આ દરમિયાન કોઈ કંપની દ્વારા ભૂલથી પણ નિર્ધારિત મર્યાદા કરતાં વધુ (10મુ કે 11મુ) સિમ કાર્ડ ચાલુ થઈ જાય છે, તો નિયમો હેઠળ તે નવા નંબરને તરત જ એક દિવસ માટે સસ્પેન્ડ (બંધ) કરી દેવામાં આવશે. આ સસ્પેન્શન ત્યાં સુધી નહીં હટે જ્યાં સુધી વધારાના સિમનો મામલો ઉકેલાઈ ન જાય.

ભારતમાં એક વ્યક્તિના નામે વધુમાં વધુ 9 સિમ કાર્ડ રાખવાનો નિયમ ઘણો જૂનો છે. જોકે, જમ્મુ-કાશ્મીર, આસામ અને ઉત્તર-પૂર્વીય રાજ્યો માટે આ નિયમ થોડો અલગ છે.

સુરક્ષા કારણોસર આ રાજ્યોમાં રહેતા લોકો પોતાના નામે વધુમાં વધુ 6 સિમ કાર્ડ જ રાખી શકે છે. અત્યાર સુધી આ નિયમની કડકાઈથી તપાસ થઈ શકતી ન હતી, પરંતુ હવે નવા ડિજિટલ પ્લેટફોર્મના આવવાથી કોઈ પણ નિર્ધારિત મર્યાદા કરતાં વધુ સિમ ખરીદી શકશે નહીં.

# ચાંદી ₹6,623 મોંઘી, ₹2.44 લાખ/કિલો પર પહોંચી: 10 ગ્રામ સોનું ₹2,419 વધીને ₹1.60 લાખ થયું, આ વર્ષે સોનું ₹1.70 લાખ સુધી જઈ શકે છે

**મુંબઈ, તા.21**

સોના અને ચાંદીના ભાવમાં 21 ઓગસ્ટના રોજ જોરદાર વધારો નોંધાયો છે. ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશનના જણાવ્યા અનુસાર, એક કિલો ચાંદીની કિંમતમાં 6,623 રૂપિયાનો મોટો ઉછાળો આવતા તે 2.44 લાખ રૂપિયાના સ્તરે પહોંચી ગઈ છે. આ સાથે જ 10 ગ્રામ 24 કેરેટ સોનાનો ભાવ પણ 2,419 રૂપિયા વધીને લગભગ 1.60 લાખ રૂપિયાની આસપાસ પહોંચી ગયો છે. ઓગસ્ટ મહિનાના માત્ર 21 દિવસમાં જ સોનામાં 16,639 રૂપિયા અને ચાંદીમાં 26,094 રૂપિયાનો મોટો વધારો થઈ ચૂક્યો છે. બજારના નિષ્ણાતોનું માનવું છે કે વર્ષના અંત સુધીમાં સોનાનો ભાવ 1 લાખ 70 હજાર રૂપિયા સુધી પહોંચી શકે છે.



આ વર્ષે સોના-ચાંદીના ભાવમાં સતત ઉતાર-ચઢાવનો માહોલ રહ્યો છે, છતાં સોનું વર્ષ 2026માં અત્યાર સુધીમાં કૂલ 27 હજાર રૂપિયા જેટલું મોંઘું થઈ ગયું છે. સરખામણી કરીએ તો 31 ડિસેમ્બર 2025ના રોજ 10 ગ્રામ સોનાની કિંમત 1.33 લાખ રૂપિયા હતી, જે અત્યારે વધીને 1.60 લાખ રૂપિયા થઈ ગઈ છે. બીજી તરફ, ચાંદી પણ 31 ડિસેમ્બર 2025ના રોજ 2.30 લાખ રૂપિયા પ્રતિ કિલોના ભાવે વેચાઈ રહી હતી, જે હાલમાં 2.44 લાખ રૂપિયાના સ્તરે પહોંચી ગઈ છે. આ જ વર્ષમાં 29 જાન્યુઆરીના રોજ સોનું 1.76 લાખ રૂપિયા અને ચાંદી 3.86 લાખ રૂપિયાની પોતાની ઓલટાઈમ હાઈ સપાટીએ પહોંચ્યા હતા.

કોટક સિક્યોરિટીઝના સિનિયર વીપી અને કોમોડિટી રિસર્ચ હેડ અનિંદ્ય બેનર્જીના મતે સોનાની કિંમતોને સામાન્ય રોકાણકારો ઉપરાંત રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા જેવી દુનિયાભરની કેન્દ્રીય બેંકો તરફથી મજબૂત સપોર્ટ મળી રહ્યો છે, કારણ કે તેઓ સતત સોનાની ખરીદી કરી રહી છે. આગામી સમયમાં પડકારજનક આર્થિક કે ભૌગોલિક પરિસ્થિતિઓ વચ્ચે પણ સોનામાં તેજી જળવાઈ રહેવાની પૂરી શક્યતા છે. જો વૈશ્વિક પરિસ્થિતિઓમાં સુધારો થશે તો ચાંદીના ભાવમાં પણ મોટો ઉછાળો આવી શકે છે. વર્તમાન ટ્રેન્ડને જોતા ડિસેમ્બર સુધીમાં સોનું 1.70 લાખ રૂપિયા અને ચાંદી 3 લાખ રૂપિયા પ્રતિ કિલો સુધી પહોંચી શકે છે.

સોના-ચાંદીની ખરીદી કરતી વખતે કેટલીક મહત્વપૂર્ણ બાબતો ધ્યાનમાં રાખવી ખૂબ જરૂરી છે. હંમેશા બ્યુરો ઓફ ઈન્ડિયા સ્ટાન્ડર્ડનો હોલમાર્ક ધરાવતું સર્ટિફાઈડ સોનું જ ખરીદવું જોઈએ, જેના પર એક વિશેષ આલ્ફાન્યુમેરિક કોડ લખેલો હોય છે અને તેનાથી સોનાની સાચી કેરેટ શુદ્ધતાની ખબર પડે છે. આ ઉપરાંત ખરીદી કરતી વખતે તે જ દિવસનો સોનાનો સાચો ભાવ અને વજન વિવિધ અધિકૃત સ્ત્રોતો પરથી ચકાસી લેવો જોઈએ, કારણ કે 24 કેરેટ, 22 કેરેટ અને 18 કેરેટના ભાવ જુદા જુદા હોય છે. જ્વેલરી ખરીદતી વખતે મેકિંગ ચાર્જ પર સોદાબાજી કરી શકાય છે કારણ કે ઘરેણાં બનાવવા માટે લેવાતો આ ચાર્જ ફિક્સ હોતો નથી. જ્વેલર્સ પાસેથી લેબર કોસ્ટનું બ્રેકઅપ માગવાથી વધુ સારી ડીલ મેળવવામાં મદદ મળે છે.

અસલી ચાંદીની ઓળખ કરવા માટે પણ કેટલીક સોજી માર્ગદર્શિકાઓ ઉપયોગી બને છે. અસલી ચાંદી ચુંબક સાથે ચોંટતી નથી અને જો તે ચોંટી જાય તો તેમાં ભેળસેળ હોવાની પૂરી શક્યતા છે. આ સિવાય ચાંદી પર બરફ મૂકવાથી તે ખૂબ જ ઝડપથી પીગળવા લાગે છે, જે તેની સાચી ગુણવત્તા દર્શાવે છે. અસલી ચાંદીમાં કોઈ પ્રકારની દુર્ગંધ નથી હોતી, જ્યારે નકલી ચાંદીમાંથી તાંબા જેવી વાસ આવે છે. અંતમાં, જો ચાંદીને સફેદ કપડાથી ઘસવામાં આવે અને કપડા પર કાળો ડાઘ પડે, તો તે ચાંદી અસલી હોવાની સાબિતી આપે છે. આ વર્ષે સોના-ચાંદીના ભાવમાં સતત ઉતાર-ચઢાવનો માહોલ રહ્યો છે, છતાં સોનું વર્ષ 2026માં અત્યાર સુધીમાં કૂલ 27 હજાર રૂપિયા જેટલું મોંઘું થઈ ગયું છે. સરખામણી કરીએ તો 31 ડિસેમ્બર 2025ના રોજ 10 ગ્રામ સોનાની કિંમત 1.33 લાખ રૂપિયા હતી, જે અત્યારે વધીને 1.60 લાખ રૂપિયા થઈ ગઈ છે. બીજી તરફ, ચાંદી પણ 31 ડિસેમ્બર 2025ના રોજ 2.30 લાખ રૂપિયા પ્રતિ કિલોના ભાવે વેચાઈ રહી હતી, જે હાલમાં 2.44 લાખ રૂપિયાના સ્તરે પહોંચી ગઈ છે. આ જ વર્ષમાં 29 જાન્યુઆરીના રોજ સોનું 1.76 લાખ રૂપિયા અને ચાંદી 3.86 લાખ રૂપિયાની પોતાની ઓલટાઈમ હાઈ સપાટીએ પહોંચ્યા હતા. જો વૈશ્વિક પરિસ્થિતિઓમાં સુધારો થશે તો ચાંદીના ભાવમાં પણ મોટો ઉછાળો આવી શકે છે. વર્તમાન ટ્રેન્ડને જોતા ડિસેમ્બર સુધીમાં સોનું 1.70 લાખ રૂપિયા અને ચાંદી 3 લાખ રૂપિયા પ્રતિ કિલો સુધી પહોંચી શકે છે.

# ભારતના ગામડાઓ અને દૂરના વિસ્તારોમાં ઇન્ટરનેટ પહોંચાડશે :મસ્કે કહ્યું- 11 હજાર ગામમાં 4G નથી, સ્ટારલિંકે ભારતમાં ફરી અરજી કરી

**નવી દિલ્હી, તા.21**




ઈલોન મસ્કે ભારતમાં તેની સેટેલાઈટ ઈન્ટરનેટ સેવા 'સ્ટારલિંક' માટે જોરદાર હિમાયત કરી છે. તેમણે કહ્યું છે કે સ્ટારલિંક દ્વારા ભારતના તે દૂરના અને ગ્રામીણ વિસ્તારો સુધી ઈન્ટરનેટ પહોંચાડી શકાય છે, જ્યાં હજુ પણ કનેક્ટિવિટીની મોટી સમસ્યા છે. ઈલોન મસ્કે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X (પહેલા ટ્વિટર) પર 'DogeDesigner'ની એક પોસ્ટને રીશેર કરતા આ વાત કહી. તેમણે લખ્યું, 'સ્ટારલિંક ભારતમાં સૌથી ઓછી સુવિધા મેળવતા લોકો, ખાસ કરીને ગ્રામીણ વિસ્તારોને મદદ કરશે.' ભારતમાં 11 હજારથી વધુ ગામોમાં 4G નેટવર્ક નથી, DogeDesignerની પોસ્ટ મુજબ, મે મહિના સુધી ભારતના 11,000થી વધુ લિસ્ટેડ ગામોમાં 4G નેટવર્કની પહોંચ નહોતી.

આંકડાઓ અનુસાર, માર્ચ 2026 સુધી ભારતમાં કુલ 1.093 અબજ (109.3 કરોડ) ઈન્ટરનેટ સબ્સ્ક્રિપ્શન હતા. તેમાંથી ગ્રામીણ વિસ્તારોમાં 44.87 કરોડ (440.87 મિલિયન) સબ્સ્ક્રાઈબર્સ હતા. શહેરી અને ગ્રામીણ ઈન્ટરનેટ ડેન્સિટીમાં મોટો તફાવત

દેશમાં શહેરી અને ગ્રામીણ ઈન્ટરનેટ ડેન્સિટીમાં મોટો તફાવત જોવા મળે છે. આંકડાઓ મુજબ

ગ્રામીણ ઈન્ટરનેટ ડેન્સિટી: દર 100 લોકોએ માત્ર 48.31 કનેક્શન છે. શહેરી ઈન્ટરનેટ ડેન્સિટી: દર 100 લોકોએ 126.80 કનેક્શન ઉપલબ્ધ છે. ભારતનેટનું કામ ચાલુ, પરંતુ પોઈન્ટ્સ ઓફ પ્રેઝન્સ ઓછા, સરકારી યોજના ભારતનેટ હેઠળ દેશભરમાં 8.5 લાખ રૂટ-કિલોમીટરથી વધુ ફાઈબર બિછાવવામાં આવ્યું છે. આના દ્વારા લગભગ 2,21,000 ગ્રામ પંચાયતો (GPs) ને સર્વિસ-રેડી બનાવવામાં આવી છે. જોકે, જૂન 2026 સુધીમાં માત્ર 80,472 ગ્રામ પંચાયતોમાં જ 'પોઈન્ટ્સ ઓફ પ્રેઝન્સ' (PoP) કાર્યરત થઈ શક્યા હતા. મુશ્કેલ વિસ્તારોમાં સ્ટારલિંક કેવી રીતે કામ કરશે?

મસ્કની પોસ્ટમાં કહેવામાં આવ્યું હતું કે સ્ટારલિંક એવી જગ્યાઓ પર કનેક્ટિવિટી આપી શકે છે જ્યાં મુશ્કેલ પહાડી વિસ્તારો, ઓછો કોમર્શિયલ ફાયદો અને ઈન્ફ્રાસ્ટ્રક્ચરનો અભાવ અવરોધરૂપ બને છે. આ ટેકનોલોજી

દૂરના ગામડાઓ, પહાડી વિસ્તારો, ટાપુઓ અને આપત્તિગ્રસ્ત વિસ્તારોમાં કનેક્ટિવિટી આપી શકે છે. ડાયરેક્ટ-ટુ-ડિવાઈસ કનેક્ટિવિટી દ્વારા મોબાઈલ ફોનને પરંપરાગત ટાવર કવરેજ વિના પણ નેટવર્ક સાથે જોડી રાખી શકે છે. આ જ કારણોસર માગ કરવામાં આવી છે કે ભારત સરકારે બાકી રહેલી મંજૂરીઓ પૂર્ણ કરીને સ્પેક્ટ્રમ ફાળવવું જોઈએ અને વહેલી તકે સ્ટારલિંકના કોમર્શિયલ લોન્ચનો માર્ગ મોકળો કરવો જોઈએ. સરકાર સાથે વાતચીત ચાલુ, મંજૂરી અટકવાના અહેવાલોનું ખંડન, સ્ટારલિંક ભારતમાં તેની સેટેલાઈટ બ્રોડબેન્ડ સેવાઓ શરૂ કરવાનો પ્રયાસ કરી રહ્યું છે, જ્યારે સરકાર સેટેલાઈટ સ્પેક્ટ્રમ ફાળવણી અને સેવાઓ માટે રેગ્યુલેટરી ફ્રેમવર્ક તૈયાર કરી રહી છે. તાજેતરમાં મીડિયા રિપોર્ટ્સમાં દાવો કરવામાં આવ્યો હતો કે ભારતે સુરક્ષા અને ભૌગોલિક રાજકીય ચિંતાઓને કારણે (જેમ કે ઈરાન સંઘર્ષ દરમિયાન સ્ટારલિંક ટર્મિનલનો ઉપયોગ) મંજૂરીની પ્રક્રિયા પર રોક લગાવી દીધી છે. સુરક્ષા એજન્સીઓને ડર હતો કે ભૌગોલિક રાજકીય તણાવના સમયે કોઈ અમેરિકન ઓપરેટરને નિયંત્રિત કરવું મુશ્કેલ બનશે. સ્ટારલિંક વીપીએ કહ્યું- ભારત સરકાર સાથે ફળદાયી ચર્ચા ચાલુ, સ્ટારલિંક બિઝનેસ ઓપરેશન્સના વાઈસ પ્રેસિડેન્ટ લોરેન ડ્રેયરે આ દાવાઓને નકારી કાઢ્યા છે. તેમણે સ્પષ્ટ કર્યું કે કંપની ભારત સરકાર સાથે સતત અને સકારાત્મક વાતચીત કરી રહી છે. ડ્રેયરે કહ્યું, 'અનામી સૂત્રો દ્વારા આવી રહેલા ભ્રામક સમાચારોથી વિપરીત, સ્ટારલિંક ભારત સરકાર સાથે સક્રિય અને ફળદાયી વાતચીત કરી રહ્યું છે.' શું હોય છે સેટેલાઈટ ઈન્ટરનેટ અને તે ટાવરથી અલગ કેવી રીતે છે?, કેવી રીતે કામ કરે છે: સેટેલાઈટ ઈન્ટરનેટ (જેમ કે સ્ટારલિંક) જમીન પર મોબાઈલ ટાવર લગાવવાને બદલે અવકાશમાં હાજર લો-અર્થ ઓર્બિટ (LEO) સેટેલાઈટ્સથી સીધા સિગ્નલ મોકલે છે. ફાયદો: આના માટે જંગલ, પહાડ કે સમુદ્રમાં ટાવર બિછાવવાની જરૂર નથી હોતી. ડિશ/ટર્મિનલ કે ડાયરેક્ટ-ટુ-ડિવાઈસ ટેકનોલોજીથી ફોન સીધા સેટેલાઈટથી જોડાઈને ઈન્ટરનેટ ચલાવી શકે છે.

# TCS પર કર્મચારી મોનિટરિંગનો આરોપ: કંપનીએ કહ્યું- માત્ર સિસ્ટમના પરફોર્મન્સ ટ્રેક કરી રહ્યા છીએ, મેટા પણ કીસ્ટ્રોક્સ રેકોર્ડ કરવા બદલ ઘેરાઈ હતી

**મુંબઈ, તા.21**




કર્મચારીઓના મોનિટરિંગને લઈને દેશની સૌથી મોટી IT કંપની ટાટા કન્સલ્ટન્સી સર્વિસિસ (TCS) વિવાદોમાં આવી ગઈ છે. રિપોર્ટ અનુસાર, કંપની તેના કર્મચારીઓના લેપટોપ અને વર્કસ્ટેશન પર મોનિટરિંગ ટૂલ્સનો ઉપયોગ કરી રહી છે.

જોકે, TCSનું કહેવું છે કે આ ટૂલ્સનો હેતુ કોઈ કર્મચારીની વ્યક્તિગત ગતિવિધિઓ પર નજર રાખવાનો નથી, પરંતુ સમગ્ર નેટવર્કની ઓવરઓલ પરફોર્મન્સ અને સિસ્ટમ સિક્યોરિટીને સુધારવાનો છે. વિવાદ ત્યારે શરૂ થાય છે જ્યારે આ ટૂલ્સ સિસ્ટમ-લેવલની માહિતીથી આગળ વધીને કોઈ કર્મચારીના અંગત કામ અને પ્રવૃત્તિઓનો વિગતવાર રેકોર્ડ રાખવાનું શરૂ કરે છે.

મની કંટ્રોલના એક રિપોર્ટમાં દાવો કર્યો હતો કે TCSના ટૂલ્સને એપ્લિકેશન-લેવલ સુધીની વિઝિબિલિટી પ્રાપ્ત છે.

જ્યારે બીજી તરફ TCSએ તેના સત્તાવાર નિવેદનમાં સ્પષ્ટ કર્યું છે કે તેમની દેખરેખ માત્ર મેક્રો-લેવલ પર નેટવર્ક પર્ફોર્મન્સ સુધી જ મર્યાદિત છે અને તેઓ વ્યક્તિગત કર્મચારીની પ્રવૃત્તિઓને ટ્રેક કરતા નથી. કાર્યસ્થળ પર કર્મચારીઓની દેખરેખ એટલે કે વર્કપ્લેસ મોનિટરિંગનો આ મુદ્દો ફક્ત TCS પૂરતો મર્યાદિત નથી. ગ્લોબલ ટેક ઈન્ડસ્ટ્રીમાં પહેલા પણ આવા કિસ્સાઓ સામે આવી ચૂક્યા છે. દિગ્ગજ ટેક કંપની મેટાને પણ તેના એક AI-સંબંધિત પ્રોજેક્ટ દરમિયાન ટીકાનો સામનો કરવો પડ્યો હતો. મેટાએ એક એવી સિસ્ટમ રજૂ કરી હતી જે કર્મચારીઓના કી-સ્ટ્રોક્સ અને માઉસ એક્ટિવિટીનો ડેટા એકત્રિત કરી શકતી હતી. બાદમાં ભારે વિરોધને કારણે મેટાને કર્મચારીઓ માટે ડેટા કલેક્શન રોકવા અને છૂટ માંગવાનો વિકલ્પ આપવો પડ્યો હતો. કર્મચારીઓના મોનિટરિંગનો આ મુદ્દો જુદા જુદા દેશોમાં કાનૂની તપાસના દાયરામાં પણ આવી ચૂક્યો છે. જુદા જુદા અધિકારક્ષેત્રો અને દેશોમાં એમ્પ્લોયી મોનિટરિંગને લઈને નિયમો અને કડક કાયદાઓ ઘણા અલગ અલગ છે. હાલમાં આ સમગ્ર મામલામાં સૌથી મોટો મુદ્દો એ જ રહ્યો છે કે TCSના ટૂલ્સ તકનીકી રીતે કઈ કઈ માહિતી સુધી પહોંચી શકે છે અને વાસ્તવિક રૂપમાં તે ડેટાનો ઉપયોગ કઈ રીતે કરવામાં આવી રહ્યો છે.

મેક્રો-લેવલ મોનિટરિંગ: આમાં ફક્ત એ જોવામાં આવે છે કે નેટવર્ક પર કેટલો લોડ છે, ઈન્ટરનેટ સ્પીડ કેવી મળી રહી છે અને કોઈ સાયબર હુમલો કે ટેકનિકલ ખામી તો નથી ને. આમાં કોઈ વ્યક્તિની ખાનગી ફાઈલ કે એક્ટિવિટી સાથે કોઈ સંબંધ નથી હોતો. એમ્પ્લોયી-લેવલ મોનિટરિંગ: આમાં કર્મચારીએ કઈ વેબસાઈટ ખોલી, કીબોર્ડ પર શું ટાઈપ કર્યું (કીસ્ટ્રોક્સ), માઉસ કેટલી વાર હલાવ્યું અને કઈ એપ્લિકેશન પર કેટલો સમય વિતાવ્યો, તેની વિગતવાર ટ્રેકિંગ કરવામાં આવે છે.

# વધુ એક નકલી દારૂનું રેકેટ ઝડપાયું, ડિફેન્સના નામે કેમિકલ ભેળવતા

■ સસ્તા દારૂમાં કેમિકલ-ફ્લેવર ભેળવી 100 Pipers બ્રાન્ડના સ્ટીકર લગાવતા, અમદાવાદમાં શંકાસ્પદ પ્રવાહી-ખાલી બોટલો જપ્ત



**અમદાવાદ, તા.21**

ભાવનગર લઠ્ઠાકાંડમાં નકલી ઇંગ્લિશ દારૂ પીવાથી 9ના મોત નિપજ્યા છે ત્યાં અમદાવાદના નિકોલમાં ડિફેન્સના નામે સસ્તી બ્રાન્ડનો દારૂ બોટલોમાં ભરી કેમિકલ અને ફ્લેવર ભેળવી મોંઘી બ્રાન્ડની દારૂના સ્ટીકર લગાવી નકલી વિદેશી દારૂ વેચવાના કૌભાંડનો નિકોલ અને SMC પોલીસે પર્દાફાશ કર્યો છે. જેમાં એક આરોપીને ઝડપી પાડ્યો છે, જ્યારે બે ફરાર છે.

નિકોલ પોલીસ સ્ટેશનની સર્વેલન્સ સ્ક્વોડના પોલીસ કર્મચારીઓને સ્ટેટ મોનિટરિંગ સેલ તરફથી બાતમી મળી હતી કે અટલ આવાસ યોજનાના ગેટ પાસે સુનિલ માખીજા અને દિનેશ જંડાવાલા નામના શખ્સો ભેગા મળી બનાવટી અંગ્રેજી દારૂ તૈયાર કરી છૂટકમાં વેચાણ કરે છે. SMC અને સ્થાનિક પોલીસે રેડ પાડી જ્યુપિટર પાસે ઉભેલા સુનિલ ઉર્ફે સોનુ રમેશભાઈ માખીજાને ઝડપી લીધો હતો. બાદમા ડેકીમાંથી એક દારૂની બોટલ મળી આવી હતી.

ઉપરાંત આરોપી પાસેથી રૂ.5,000ની કિંમતનો એન્ડ્રોઈડ મોબાઈલ ફોન મળી આવ્યો હતો. જે પોલીસે કબ્જે કરીને તપાસ દરમિયાન દિનેશ જંડાવાલાના કુબેરનગર સ્થિત ઘરેથી શંકાસ્પદ પ્રવાહી ભરેલી ચાર બોટલો, પ્લાસ્ટિકની ચાર બોટલો અને એક આધારકાર્ડ મળી આવ્યું હતું. જ્યારે પોલીસે કુલ રૂ. 9500 મુદ્દામાલ કબ્જે કર્યો છે.

આરોપીઓની પૂછપરછ કરતા સસ્તી બ્રાન્ડનો દારૂ બોટલોમાં ભરી તેમાં અલગ-અલગ કેમિકલ તથા ફ્લેવર ભેળવી મોંઘી બ્રાન્ડની દારૂના બનાવટી સ્ટીકર અને ડિફેન્સનો દારૂ હોવાનું બતાવવા તેનો સિમ્બોલ લગાવી વેચતા હતા. જ્યારે દિનેશ ચામુંડા બ્રિજ પાસે ભંગારની દુકાન ધરાવતા શખ્સ પાસેથી ખાલી બોટલો અને બ્રાન્ડેડ સ્ટીકર અને તેની પર લગાવવાના સીલ લાવતો હતો. આ અંગે નિકોલ પોલીસે ત્રણેય સામે ગુનો નોંધીને સુનિલની ધરપકડ કરી ફરાર બે આરોપીની શોધખોળ શરૂ કરી છે. એસીપી કૃણાલ દેસાઈએ જણાવ્યું હતું કે, આરોપીનું ઘર ચેક કરતા અલગ અલગ બ્રાન્ડની 8 બોટલ મળી છે. જે આરોપી પકડાયો છે એની પાસેથી કબજે કરવામાં આવેલી બોટલ ઉપર 'For Defence Only' એવું લખેલું છે. એ માટેના સ્ટિકરને એ બધું કોઈ ભંગારવાળા પાસેથી લાવવમાં આવતા. આરોપી દિનેશ સામે અગાઉ કેટલાક ગુના પણ દાખલ થયેલા છે. સુનીલ મખીજા છે એ 100-200 રૂપિયાનો ગાળો રાખી બોટલ વેચી મારતો હતો.

આ કેસમાં ઝડપાયેલા આરોપી સુનિલ માખીજાના 24 ઓગસ્ટ, બપોરે 01 વાગ્યા સુધીના રિમાન્ડ અમદાવાદ ગ્રામ્ય કોર્ટે મંજૂર કર્યાં છે. સરકારી વકીલ તુષાર.એલ. બારોટે 5 દિવસના રિમાન્ડની માંગ કરી હતી. આરોપીઓએ અન્ય કોઈ જગ્યાએ નકલી દારૂ સંતાડ્યો છે કે કેમ, નકલી દારૂ બનાવવાનું મટીરીયલ ક્યાંથી લાવતા હતા, દારૂની હેરાફેરીમાં કયા વાહનોનો ઉપયોગ થતો હતો, આ ગુનાહિત કામમાં અન્ય કોઈ આરોપી સંડોવાયેલા છે કે કેમ સહિતના મુદ્દે તપાસ કરાશે. આરોપી વિરૂદ્ધ BNS-338, 339, 340(2) અને પ્રોહેબિશન એક્ટની 67(1A) કલમનો ઉમેરો કરવામાં આવ્યો છે.

# રાજસ્થાનથી એનાલોગ પનીર લાવી અમદાવાદમાં સસ્તા ભાવે વેચવાનું કૌભાંડ

બે લક્ઝરી બસમાંથી 408 કિલો જથ્થો જપ્ત, ₹450 MRP હતીને 240ના ભાવે બે વ્યક્તિ લેવા આવ્યા હતા



**અમદાવાદ, તા.21**

ગુજરાતમાં 16 દિવસ પહેલા જ રાજ્ય સરકારે એનાલોગ પનીરના વેચાણ પર સંપૂર્ણ પ્રતિબંધ લગાવી દીધો છે. ત્યારે દેશના અન્ય રાજ્યમાંથી અમદાવાદમાં લો ફેટનું એનાલોગ પનીર લાવીને સસ્તા ભાવે વેચવાના કૌભાંડનો પર્દાફાશ થયો છે. AMCના ફૂડ વિભાગે કાંકરિયા દેડકી ગાર્ડન નજીક કોર્પોરેશનના પે એન્ડ પાર્કિંગ પ્લોટમાં બે લક્ઝરી બસમાં આજે 21 ઑગસ્ટે વહેલી સવારે દરોડો પાડ્યો હતો. જેમાં 408 કિલો લો ફેટ પનીરનો જથ્થો ઝડપીને સીઝ કર્યો છે. લક્ઝરી બસમાં રાજસ્થાનથી આ જથ્થો લાવવામાં આવ્યો હતો. જેમાં પ્રતિ કિલોની MRP 450 રુપિયા લખેલી હતી અને બે વ્યક્તિ 240 રુપિયાના ભાવે આ જથ્થો લેવા આવ્યા હતા.

મ્યુનિસિપલ કોર્પોરેશનના ફૂડ વિભાગના અધિકારી ડો.તેજસ શાહે જણાવ્યું હતું કે, દેશના અન્ય રાજ્યમાંથી અમદાવાદ શહેરમાં લક્ઝરી મારફતે પનીરનો જથ્થો લાવવામાં આવી રહ્યો છે. જેના આધારે આજે અરુણાચલ પ્રદેશના સિમ્બોલ વાળી બે લક્ઝરી બસમાં તપાસ કરવામાં આવી હતી. જેમાં લો ફેટ પનીરનો જથ્થો મળી આવ્યો હતો. આ જથ્થાને નરોડા અને મણીનગર વિસ્તારના બે લોકો પ્રતિ કિલો 240ના ભાવે ખરીદવા માટે આવ્યા હતા.

લક્ઝરી બસના લોકો દ્વારા લો ફેટ પનીરનો જથ્થો લાવવામાં આવતો હતો. જેમાં MRP 400થી 450 લખેલી હતી. રાજસ્થાનના જોધપુરના પ્રતાપનગરમાં ભોલેનાથ મિલ્ક પ્રોડક્ટ અને પાલી ખાતે સરદાર સમંદ રોડ પર RICCO 4th ફેઝમાં આવેલી વેરાઈટી પ્રોડક્ટ નામની મેન્યુફેક્ચરિંગ યુનિટમાંથી પનીરનો જથ્થો લક્ઝરી બસમાં અમદાવાદ લાવ્યા હતા. જે નરોડા અને મણીનગરના બે વેપારીઓને આપવાના હતા અને તેઓ પણ વિવિધ જગ્યાએ છૂટકમાં પનીર વેચવાના હોવાનું તપાસમાં બહાર આવ્યું છે. જો કે ફૂડ વિભાગ દ્વારા આ પનીરનો જથ્થો લેબોરેટરીમાં તપાસ માટે મોકલી આપવામાં આવ્યો છે. સેમ્પલના પરિણામ આવ્યા પછી મેન્યુફેક્ચરિંગ યુનિટ અને લાવવામાં આવનાર તેમજ ખરીદનાર તમામ લોકો સામે તપાસ કરી કાર્યવાહી કરવામાં આવશે.

એનાલોગ પનીર અને ચીઝ પર પ્રતિબંધના કારણે અમદાવાદના કેટરર્સ એસોસિએશનની બેઠક પણ યોજાઈ હતી. જેમાં 300 કેટરર્સ હાજર રહ્યા છે. બેઠકમાં ગ્રાહકોને ગુણવત્તાયુક્ત વસ્તુઓ જ પીરસવા નિર્ણય લેવાયો છે. જેની સીધી અસર પ્રસંગની ડિશના ભાવ પર પડવાની છે. કેટરર્સ દ્વારા ડિશ દીઠ અંદાજે 50થી 200 સુધીનો ભાવવધારો કરાશે. પનીર, બટર, આઈસક્રીમ અને મીઠાઈ જેવી વાનગીઓમાં અસલી દૂધની વસ્તુઓનો ઉપયોગ કરવાથી ખર્ચ વધશે.

આ બેઠકમાં નક્કી કરાયું છે કે, હવેથી પ્રસંગોમાં પીરસાતા ભોજનમાં માત્ર અને માત્ર શુદ્ધ અને અસલી સામગ્રીનો જ ઉપયોગ કરવામાં આવશે. આ નિર્ણય સ્વાસ્થ્ય માટે આવકારદાયક છે પરંતુ તેની સીધી અસર લોકોના ખિસ્સા પર પડશે. જે પરિવારોએ અગાઉથી બજેટ નક્કી કરી રાખ્યા હશે તેમના માટે આ અણધાર્યો ખર્ચ મુશ્કેલી ઊભી કરી શકે છે. જો કે એસોસિએશનનું માનવું છે કે સ્વાસ્થ્ય સાથે ચેડાં કરવા કરતાં થોડો વધુ ખર્ચ કરવો બહેતર છે.

# વૃદ્ધ ગાર્ડ પર શખસની લાફાવાળી: કૃષ્ણનગરમાં સોસાયટી બહાર ગાડી ચાલકને પાર્કિંગ બાબતે કહેતા માર માર્યો, અરજીના આધારે તપાસ....



**અમદાવાદ, તા.21**

શહેરના કૃષ્ણનગર વિસ્તારમાં બાપા સીતારામ ચોક પાસે અવની હોમ્સ સોસાયટી પાસે ચોંકાવનારી ઘટના બની હતી. સોસાયટીના સિક્યુરિટી ગાર્ડ દ્વારા બહાર નીકળતા રોડ નજીક ગાડી ઉભી રાખવામાં આવી હતી જેથી થોડી દૂર ઊભી રાખવા વાત કરતા ગાડીમાંથી ઉતરેલા બે શખ્સ દ્વારા સિક્યુરિટી ગાર્ડ સાથે બોલાચાલી કરવામાં આવી હતી અને એક શખ્સે વૃદ્ધ ગાર્ડને લાફા મારી દીધા હતા.

સિક્યુરિટી ગાર્ડ સાથે મારામારી કરવામાં આવતા તેની સાથે આવેલા શખસે અને સોસાયટીના માણસોએ વચ્ચે પડી અને છોડાવ્યા હતા. વૃદ્ધ ગાર્ડને માર મારવાના CCTV ફૂટેજ પણ સોશિયલ મીડિયામાં વાયરલ થયા છે.

સમગ્ર મામલે કૃષ્ણનગર પોલીસ સ્ટેશનમાં આ મામલે અરજી લઈ કાર્યવાહી કરવામાં આવી છે. કૃષ્ણનગર પોલીસ સ્ટેશનના પી. આઈ.વી.એચ જોષીએ જણાવ્યું હતું કે, આ મામલે અરજી આપવામાં આવી છે. સામાન્ય મારામારી હોવાથી અરજી મામલે તપાસ કરી કાર્યવાહી કરીશું.

# એલ.ડી. એન્જિનિયરિંગ કોલેજમાં વિદ્યાર્થીને લાફા મારનાર પ્રોફેસરની મોડાસા બદલી....

અઢી મહિનાની તપાસ બાદ સરકારની છબી ખરડાઈ હોવાનું શિક્ષણ વિભાગને ધ્યાને આવ્યું



**અમદાવાદ, તા.21**

ગુજરાત ટેક્નોલોજિકલ યુનિવર્સિટી (GTU)ની થિયરી પરીક્ષા દરમિયાન એલ.ડી. એન્જિનિયરિંગ કોલેજમાં વિદ્યાર્થીને લાફો મારવાના ચર્ચિત કિસ્સામાં ટેક્નિકલ શિક્ષણ વિભાગ દ્વારા કડક કાર્યવાહી કરવામાં આવી છે. સમગ્ર ઘટનાના તથ્યો અને તપાસ રિપોર્ટના આધારે વિભાગે ફેકલ્ટી સુપરવાઈઝર પ્રોફેસર ડી.એસ. પટેલની મોડાસા ખાતે તાત્કાલિક મોડાસા બદલી કરી દીધી છે.

ગત 2 જૂનના રોજ એલ.ડી. એન્જિનિયરિંગ કોલેજમાં પરીક્ષા પૂર્ણ થયા બાદ ઉત્તરવહી પરત જમા કરાવવા બાબતે વિદ્યાર્થી અને ફેકલ્ટી સુપરવાઈઝર ડી.એસ. પટેલ વચ્ચે બોલાચાલી થઈ હતી. આ બાબતે ઉશ્કેરાઈ જઈને સુપરવાઈઝરે વિદ્યાર્થીને બે લાફા ઝીંકી દીધા હતા. આ સમગ્ર ઘટના પરીક્ષા કેન્દ્રમાં મુકેલા CCTV કેમેરામાં કેદ થઈ ગઈ હતી.

ઘટના બાદ પીડિત વિદ્યાર્થીએ કોલેજના પ્રિન્સિપાલ, ટેક્નિકલ શિક્ષણ વિભાગ તેમજ UGCમાં લેખિત ફરિયાદ કરી સુપરવાઈઝર સામે પગલાં લેવા માગ કરી હતી. એલ.ડી. એન્જિનિયરિંગ કોલેજે બંને પક્ષોને સાંભળીને તૈયાર કરેલો તપાસ રિપોર્ટ ટેક્નિકલ શિક્ષણ વિભાગને સોંપ્યો હતો. સુપરવાઈઝર વર્ગ 1 અને 2ના અધિકારી હોવાથી કોલેજ કક્ષાએથી સીધી કાર્યવાહી શક્ય ન હતી. અંતે અઢી મહિનાની તપાસ બાદ સરકારની છબી ખરડાઈ હોવાનું ધ્યાને લઈ શિક્ષણ વિભાગે પ્રોફેસરની મોડાસા ખાતે ટ્રાન્સફર કરી દીધી છે.

# અમદાવાદમાં ઝરમર વરસાદ: રાજ્યમાં સાયક્લોનિક સર્ક્યુલેશન અને વરસાદી સિસ્ટમ સક્રિય, સાત દિવસ હળવા વરસાદની આગાહી



**અમદાવાદ, તા.21**

હાલમાં રાજ્ય પર ચાર વરસાદી સિસ્ટમ સક્રિય છે, જેમાં મોન્સૂન ટ્રફ, લો પ્રેશર એરિયા અને સાયક્લોનિક સર્ક્યુલેશનનો સમાવેશ થાય છે. આ સિસ્ટમની અસરના કારણે આગામી સાત દિવસ અમદાવાદ સહિત ગુજરાતમાં હળવાથી મધ્યમ વરસાદ રહી શકે છે. જોકે, સારા વરસાદ માટે હજુ રાહ જોવી પડશે.

21 ઑગસ્ટે આગામી ત્રણ કલાક એટલે કે સાંજે 4થી 7 વાગ્યા સુધીમાં ભારે વરસાદને પગલે યલો એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. જેમાં મોરબી, જામનગર, પોરબંદર, બનાસકાંઠા, રાજકોટ, સુરેન્દ્રનગર, બોટાદ, ભાવનગર, અમરેલી, જૂનાગઢ, ગીર સોમનાથ, દીવ, વલસાડ, દમણ અને દાદરા નગર હવેલી, ડાંગ, નવસારી, તાપી, સુરત, ભરૂચ, નર્મદા, છોટાઉદેપુર, વડોદરા, દાહોદ, પંચમહાલ, આણંદ, ખેડા, અમદાવાદ, ગાંધીનગર, પાટણ, મહેસાણા, સાબરકાંઠા, અરવલ્લી અને મહીસાગર જિલ્લામાં ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે.

અમદાવાદના એસ.જી. હાઈવે, ગોતા, ચાંદલોડિયા, સોલા, સાયન્સ સિટી, એસ.પી. રિંગ રોડ,સહિતના વિસ્તારમાં કાળા ડિબાગ વાદળો વચ્ચે વરસાદી ઝાપટાં પડતાં વાતાવરણમાં ઠંડક પ્રસરી ગઈ છે. અમદાવાદમાં સીઝનમાં અત્યાર સુધી અમદાવાદમાં 593.1 મિમી વરસાદ નોંધાયો છે, જે સામાન્ય કરતાં 55.1 મિમી વધુ છે. ગઈકાલે શહેરમાં મહત્તમ તાપમાન 33.5 ડિગ્રી અને લઘુત્તમ તાપમાન 26.9 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું છે.

વરસાદના આંકડાની વાત કરીએ તો, 1 જૂનથી 21 ઓગસ્ટ સુધી ગુજરાતમાં 511 મિમી વરસાદ નોંધાયો છે. રાજ્યમાં આ સમયગાળા દરમિયાન સામાન્ય રીતે 530 મિમી વરસાદ થવો જોઈએ. એટલે કે ગુજરાતમાં હાલ 4 ટકા વરસાદની ઘટ નોંધાઈ રહી છે. હવામાન વિભાગનું માનવું છે કે, આગામી દિવસોમાં વરસાદ થતાં વરસાદની ઘટ ઓછી થશે.

# UPSC પ્રિલિમમાં ક્વોલિફાઇ ઉમેદવારોની મેઈન્સની પરીક્ષા

ઓળખ-એડમિન કાર્ડના વેરિફિકેશન બાદ સેન્ટરમાં પ્રવેશ, કોઈ ગેરરીતિ ન થાય તે માટે સુરક્ષા વ્યવસ્થા, આજથી 30 ઓગસ્ટ સુધી પરીક્ષા

**અમદાવાદ, તા.21**

યુનિયન પબ્લિક સર્વિસ કમિશન (UPSC) સિવિલ સર્વિસીસની પ્રિલિમનરી પરીક્ષા 24 મે 2026ના રોજ યોજાઈ હતી, જેમાં ક્વોલિફાય થયેલા ઉમેરવારો આજથી મેઈન્સ પરીક્ષા આપી રહ્યા છે. અમદાવાદ સહિત દેશભરમાં 27 શહેરમાં પરીક્ષાનું આયોજન કરવામાં આવ્યું છે. આજથી શરૂ થયેલી મેઈન્સ પરીક્ષા આગામી 30 ઓગસ્ટ સુધી ચાલવાની છે. પરીક્ષામાં કોઈ ગેરરીતિ ન થાય તે માટે પોલીસ તંત્ર અને વહીવટી તંત્ર દ્વારા કડક સુરક્ષા વ્યવસ્થા કરવામાં આવી છે. દેશભરમાં 13 હજારથી વધુ ઉમેદવાર UPSC મેઈન્સની પરીક્ષા આપી રહ્યા છે. અમદાવાદના એલ.ડી એન્જિનિયરિંગ કોલેજ ખાતે પરીક્ષા સેન્ટર પર વહેલી સવારથી જ ઉમેદવારો પહોંચી ગયા હતા. પરીક્ષા કેન્દ્ર પર ઉમેદવારોને પ્રવેશ આપતા પહેલાં એડમિટ કાર્ડ અને ફોટો ઓળખપત્રની ચકાસણી કરવામાં આવી હતી. ઉમેદવારની ઓળખ અને એડમિટ કાર્ડમાં દર્શાવેલી વિગતોનું વેરિફિકેશન કર્યા બાદ જ પરીક્ષા હોલમાં પ્રવેશ આપવામાં આવ્યો હતો. ઉમેદવારોની ફેસ ઓથેન્ટિકેશન, ઓળખ ચકાસણી અને ફ્રિસ્કિંગ કર્યાં બાદ જ પ્રવેશ આપવામાં આવ્યો હતો. સવારે 9થી 12 વાગ્યા સુધી નિબંધનાની પરીક્ષા યોજાઈ છે. જે 250 માર્ક્સનું છે. 22 ઓગસ્ટે જનરલ સ્ટડીના અને GS-2, જ્યારે 23 ઓગસ્ટે GS-3 અને GS-4 લેવામાં આવશે. દરેક GS પેપર 250 માર્ક્સનું છે. 29 ઓગસ્ટે ભારતીય ભાષા અને Englishના ક્વોલિફાઈંગ પેપર યોજાશે. બંને પેપર 300-300 માર્ક્સના છે, પરંતુ તેમના માર્ક્સ મેરિટમાં ગણાતા નથી. 30 ઓગસ્ટે ઉમેદવારોના પસંદ કરેલા Optional Subjectના બે પેપર લેવાશે, જેમાં દરેક 250 માર્ક્સનું હશે. આમ, મેઈન્સની મેરિટ માટે કુલ 1,750 માર્ક્સ ગણાશે. ત્યારબાદ 275 માર્ક્સનો Personality Test/ Interview યોજાશે અને અંતિમ પસંદગી માટે કુલ 2,025 માર્ક્સ ગણાશે. સુરતથી આવેલા ઉમેદવાર અપૂર્વ ચૌહાણે જણાવ્યું હતું કે, UPSCની ત્રીજી વખત પરીક્ષા આપી રહ્યો છે. જો કે મેઈન્સની પહેલી વખત છે. ત્રણ વર્ષથી પરીક્ષાની તૈયારી કરી રહ્યો છું કોલેજની સાથે પરીક્ષાની તૈયારી શરૂ કરી દીધી હતી. પહેલી બે વખત પ્રિલિમ પરીક્ષા પાસ કરી શક્યો ન હતો. કરંટ અફેર્સ વીક હોવાના કારણે પ્રિલીમ પાસ કરી શક્યો ન હતો જેથી બીજી વખત તેમાં વધુ મહેનત કરી હતી. આજે નિબંધનું પેપર છે જેમાં બે નિબંધ લખવાના હોય છે. મોરબીથી આવેલા હિનેશ સરવૈયાએ જણાવ્યું હતું કે, હું છેલ્લા 5 વર્ષથી મેઈન્સની પરીક્ષાની તૈયારી કરી રહ્યો છું. જેથી આજે ત્રીજી વખત મેઈન્સની પરીક્ષા આપી રહ્યો છું. પરીક્ષાને લઈ તૈયારીઓ ખૂબ સારી કરી છે. નિબંધમાં માર્ક્સ ઓછા આવવાથી 10થી 15 માર્ક્સ માટે ઈન્ટરવ્યૂ માટે ક્વોલિફાય થઈ શક્યો ન હતો એટલે આ વખતે વધુ ફોકસ કર્યું છે.




ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત આપે છે તક...

બનો સોશિયલ જર્નાલિસ્ટ

આપના વિસ્તારની સમસ્યાઓ, રસ્તા, પાણી, ગટર, લાઈટ વગેરેના પ્રશ્નો, રોજિંદી ઘટનાઓ, સામાજિક પ્રસંગો તેમજ આપની આસપાસ કંઈક વિશેષ કે નવું બની રહ્યું હોય તો તેની વિગતો, શૈક્ષણિક સંસ્થાઓ, NGO સહિતની સેવાભાવી સંસ્થાઓ પણ ફોટોગ્રાફ્સ સાથે કાર્યક્રમની વિગતો અમને મોકલી આપો.

વોટ્સએપ નંબર - 8980070599

MAMTA SOLUTION

House Keeping નો કોન્ટ્રાક્ટ લેવામાં આવે છે,
House Keeping સપ્લાય કરીએ છીએ.

⇨ લેબર કોન્ટ્રાક્ટ કરીએ છીએ
⇨ લેબર જોતા હોય તો કોલ કરો
⇨ કોઈ પણ કંપનીને લેબરની જરૂરીયાત હોય તો કોલ કરો.

લેબર (લેડીઝ/જેન્ટસ) છોકરાઓને તમામ પ્રકારની સુવિધા આપવામાં આવે છે.

લેબરને તમામ પ્રકારની ફેસીલીટી આપવામાં આવે છે, જેવી કે મેડીકલ/ ખાવા-પીવાનું/રહેવાનું આપવામાં આવે છે.

88 66 21 7393



જાનકી ટ્રેડર્સ

FinOlex PIPES

NILKANTH STEEL

JK SUPER CEMENT BUILD SAFE



નેહલ મહેતા M :- 97261 06200 nehalmehta81.nm@gmail.com

સીમેન્ટ, ટીએમટી લોખંડ, ઍંગલ, પાઈપ્સ, પતરા વગેરે દરેક જાતનું બીલ્ડીંગ મટીરીયલ્સ અમારા ત્યા વ્યાજબી ભાવે મળશે... અવશ્ય મુલાકાત લો....

ગજા સિનેમા પાસે, પ્રતાપપુરા, ઉખરેલી રોડ, સંતરામપુર, જિલ્લા-મહિસાગર